॥ શ્રીઃ ॥

ભક્તાં વીરેઇ

બનાવનાર.

નારણશંકર સુંદરરામ [illegible] ની ભટ

પ્રકટ કરનાર

[illegible]ગનલાલ [illegible] ગોવનદાશ પાટવાલા

શ્રી. [illegible] સાહેબની. [illegible] શંકરસભાજની

કાયબાર [illegible] મુખ



[illegible]

નામ [illegible] મેપાડના, [illegible] ગ્ર[illegible]

ન[illegible] [illegible]આરા [illegible], [illegible]

[illegible] એક પત્રમાં રટમાં [illegible] લિંગ;

[illegible] તરે, [illegible] લિંગ.

BROACH.

"Junanodaya" Press.

કીમત છ આના.


ભક્તી વીરહ.

બનાવનાર.

ભટ મેવાડા બ્રાહ્મણ નારણશંકર ડુંગટરામ

પ્રકટ કરનાર

મગનલાલ હરગોવિંદદાસ બારવાળા ભરૂચ શંકરસમાજની
મેનેજીંગ કમેટીના પ્રમુખ.



દોહરો.

નામ પ્રસિદ્ધ મેવાડમાં, રસનાએ ગુણ ગાય;
નર નારી કૈલાશ જઈ, શંકર ના જન થાય.
કુમ ટળે એક પલકમાં જેનાં શ્રિ એકલિંગ;
ભવ સાગર સેહેજે તરે, ટળે વાંશના લિંગ.

ભરૂચ.
જ્ઞાનોદય પ્રીન્ટીંગ પ્રેસમાં ઇચ્છાલાલ અમ્રતલાલ
સુરતીએ છાપી.
સને ૧૮૮૭ સંવત ૧૯૪૩
કીમત છ આના.

પ્રસ્તાવના.

આ ગ્રંથ સરવે હરીજનો તથા સદ્‌ભક્તોને સ્મરણકારક તથા મુમુક્ષુઓને હીતકારક જાણીને મારી મતિ પ્રમાણે બનાવ્યો છે. આ ગ્રંથમાં ઘણીક જગોએ પદ્યરચનાઓ મુકી છે તે ફકત પદોના રાગમાં છે. તેથી ભક્તિ કરવામાં મન ઉશકેરવું તેને હેતુ એજ છે. આ મનુષ્યદેહ ધરીને જ્યાં સુધી આ યુગના માહાત્મ પ્રમાણે આપણો અંન્નમયકોશ ટકે ત્યાંહાં સુધી ઈશ્વરની ખરા અંતઃકરણથી એક ટેક રાખીને પરમાત્માનુ સ્મરણ કરવું એ આપણું મનુષ્ય માત્રનો ખરો ધર્મ છે એમ સમજીને આ ગ્રંથમાં એક વાણીઆની વાર્તા પ્રગટ કરી છે તેથી સેહેજ જણાશે.



ભક્તી વીરહ.

સ્તવન.

રાગ ગીતીની છાયા.

ધ્યાન ધરૂં ગણપતિનું, જે સૌ કામે સફળ શિદ્ધિ દાતા;
પુરો મનોરથ મ્હારા, કૃપા કરીને વળી દિલે સાતા. ૧
આદ્ય શક્તિ કહું મ્હોટી, હંશ વાહીની સરસ્વતી માતા;
વિણા પુસ્તક ધારી, જગત પ્રવિણી બુદ્ધિ દાતા. ૨
જગત જનેતા અંબા, કાલી ચૌચર માહાલક્ષ્મી બાઇ.
ભવાનિ ગીરીજા દેવી, મહીષાં વધની માતુ શિધ્વાઈ. ૩
ત્રીલોચન ત્રિપુરારી, પિનાક પાણી શૂળપાણી આદે;
માહેશ્વર શંકર સીવજી, નંદીકેશ્વર ઊમાકાંત વરદે. ૪
મચ્છ કચ્છ ને નરશીંહ, વરાહ વામન પરશુરામ પોતે;
રામકૃષ્ણ તે આદે, બુદ્ધ કલ્કી થયા પ્રભુ જોતે. ૫
વંદુ બેઉ કરજોડી, કૃપા કરો હું અનાથ છઉં પ્રાણી;
માગું સહુની પાશે, દયા કરીને દેજો સુભ વાણી. ૬

વારતા ૧ લી.

પશ્ચિમ દેશ ભણી એક ગામની અંદર એક વાણિઓ નેસ્તીની દુકાન માંડી પોતાનો ઘરસંસારનો નિર્વાહ પ્રમાણીક પણાથી ચલાવતો હતો. તે વાણીઓ અને તેની સ્ત્રી બંને જણા દયાળુ અને ધર્મીષ્ઠ હતાં. તેને પેટે પુત્ર કે પુત્રી કંઇજ સંતતી નહોતી. આ બને જણા સાધુ સંત ઉપર અતિ પ્રેમ ભાવ રાખતાં હતાં, કારણ કે તેઓ જે ગામમાં રેહેતાં હતાં તે તમામ વસ્તી નિર્દય અને મ્લેચ્છ લોકોની હતી તેથી તે ગામમાં હરકોઇ અતિત અભ્યાગત સંત સાધુ બ્રાહ્મણ સરવણ વીગેરે જે કોઇ અન્યાર્થી આવે તેને પેલા વાણિઆના ઘર શિવાય આશરો મળતો નહોતો. હવે આ વાણિઓ જે કોઇ અભ્યાંગત આવે તેની પોતાની શક્તિ પ્રમાણે આસના વાસના કરતો હતો. એક વખતપર વર્ષા રૂતુમાં વરસાદની મોટી ભારે હેલી તથા ઝડીમાં યાત્રાળુ પાંચ સાધુ તે ગામની અંદર આવ્યા તેમાં એક મહંત તથા ચાર ચેલાઓ હતા તેઓ બધા ભીંજાઇને લચકાબોળ થઇ ગયા હતા તેઓ પાસે વરસાદમાં ઓઢવાને છતરી યા ધુમટી કંઈ સાધન નોહાતું એવા પાંચ સાધુ ગામમાં જેના ઘરના ઓટલા ઉપર ઊભા રેહેના ત્યાંથી તેનો ઘરધણી તેને કાઢી મેલતો, એવી રીતે તે ગામમાં તે સાધુઓને ઓટલે ઊભા રેહેવાનો પણ વિશ્રામ મળ્યો નહી એમ કરતાં કરતાં કોઈ માણસે સાધુને કહ્યું કે માહારાજ આ ગામમાં એક વાણિઓછે તેને ઘેર તમે જાઓ; તે તમને આશરો આપી તમારી સેવા ચાકરી કરશે. એવું સાંભળી પેલા પાંચ સાધુ તે વાણિઆના ઘર આગળ આવ્યા અને આશિરવાદ દઇને ઊભા, વાણિઓ દુકાનમાંથી ઊઠી ઊભો થઓ, ને સાધુ સામો જઈ દંડવત પ્રણામ કરી તેઓને આદર પુર્વક પોતાના ઘરમાં તેડી લાવ્યો. તમામ સાધુઓના લુગડાં પલળી ગએલાં હતા તથા ટાઢ ચઢી જવાથી ધ્રુજતા હતા તેમને કોરાં લુગડાં બદલાવી ઓઢ

ભડકો કરીને ખુબ તપાડયા તથા ગાંજો તમાકુ વીગરે પાઈને તે ઓની ટાઢ ઉરાડી મુકી. ઘણી જ્ઞાસના વાસના કરી તથા રાત્રે રસોઇ કરવા સીધુ આપી પાચે જણાને યથાસ્થીત સત્કાર્યા. રાત્રે ધુણી પાણી આડવા પાથરવાનું આપી નેઓને નિર્ભય રીતે સુવાડી પોતે ધણી ધણીઆણી બને જણા સાધુઓની ચાકરી કરવા બેઠાં જ્યારે તે સાધુઓ નીંદ્રાવશ થઈ ગયા, ત્યારબાદ તે બે જણા સુઇગયાં આ રીતે રાત્રી પેલા સાધુઓની સુખમાં ગઈ ને પ્રાતઃકાળે સૌ જાગી ઇશ્વર ભજન કરવા લાગ્યા. સૂર્યોદય થતી પેહેલાં તેઓ સૌચ દંતધાવન સ્નાન આદી વિધીથી પરવારી પોતાના આસનો ઉપર નીત્ય નિયમ કરવા બેઠા છે એવામાં વણિક તથા તેની સ્ત્રી ઉઠી શુદ્ધ થઇ પેલા સાધુઓને દંપતીએ સાષ્ટાંગ પ્રણામ કરીને પ્રાર્થના કરી કે માહારાજ આજ કૃપા કરીને પ્રસાદ તૈયાર કરી માહારાજને રાજભોગ ધરાવી પ્રસાદ લીધાબાદ કુચ કરવાનો વિચાર કરજો ત્યાર પેહેલાં ઉઠાંતરી કરશો નહીં એવી ખરા પ્રેમથી અત્યાગ્રહ જોઈ સાધુઓએ એ વાત માન્ય કરી ને ત્યાં રહયાં ને સ્વયંપાક તૈયાર કરવાના ઉદયોગમાં તેમાંના એક સાધુ જે કે જરા પરમાર્થું ને સુશીળ હતો તે મંડયો. સર્વે ભોજન કરી રહયા બાદ જવાની તૈયારી કરી અને વાણિઆ પાસે વિદાયગીરી માંગી, ચાલવાની તૈયારી કરે છે એટલામાં તેમાંનો એક સાધુ પોતાના ગુરૂને પ્રણામ કરીને વિનંતી કરવા લાગ્યો કે મારાજ ઓટલી મારી સ્તુતી સાંભળી તે પ્રમાણે વર્તવાનો પરિશ્રમ લ્યો તો મારાપર મોટી કૃપા થશે. ગુરૂ કહે છે શું છે તે કહે શિષ્ય કહે છે કે માહારાજ આપ વિચારી જુઓ, કે કાલે આપણે વરસાદમા કેવી દુર્દશાને પ્રાપ્ત થયા હતા. આખા ગામમાંથી કોઇના તરફથી કંઈપણ પ્રકારનો આશ્રય આપણને મલ્યો હતો? ગુરૂ કહે છે કે ના. ચેલો કહે છે આ વાણિઆએ આપણી સેવા ચાકરી કેવા પ્રકારની ખરી શ્રદ્ધાથી અત્યાર સુધી

કરી ? ગુરૂ કહે છે. સારી કરી. ચેલો બોલ્યો ત્યારે માહારાજ હવે એ વાણીઆને કંઈ બદલો આપવો જોઈએ ગુરૂ કહે છે સંસારી ગ્રહસ્થાશ્રમીને આપણે શું બદલો આપીએ એની ચાકરી પ્રમાણે આપણી પાશે એને આપવા જેવું કંઈ છે ? ચેલો કહે છે માહારાજ તમારી પાશે જે આપવાનું છે એવું બીજા પાસે નથી આવો ગુરૂ ચેલાનો સંવાદ સાંભળી પેલો વાણીઓ જાણે કે આ બાવા પાશે કીમીઆ વીગરે ઈલમ હશે માટે આજે રાત્રે રાખી ઇલમ શીખી લેવો વીચાર કરી બાવાના હાથમાંથી તેમનો બિસ્તરો વીગરે સામાન લેઈને પગે લાગી કહેવા લાગો કે માહારાજ આજ મારા પર મોટી કૃપા કરીને રાત્રી આહીઆજ રહો ને મને પાવન કરો આ સાંભળીને તથા ચેલાનો અતિ આગ્રહ જોઇ બાવાજીએ તે દિવસે ત્યાંજ મુકામ કર્યો તે સાધુઓ રાત્રે સંધ્યા આરતિ કરી રહ્યા પછી ભજન કરવા બેઠા છે અને વાણીઓ પણ પોતાની સ્ત્રી સહીત ત્યાં સાધુ પાસે આવીને બેઠાં બેઠાં તેઓ ભજન કરે છે તે સાંભળે છે બાદ ભજન બંધ થયું સાશાંત થયાં પછી બાવાએ ચેલાને કહ્યુ કે ગાંજો બનાવ ચેલો ગાંજો ઘુંટેછે હવે ગુરૂએ વાણીઆને બોલાવીને કહ્યું કે કેમ શેઠ તાહારે શાની ઈચ્છાછે હમારી પાસે તને આપવા લાયેક દ્રવ્ય કે માયા સમંધી નથી અમારાથી તારા જીવાત્માને સંસારીક રીતે સતોષ ઉપજે એવું કંઈ પ્રકારનુ સાધન ઈલમ કે કીમિઓ હમારી પાસે નથી આ ઉપર કહેલી બાબત શીવાએ તારી નજરમાં જે રૂડું લાગે તે સુખેથી માંગી લે. આવું બાવાનુ વચન સાંભલીને વાણીઓ વિચારમા પડી જઈ મુંગો થઇ રહ્યો છે, એટલામાં પેલો ચેલો ગાંજાની ચલમપર દેવતા ચઢાવી ગુરૂને આપી પગે લાગી પાસે બેઠો ગુરૂ કહે છે કે ચેલા! તારા કહેવા પ્રમાણે આજ આ શેઠને આપણી સરવે સમૃધી સંબંધી વાત કહીને કંઇ માગવાને મેં કહ્યું ત્યારથી આ વાણીઓ ગુપચુપ બેસી રહ્યો છે કંઇ બોલતો નથી ચેલો કહે છે કે માહારાજ એ ગ્રહ-

૨૫. શ્રમીની પ્રિતિ ક્ષણિક સુખો સાથે વળગી રેહે છે અને આપણી પાસે અક્ષય સુખ મલવાનુ જે સાધન છે તે એ દયાંળુ શેઠને આપી એને કતાર્થ કરો, ગુરૂ કહે કે ઠીક છે. એમ કહી ગાંજાનો દમ મારે છે. એટલામાં ચેલો પેલા વાણિયાને કહે છે કે. આ સંસારની તમામ વસ્તુઓ તથા આપણું શરીર ધરાધરી આપણી પાસે રેહેવાનું નથી માટે તેનુ અભીમાન રાખી તેની વૃદ્ધિ થવા વીશેનો શ્રમ કરવો એ કેવળ વૃથા છે તે ઉપર હું એક પદ કહુ છું તે સાંભળ.

પદ રાગ કાફી નો છે.

કયું. કરતા અભિમાના રખકે સબ જાના કયું કરતા. ૧
ગામ મુલક ઓર રાજ્ય હુકુમત દૌલત માલ ખજાના
રખકે સબ જાના કયુ કરતા અમીમાના ટેક ૨
જાગીર મંદીર ગાડી ઘોડે ઊંટ હાથી, ઓર મ્યાના. રખકે ૩
કુટુંબ કબીલા બેટા બેટી ઓરતજો દીલો જાના. રખકે ૪
જોહે અમુલખ કાયા તેરી અંતેવો રેહેગી મશાના. રખકે ૫
હકકે ચલો કીરતારકું સમરો વાકે દરો ગુણ ગાના. રખકે ૬
નારણ કહે વોહી આગે ચલેગા ધરસે નીરંતર ધ્યાના. રખકે ૭
કયુ કરતા અભીમાન રખકે સબ જાના.

વારતા ૨, ૭.

ચેલો—સાંભલ શેઠ. આ પ્રમાણે જગતમાં કંઇજ માલ નથી ને કોઇ કામ પણ લાગવાનુ નથી. ફકત ઈશ્વર ભજન કરીને જે તું સત કર્મ કરશે તેનો બદલો તને સારોજ મલશે. આવું જાણીને નાશવંત વસ્તુ મેળવવાની તું જે ધારણા રાખતો હોય તે છોડી દે, ને તારા આત્માનું કલ્યાણ કરવું એજ સારી વસ્તુ છે એવું જાણીને જે

હમારા ગુરૂ તારા ઘરમાં તારા પૂર્વના તપે બળે કરીને તારૂં કલ્યાણ કરવાને સારૂજ આવ્યા છે. એવું જાણીને એ તને જે ખરો રસ્તો ઈશ્વર મળી સ્વર્ગમાં જવાનો બતાવે તેનું ગ્રહણ કરી લે. મારૂં કહેવું તને સારૂ લાગતું નહીં હશે પણ તું ઈશ્વરી નિયમો ને તેની ખુબીઓ જો કે આખર તેના ભજન વિના તારો કે આખા વિશ્વનો ઉદ્ધાર નથી. તારો સ્વભાવ ધરમિષ્ટ તથા દયાવાન દેખાય છે માટે તારૂં કામ થાય એવુ જાણીને તુંને આ સો વાતની એક વાત કહુ છું. માટે આ શંસારમાં તું જન્મ લઇને મારૂં કહેવું ધ્યાનમા લઇને તું હવે કંઈ સમજ કે આખરે તને તેનો સારો નફો થશે.

પદ રાગ શાવલી.

કબ સમરોગે રામ અબતુમ (એ ઢાળ.)

સમજ બસી સંસાર સજન અબ સમજ બસી સંસાર ટેક
જગ ફિરતારે કીઈ જગરચના ખુબીહે અપરંપાર. સજન ૧
જીવ સંરક્ષણ. કુંનીપજાયો અન્નત્રણ આપદ સાર સજન ૨
તર્ક ગતિ રખી તુંજ બીતર સમજો સાર અસાર. સજન ૩
દુર્લભ દેવ દીઓ મનુષ્યા દેહ કરસબૂ પાપનીવાર. સજન ૪
ચાર યોની સો ભઇ જન કારણ અભેદપટ વિસ્તાર. સજન ૫
આપ પડોગે બિચ ચોર્યાસી જો નસમરો ફિરતાર. સજન ૬
નારન હરનીશ ભાવ થકી રટ વોહી ઉતારે પાર. સજન ૭

વારતા ૩ જી.

આ પ્રમાણે છે માટે ભાઈ તું હવે સમજી જા; ને તારો આત્મ સ્વર્ગમા અક્ષય સુખ ભોગવે એવો માર્ગ ગુરૂ બતાવે તે પ્રમાણે ઝાલી લેવામાં તત્પરથા આવી રીતનું અસરકારક ચેલાનું કહેવું સાંભલીને વાણિયાના મનમાં ઇશ્વરનું સ્મરણ કરવું એજ સત્ય લાગવાથી તે

પેલા ગુરૂને સાષ્ટાંગ પ્રણામ કરીને ગળ ગળો થઈને બોલ્યો કે હું તો બધી વાતે ફાંસામાં પડેલો છું મારી કૃતિ પ્રમાણે મારૂ શું થશે તે મને કઇ સમજાતું નથી. હુતો સંસાર સાગરમાં ડુબી ગયો તેમાંથી મુક્ત થવાનો માર્ગ બતાવનાર હે ગુરૂ તમે સમર્થ છો. એમ કહી બે પગ વચે ગુરૂના ચરણારવીંદ આગળ માથું મુકીને પડી રહયો. સંત પરમ દયાલુ છે તેથી તેને માથે હાથ મુકી વાંસો થાબડી ઉઠાડયો ને બોલ્યા કે ગભરાઇશ નહી, તારા મનમાં જે ધારણા હશે તે સર્વે જગ તનો પ્રભુ પુરી કરશે. આવુ સાંભળીને વાણીઓ બેઠો થઓ, ને ગુરૂ ને કહેવા લાગ્યો કે માહારાજ હવે મને તમે અભય કરનાર છો માટે મારાપર કૃપા કરી ઉપદેશ કરીને મારૂ કલ્યાણ થાએ એવો ઉપકાર કરો. આ સરવાંગ તમારૂ છે હું ગ્રહસ્થાશ્રમીના દોષથી ભરપુરછુ, તે તમો જાણોછો માટે મારૂ કલ્યાણ થાય એવો મારગ મને બતાવો. ગુરૂ બોલ્યા કે ભાઇ તુ કહેછે તે સાંભલીને મને ઘણો આનંદ થયો કારણકે મનુષ્ય માત્રનો ધર્મછે કે ચોર્યાસીનો ફેરો મુકત થવા માટે મનુષ્યા દેહ પ્રભુ આપે છે, ને તે મોક્ષપદ પામવાનુ દ્વાર છે, આવી મોટી કૃપા જ્યારે પરમાત્માએ કરી તો આપણા કલ્યાણને અર્થે ભજન કરવુંજ જોઇએ ચારે ખાણના જીવો ફકત પોતાને આપેલા અંગથી ઈશ્વરનું સ્મરણ કરી પરમાત્માનો ઉપકાર માનીને ઈશ્વરે આપેલી પોષણ ક્રિઆથી નિર્વાહ કરી ઇશ્વરે નિમિ આપેલો આયુરદાનો કાળનિર્ગમન કરે છે અને જેવી સ્થિતિમા પ્રભુ તેને નાખે છે તેવી સ્થિતિ તે આદર પૂર્વક માન્ય કરી રહે છે. આવી રીતની જીવોની વર્તણુક જોઇ ઇશ્વર તેના ઉપર કૃપાળ થાયછે, નેદયા કરીને અંગજ્ઞાન અને મુલ્યવાન તર્કશકિતથી શ્રંગારાયલો મનુષ્યા દેહ મનશા વાચાને કર્મણાએ કરીને પરમાત્માનુ સ્મરણ કરવા સારૂ આપેછે, આટલો ઉપકાર કરેછે એટલુજ નહી પણ જન્મે છે ત્યારથી તે તેની ઉમર પુરી થતા સુધી વિવિધ પ્રકારના ઉપકારો કરે છે, એ વીશે તને એક પદ કહુ છઊં.

પદ.

નાથ કેશે ગજેંદ્રના બંધ છોડાઓ (એ રાગ.)

પ્રભુજી વિના કોણ તારે, પામર જીવ પ્રભુજી વિના કોણ તારે ટેક
રક્ષણ મ્હારૂં કર્યું તે અવસરે, હતો ઉદરમા હું જ્યારે;
જઠરાગ્નિથી બળતો બચાવ્યો, સાહ્ય કરી હરી ત્યારે. પામર
પોષણ માટે તમે પય બાંધું, જનુના સ્તનમારે;
વંઝાને પય પ્રગટતું છે નહી, જેવું નથી નરમારે. પામર
દયા કરી મુજને પછી આપ્યા, દંત પ્રભુએ તે વારે;
ચરવણુ ચરતા કષ્ટ પડે નહીં ખાના શીખ્યો હું જેવારે પામર
પાંચે વરસની ઉમર થાતાં, સાથે રહ્યા હરી ત્યારે
ક્ષણું ક્ષણું માહારૂં રક્ષણ કરતા. વિઘ્ન થતાં મને જ્યારે પામર
દશ પંદરનો બાળ થયો હું, ખાતી સમજતાં તાહાં લગારે;
તર્ક શમજની જોત કરીને, ટાળી તિમરની જગારે. પામર
સંસારી સૌ કામો વીશે હું, થાતો અકૂળ જેવારે;
ધ્યાન ધરૂં કે સાહ્યો કરતા, ધારે ચઢી પ્રભુ માહરે. પામર
એ ઉપકાર અપાર છે મુજપર, વિવેકી ગુણ ભંડારે;
અહરનીશ મારા સુખને કાજે, પડે હરી મંડયા રે. પામર
માટે કૃપા કરી શુભ મતી દેજો, ભીજી ન રાખું તમારે;
ધ્યાન ધરૂ હરનિશ નારાયણ રાખોજી સરણ તમારે. પામર

ગુરૂ કહે છે કે એવી રીતે આપણું સંરક્ષણ કરી આપણા ઊપર અપાર ઉપકાર કર્યા છે ને કરશે માટે તું તેનું ભજન એક નીષ્ટાથી કર કારણ કે તારૂં શરીર તેણે ઈશ્વર ભજનમા જ ફક્ત કામે લાગી રહે એટલા વાસ્તે એવા પ્રકારનું બનાવેલું છે, તે છતાં તું તથા આખી વિશ્વ જે હેતુથી આ શરીર બનાવ્યું છે તે હેતુ પ્રમાણે નવર્તતાં સંસારીક કામમાં મચી રહે છે ક્ષણ ભર પણ ઇશ્વર સ્મરણ, ન કરે તો ને ઇશ્વરનો ગુનેગાર તથા કૃતઘ્ની કહેવાય તે વીશે તને એક પદ કહુછું તે સાંભળ.

પદ ગરબી.

નીત્ય સુ સંગે રહીને ભજીએ, હરી ગુણ કેરા ગાનજી;
જેણે બનાવ્યો તેને વિસાર્યો એવો તું નાદાનરે. મુરખ તુ ૧
સંસાર માયા જુઠી જાણો, કાચા ઘટના જેવીજી;
નીર ભરંતા નાશજ પામે થાએ મટોડા જેવા. મુરખ તુ ૨
કાચા માયા કોઈની રહી નથી, અમથો વલખાં મારેજી;
ધન દારા કે પુત્રમાંથી કઇ, કામ નહી આવે તાહરે. મુરખ તુ ૩
છોડીને સૌ જાવુ પડશે, રહશે જમને મારેજી;
સંસારી દુષ્કૃત્ય તારાં તે, ત્યાં વંચાશે જ્યારે રે મુરખ તુ ૪
લેખામાં તો પુણ્ય મળે નહી, જમે થયું બહુ પાપજી;
કહો તે તમને કેમ નહી પુછે, સરવે જગતનો બાપ. મુરખ તુ ૫
પ્રભુ ભજવાને ઉત્તમ આપ્યો, પ્રાણી મનુષ્યા દેહજી;
ખોતો નહી ફોગટ જનમારો, ભજતુ ધરીને નેહ. મુરખ તુ ૬
અંગ બનાવ્યું સરવે તારૂ, રૂડૂ સમજી નાથેજી;
શેહેલું સુઘડ તે સરસ બનાવ્યું તર્ક સમજ સંગાથે. મુરખ તુ ૭
રસના "નેત્ર" રચ્યાં તે માટે, નિરખેને ભજ નાથશજી;
કાન આપ્યાછે હરી ગુણ સુણવા, મુખથી કહે જગદીશરે. મુરખ તુ ૮
ચરણ થકી ચાલીને તું જા હરીજન કેરે ધામજી;
કર કીધા એવા હેતુથી, કરવા ધરમી કામરે. મુરખ તુ ૯
તર્ક ગતી તુજમા મુકીછે, વિચારો ખરૂં ખોટુજી;
સૌને તું માઠે કામે લે, એ અપલક્ષણ મોટું રે. મુરખ તુ૧૦
રસનાએ બોલે પરનિંદા, નીચ નજર તું રાખેજી;
કાને સુણે સંસારી કુથલો, મુખથી જુઠુ ભાખે રે. મુરખ તુ૧૧
હાથે કરે તું પાપી કરમો, અવળો મારગ ચાલેજી;
તર્ક કરીને ભુંડા તું નિત્ય, મનકુસંગમાં ઘાલે રે. મુરખ તુ૧૨
એવી રીતે સરવાંગે તું, આડો ચાલે રાહેજી;
કોઠી ધોતાં કનક મળે નહીં, વિના પારસ સાહે. મુરખ તુ ૧૩

પારશ મણી તો હરીની ભક્તિ, ભાવ ધર્યો જે લેશેજી;
મોટો ધનાઢ્ય કહેવાશે જગતમાં, મુખથી જો હરી કહેશે. મુરખ તુ ૧૪
ઉપર પદ વાંચી શુભ કરશે ઈશ્વર પુરશે આશજી;
મુક્તિ પ્રભુની પ્રિતિ મળશે; નારણ હરીના દાસરે. મુરખ તુ ૧૫

ગુરૂ કહે છે આ મનુષ્યાં દેહ પામીને આ પદમાં જે પ્રમાણે શરીરના અવયવો સારી રીતે વાપૂરવાના કહયા તે પ્રમાણે વર્તવું જોઇએ અને જે ભાગ્યશાળી પુરૂષો હોય છે તેજ આ શરીર ઈશ્વર ભક્તિમાં કામે લગાડી પરમાત્માનુ મનસા વાચા કર્મણાએ સ્તવન પુજન ધ્યાન કરવામાં ઉદયોગ કરેછે, અને તેને સંસારના ક્ષણીક સુખો બીલકુલ વાહાલા લાંગતાં નથી. તેને સંત સમાગમ ગુરૂ સેવા હરી ભક્તિ એજ પ્રીય રહે છે. તેને સ્ત્રીની તથા પૈસા સંબંધી કંઇ વારતા પ્રીય લાગે નહીં ને સાધુ સંતના ચરણ કમળમાંજ અડશેટ તિર્થંછ એવું જાણી તેની પગ ચંપી કરે અને હરીભક્તના દર્શણ થાય તો ગંગા પ્રયાગ સમાન મહા યાત્રાનું પુન્ય માનીલે છે. આ પ્રમાણે હર નિશ હરી ચરચામાં તે કલોલ કરેછે નેકશી વાતની તૃષ્ણા મમતા તે રાખતો નથી. માટે ભાઈ તું ખરા પ્રેમથી ઈશ્વર ભજન કર. તને અખંડ સુખ પ્રાપ્ત થશે માટે બધી વાત છોડી દૃઢ ઇશ્વર ભજન કર એ વીશે હું તને પદ કહું છઊં તે સાંભળ.

પદ

ભજન કરે બડ ભાગ્ય, ખલકમે ભજન કરે બડ ભાગ્ય. ટેક
કામ ક્રોધ બસ કીએ ઉનોવે, મમતા તૃષ્ણા ત્યાગ. ખળક ૧
કામની કંચન બીજ કયારી, ઉડત ઊરમાં આગ. ખળક ૨
સંસારી સુખ સ્વપ્નેન ચાહે રટન ભજન અનુરાગ. ખળક ૩
હરનીશ. હરી.રસમે રહે મસ્ત, જાનતહે માહા યાગ. ખળક ૪

તપ તીરથવો લહે સંતમેમે, બુઝ્યુ તલાંસનું પાગ. ખળક ૫
હરીજન દરશનકો સુખમાને, ગંગા કાશી પ્રયાગ. ખલક ૬
નામ પ્રભુશે ચમ ક્રીકરવો, આપહી દે દે માગ. ખલક ૭
નારણ સબકું છોડ હરી સ્મર, વામેહી સુખ અથાગ. ખળક ૮

શુરૂ—બાઈ આ પદમાં કહ્યા પ્રમાણે જેનું ધન્ય ભાગ્ય હશે તેજ આ જગતમાં માયાના જુઠા ફાંસામાં ન પડતાં ઇશ્વર ભજન કરશે. એ માયા મનુષ્યને ફાંસામાં નાખવાને સારૂ મોટી બે લાલચો બતાવે છે. જેમ કોઇ સખસ ફક્ત અગન્યાનવાળા પ્રાણીને ફાંદામાં નાખી પકડવું હોયછે તો માત્ર તેને એકજ લાલચ બતાવી પરવશ કરે છે જેમકે માછલું સર્પ વીગરે પણ માણસને તો ઇશ્વરે તર્ક શક્તિ આપેલી છે તેથી તેને ભારે લાલચમાં લલચાઇ જઇ તેને હેવા બાઝી રહે છે કે મરતા સુધી તેને છોડતા નથી આખરે દેહ છુટયા બાદ તેને કર્મયોગ ચોર્યાસીમાં પડવાથી ઘણો પસ્તાવો થાય છે પણ નિરૂપાય એટલે બચવાને તેની પાશે કંઇજ સાધન રહેતું નથી. આમહા માયાના મોટા ફાંશામાં નાંખવાને સારૂ જ્યારથી માણસ જન્મે ત્યારથી તેની સાથે કામ ક્રોધાદિક ષડરિપૂ પણ જન્મ લેછે. જ્યારે તેઓ તરૂણ અવસ્થામાં આવે છે ત્યારે તેઓ પોતાનો ધર્મ બજાવે છે. હવે જે માણસે ઇશ્વર ભક્તિમાંજ રેહેવાનો નીશ્ચય કર્યો હુએ છે તે એ ષડરિપૂઓનો નાશ કરી નાખે છે. ને સાધુ કહેવાય છે. સાધુનો અર્થ એ છે કે. શાહા એટલે છ. ધો. એટલ ધોનલા જેણે ષડરિપૂને ધોઇ નાખ્યા છે તે સાધુ સંત એનો અર્થ એવો છે કે. સહ એટલે છ. અંત એટલે છેટો અથવા નાશ જેણે ષડરિપૂઓનો નાશ કર્યોછે તે શંત એવા સાધુ સંત માયાના ફંદમાં આવી પડતા નથી કારણ કે તેમાં નાખનારા જે તેમની સાથે જન્મેલા ષડરિપૂઓ તેનો તો તેઓ નાશ કરે છે એટલે તેનો કોઇ વેરી રેહેતો નથી બાકી બીજા પુરૂષોને તો ષડરિપૂ. સ્ત્રી. પૈસાની. લાલચો બતાલી ફસાવે છે તે વીશે પદ.

પદ.

જુઠી માયા જાળ, ફસોમાં, જુઠી માયા જાળ. ટેક
પુસ્તકી ગઠરી લુટન ઠગની, કરકે અગ્ન જંપાળ ફસોમાં ૧
આગુ દેખાવત કામની કંચન, જનલ્હાવત તતકાળ. ફસોમાં ૨
વેર્હાલીઆકે ષડરિપૂ ઠાડે, જૈસે ઠારકે પાળ. ફસોમાં ૩
ચસન નહી દેવે જનકુવો, રખે ઊસમેહી ત્રિકાળ. ફસોમાં ૪
જબલગ આયુ તંબલગ ભોગે, વામેહી આવનકાળ. ફસોમાં ૫
પ્રાચીન પુન્ય ગમાયો ગમારને, આખર બન કંગાળ ફસોમાં ૬
અતે સભ સોયોગેયારો, ભાસત દુખ ત્રિકાળ. ફસોમાં ૭
જ્યાંહારો છુટે વાહી પટોગે, જ્ને નરખો સંભાળ ફસોમાં ૮
મનમાં એહી રખો દ્રઢ નિશ્ચય, જુઠા ભાસે રસાળ. ફસોમાં ૯
છંદ હરીકો ફંદ મીટાવત, ખુજત માયા જ્વાળ. ફસોમાં ૧૦
નારણ પાન કરો હરી રસકો, હોગે પલમે ન્યાલ. ફસોમાં ૧૧

ગુરૂ—ભાઇ આ પ્રમાણે કામ ક્રોધાદી ષડરીપુ મનુષ્યના કેવા શતરૂ છે તે તુ સમજ્યો હશે. માટે મારે તને કહેવાનું કે, આ સંસારમાં આપણા શતરૂઓ નિર્બળ થતા સુધી આપણને અગાધ દુઃખ દઇ ભારે નુકશાન કરે છે તેમ આપણા જન્મના ષડરિપૂની જડમુળ શરીરમાંથી જતાં દુઃખ દઇ આપણને દમે છે. માટે તેનો નાશ કરવો એ અવસ્ય છે. આવું ગુરૂનું બોલવું સાંભલીને પેલો વાણિઓ પગે લાગીને પુછવા લાગ્યો કે માહારાજ, આપ જે કહોછો તે પ્રમાણે ષડરિપૂઓનો નાશ કરી ઈશ્વર ભજન ઘણા લોકો નથી કરતા, તે તેની કાયાનો વાંક કે તેના જીવનો વાંક, એ મારાથી સમજાતું નથી. કારણ કે નર્કે પડવું કોઇને વહાલું લાગેજ નહીં, તે છતાં નર્કે ઘણા. ને સ્વર્ગે કોઇક તમારા કહેવા પ્રમાણે જાયછે તેમા કોનો દોષ તે કૃપા કરીને કહો?

ગુરૂ—આ પ્રશ્ન તેં ઠીક પુછયોછે સાંભળ, તારી ખાતરી થશે.

૧૩

કાયા જીવનો સંવાદ.

લાવણી.

કાયા કહેતી સુનોજી ખાવન મેં મોહોબ્બત તુંમસેં જોડી;
રખ્ખા સાથ અબ જ્યાં તુંમ જાઓ ક્યું જાતે હમકું છોડી;
ક્યા તકસીરે હમકું રખકે આપ ચલે દુસરે ઓઠાને;
ઘણી તુમી હો સીરપે, મોરે, કોંનકું એ દુખ, કહું જાને;
કોંનકી આગળ અરજ ગુજારૂં, વેહી કરે તુંમસેં લડના;
કાયા જીવકા કજીઆ ભારી, કહો અબ ક્યા કયેસા કરના. ટેક. ૧
જીવ કહેતાહે સુણએ અબલા, મેં તેરી નહીં પાસ રહું;
તેં હમકું અતીખોટ લગાઇ કહે મેં કિતના ગિનકે કહું;
સાદી તેરી કરને ખાતર, કામ બહુ મુસ્કેલ પડા;
કિતને બરસોં અરજ ગુજારી, તબમેં તેરા કર પકડયા;
મેં મેરા પુરૂસાતન હાર્યા, રહ્યા ચોર્યાસીમાં ફિરના. કાય. ૨
કાયા કહેતી સીસનમાકે, સુનો પિયા એક બાત ખરી;
તુમ જ્યાંહાં કહેતે વાંહાં અમ જાતે મંગીચજ સબલાકેધરી;
જો ખાનેકી મરજી કિનિ, વોમેં પલમે રજુ કીયા;
તુંમ મરજી માફક મેં ચલતી કહો અમકું ક્યા દોષ દીયા;
ઉસમેં ક્યાહે મેરા અવગુન, વો અરજી કાને ધરના. કાય. ૩
એસા સુનકે ખાવન બોલા, રખએ ઓરત જુજમતી,
મેં આયાથા બડી હોંસશેં, વો બાતાં સુનકર છતી;
જો મતલબસેં સાદી કિનિ, વો મતલબ નહીં પારપડા;
હરી ભજનકી ગાંઠ ગુમાઇ, નહીં સુમરે કિરતાર ઘડી;
તેરી સંગે પાપ જમાયા, ભવસાગર કેસા તરના. કાયા. ૪
સુનકે ઓરત શીશ ધુણાકે, જોસ ધરી પીછાશેં બોલી;
મેં તુંમકું કબ ના કહેતીથી, સચ્ચી બાત હો અબબોલી;

મગન ભએ સબ દુનીઆ દેખી, આપ મચે વો ભોગનકું;
મોજ શોખમાં હરી બિસારે, ક્યાહેતે ઠપકા અમકું;
આપે હાથશે આગ લગાઈ, અબમન ધોખા ક્યા ધરના. કાયા ૫
ખાવન કહેતા તેરેમેં કુચ, માલન દેખા આખી તુલી;
કોદીન સાજી કોદીન માંદી, કોદીન દુખમાં બોત ડુલી;
મેં તેરા પિયુ ઐસી સબબસેં, મનમાં નહી કચુ ચેન પડે;
સાધન મેરા કૈસા હોવે, દુખ તેરા મુજ દિલ નડે;
અબમેં તુજકું છોડ ચલુંગા, કરલે જો મુજશેં કરના. કાયા ૬
ઔરત કહેતી કા બકતેહો મેં અબ તુમશેં દુર ખડી;
લડકીકી મેં બુઢી હોગઈ, તબ લગ તુમકું ગમ ન પડી;
ક્યા મેરી સબ સારી ઉમર, દુખ જુલમને મચી રહી;
મોજ શોખજો અમશે કીની, વોતો તુમકું ખબર નહી;
સુખકે દીનમેં નહી બિચાર્યા, દુખકે દીનમેં ક્યા ડરના. કાયા. ૭
ખાવન કહેના સચ્ચા બોલી, ઔરત તેરી ખરી જીકર;
તુજકું સુખદેનેકે ખાતર બોત પડી મુજદિલ્લ ફિકર;
ખાપીકે ખુબ એસ ગુજારે, ઐસા મનમે બોત ઠસ્યા;
તું ઓરત નહી ફીર મીલનેકી, સમજી એસા ખુબ ધસ્યા;
માયામાં મુજ જાન લપેટા, એસીબીના ખાડે પડના; કાયા. ૮
ઔરત કહેતી મેરાસંગે, હક ચલે નૂહીં દુખ નડે:
જે ચલતે ઊફરાટે મારગ, વો ઉનકીં નર્ક પડે;
એક દફે મેં સચ્ચા કહેતી, ખાજ્ય મીટાણેકી તદબિર;
જે સુનતે વો ભગતી કરતે, નહી સુમજે ફુટી તગદિર;
નારણકી કાયા યું કહેતી શ્રી હરીકા સુમર ન કરના. કાયા. ૯

સાધુ—ભાઈ આ પ્રમાણે જે પરમાત્માનું સ્મરણ ભજન નથી કરતા તેમાં દેહનો વાંક બીલકુલ સમજવો નહીં કારણ કે આ સરિર મનને વશ રહેલું છે. જીવાત્માના વિચાર પરમાણે મન દોડેછે

મન જ્યાં સુરતા લગાવે છે તે પ્રમાણે પંચમાં ભુતનું થોડકું ગુણ તત્વો તથા પ્રકૃતિઓ સહીત મને કહેલી ધારણા પ્રમાણે વર્તે છે માટે એમાં-કાયાનો બીલકુલ વાંક નથી જીવનો વાંક છે તેમજ સુખ દુઃખ વીગરે લક્ષચોર્યાસી યોનીનું ફરવું જીવને છે. કાયાને નથી માટે તારે તારા જીવાત્મા સાથે પાકો વિચાર કરીને ઇશ્વર ભજનમાં મનને રોકવું ને ઇશ્વર ભજન કરી પાપનો નાશ કરી અક્ષય સુખ ભોગવવું તે માટે મન ચિંતન કરવું કે જે આપણા કલ્યાણાર્થે અનેક રચના રચી આપણું નિરંતર હિત કરે છે, તેનું સ્મરણ બીલકુલ કરતાં નથી, તો તેની કૃપાને ક્યાંથી પામી પાપથી મુકત થઇશું ? માટે ભક્તિ કરી વિશ્વંભરનું સ્મરણ કરવું સાભળ.

ગરબી.

(રાતડલી કોની શંગે જાગ્યા એ રાગ)

મુરખ મન ભજતું વિશ્વંભર નાથસાહાશે તારો કઠણ સમય હરીહાથ;
મુરખ મન ભજતુ વિશ્વંભર નાથ. ટેક
અમર સહુ ઇછે જે મનુષ્યદેહ, સ્તુતિ સુણી આપ્યો પ્રભુએ તેહ;
માટે તું તો તેના ભજનમાં રેહ, મુરખ મન. ૧
જાણીરે દુઃખ ઊદરમાંથી ઊગાર્યો, બાળનુ દેહ જઠરાગ્નિને વાર્યો;
અધમ જીવ તેને તેં કેમ વિસાર્યો; મુરખ મન. ૨
પ્રસવ પેહેલાં ફીકર થઇ શ્રી હરીને, માનાસ્તન રાખ્યાતાં પયથી ભરીને;
જાણીને એવું ભજતું તો ભાવ ધરીને; મુરખ મન. ૩
આપી દશ ઈંદ્રી તે માહાસુખ કારી; જેથી તું તો સુખ બહુ પામ્યો ભારી;
ભેલ્યા તેં તો જગ્તપતિને વિસારી મુરખ મન. ૪
પામ્યો રે ધન ધામ અને પરિવાર, તને સૌ સારાં દીધાં કિરતારે;
તેમા તેં ખોયું આયુશ બહુ ખુવાર; મુરખ મન. ૫
એવી રીતે સૌ દુખ નાખ્યાં કાપી, તર્કગતિ સારૂ સમજવાને આપી;

આતે તારા મનમાં તો દુર્મતિ વ્યાપી, મુરખ મન. ૬
જાણ્યું નહીં મિથ્યા જગત વેહેવાર, બાજી બાજીગરના જેવી નિરધાર;
સંકેલી લેતાં લેશ નહીં લાગે વાર, મુરખ મન. ૭
માટે ટેક રાખી ભજને જગદીશ, પ્રભુને રટો ધ્યાન થકી અહર નીશ;
નારણ મુકો શ્રી હરી ચરણે સીશ, મુરખ મન. ૮

સાધુ—આ પ્રમાણે મનુષ્ય ઉપર ઈશ્વરે જે અપાર ઉપકાર કરેલા છે, તેનું સ્મરણ રાખી મનુષ્યદેહ મલ્યાનો પુરો લાભ તેનું ભજન કરીને લેવો ને આપણા જીવાત્માનું કલ્યાણ સમજીને હુંપદને છોડી દઈ પરમાત્માનું સ્મરણ આદરથી કરવું. જીવને લખચોરાશીમાં ભમાવનાર એ હંકાર, દુર્ગુણોનો સરદાર છે માટે તેનો અનાદર કરવો.

પદ.

(રાગ મલ્લારની છાયા.)

કરવું હુંપદ છોડી; સમરણ જગદાધારનું રે. કરવું હુંપદ છોડી ટેક.
અતિ ઉપકાર કર્યા જગમધ્યે, કરૂણા એની બાંધે સંધે;
કેવું દિલ્લ સખાવત છે કિરતારનું રે, કરવું. ૧
રૂતુઓના ગુણ રૂતુમાં ભરીઆ, અનુક્રમે એકેકા ફરીઆ;
જેથી રક્ષણ થાએ આ સંસારનું રે, કરવું. ૨
વર્ષાએ વરસાવે વારી, ધાન્ય ત્રણ નિપજાવે ભારી;
જેથી સીજે કારજ સૌના આહારનું રે, કરવું. ૩
શીઆળે સૌને સુખ આપે, સ્વચ્છ રૂધીરસ્થીનો બહુ થાપે;
કેવું સરીર સુધારે સૌ નરનારનું રે, કરવું. ૪
ઉનાળે જળ સુરજ સોસે, વરાળ રહે આકાશે હોંશે;
પત્રો ફળ ફુલ પેહેરે તરૂ સણગારનું રે, કરવું. ૫
નિયમ અચળ આ કેવા કીધા, જેથી સૌના કારજ સીધ્યા;

માટે નામ રટો આ સરજન હારનું રે, કરવું. ૬
આ ઉપકાર અપાર વિચારો, પ્રભુ નેમનથી કેમ વિસારો;
શરણુ શરણુ ગ્રહીલ્યો વિશ્વાધારનું રે, કરવું. ૭

સાધુ — આવા અચળ નિયમો તથા અગાધ ઉપગારો જેણે આપણાપર કરેલા છે તેનુ સ્મરણ રાખી, જે આખા જગતનો આધાર વિશ્વંભર તેનુ સ્મરણ અહંકાર રહીત કરવું. કારણ કે ઈશ્વરના ઉપકારનુ જ્ઞાન મનુષ્યા દેહથીજ થાય છે. બીજી દેહમાં મોક્ષદ્વાર બંધ છે. માટે આ દેહમા ઈશ્વર ભજન કરી તેની કૃપા મેળવા, ચોરાશીના ફેરા મટાડવા. આ વખત ફરી હાથ લાગવાનો નથી. માટે કુદરતી નિયમો હરનિશ જોઈ તેનું ખરા અંતઃકરણથી ધ્યાન ધરી ભક્તી કરવી.

પદ.

કાફી.

(મીરાના પદનો રાગ)

નિત્ય હરીને ભજની રે, પામર જીવ ખંત કરી;
ગયો સમય નહીં આવે રે, સાંભળ એક ચીત ધરી. ટેક.
અવસર જાએ મોંઘા મુલનો, સમજ તું નાદાન,
જગતપતિના હરનિશ તું તો, બોલ ગાની ગુણગાન;
ભાન રાખી ભજની રે, મુકીદે કરવી હાજરી, નિત્ય હરીને. ૧
ઝાડ જીવને વરૂણ પર્વતો, રચ્યા ભૂગોળ ખગોળ,
અગ્નિ વાયુને તેજ બનાવ્યાં ભારે ઘડયાં ડમ ડોળ;
ખોળ કરીને ખોળોરે, કૃતિ પ્રભુની જાતો નરી, નિત્ય હરીને. ૨
મનુષ્ય જીવના સુખને કાજે, સરવ રચ્યુ અવિનાશ,
નિત્ય નિત્ય જીવનું હિત કરેછે, ટાળીને ભય દુખ ત્રાશ;

શ્વાસ પુરો સમજે રે, રહ્યાછે, પાર્ને હામે હરી. નિત્ય હરીને. ૩
સુરનર ખગચર જગ ચરંતા તે, પ્રાણીઓ રાખે ગુમાન,
ભારે હલકા કોઈ ન ગણે, હાનાકે મુા નાદાન;
સમાન પ્રિતિ રાખેરે, ન રાખે ભલગી કે જબરી, નિત્ય હરીને. ૪
ભાવ થકી નિત્ય પ્રભુને ભજવા, આપ્યો મનુષ્યા દેહ,
સંસારમાં તું મંડયો રહે છે, આયુષ ફોગટ એહ:
નેહ ધરીને ભજસોરે, તો જસો ભવ સીધુ તરી, નિત્ય હરીને. ૫
હરી ભજનથી જનાવે, મોક્ષ નઆવે વધી કે હાણ,
મુક્તિ મળેથી ટળેજ ફેરવું, લખ ચોરાશી ખાણ;
જાણું એવું ભાવેરે, ન આવે દુખ કને જરી. નિત્ય હરીને. ૬
નારણ કહે સીખામણ માહી, મનમાલેજ ભાઈ,
હરી ભજન તો અમૃત ફળ છે, પ્રેમથી લેજો પાઈ,
ધાઈ ધાઈને કરજો રે, સફળ ભવ ભજી હરી, નિત્ય હરીને ૭

સાધુ—માટે તું પરમેશ્વરનું ભજન એકચીતે કર. જે મનુષ્ય તેનું ભજન ખરા દીલથી એક નેષ્ટાથી કરે છે તેના જેવો બીજો મહાન પુરૂશ કોઈ નહીં કારણકે આખી વિશ્વનો પેદા કરનાર. પાલણ કરનાર, તથા સંહાર કરનાર ભક્તને આધીન છે. ભક્ત વત્સલ ભગવાન કહેવાય છે. આવી અક્ષય કીર્તિ તથા અક્ષય સુખ મેળવવાનું મનુષ્યા દેહ વડે છે. માટે લક્ષચોરાશીમાનીમાં મનુષ્યા દેહ મહા મુલ્યવાન, તથા દુર્લભ છે આવો મનુષ્યા દેહ મળ્યા પછી જે માણસ ઉપર કહ્યા મુજબ ભક્તિ કરી, અક્ષય સુખ ન લે, ને પોતે ઇશ્વરને ભુલી જઈ, આ સંસારના ક્ષણીક સુખો માંહિમગ્ન રહી આયુષ્ય ગમન કરી, પાછો લક્ષચોરાસીના ફેરામાં જાણી બુજીને પોતાની મેળેજ પડે એના જેવો બીજો કોઈ હીણ ભાગી શઠ, મુર્ખ પ-

સુ કોણ ? માટે સંસારી સુખ છોડી દઈ ઈશ્વર ભજન કરી મોક્ષમ મેળવવી નાતમ મેલવવી નહી.

૫: રાગ કાફી.

(ધીરાના પદનો.)

ભાવે હરી ગુણ ગાનીરે, મોટાનો કેમ થાએ છોટો;
પાછળથી પસ્તાશે રે, ખાશે જ્યાં જમનો સોટો ટેક.
સુર દુર્લભ મનુષ્યા દેહ પામી, સમજ્યો નહીં કંઇ મર્મ,
અવળે માર્ગે ગયો અફળાતો, જાણ્યો નહી નીજ ધર્મ;
કર્મ કર્યાં બહુ માઠાંરે, વિચાર લાવી મન ખોટો, ભાવે હરી. ૧
આ તનનો તું ગર્વ કરે છે, ન હોય એ તારૂ સરીર,
આયુષ્ય તારૂ સહુ વહી જાશે, જેવું સરીતાનુ નીર;
કાયા તારી હેવી રે, પાણીનાં જેવો પરપોટો, ભાવે હરી. ૨
તુ જાણે જે સરવે મ્હારૂં સ્ત્રીસુત ધન ભંડાર,
તારી કેડે કોઇ નહી આવે, મીથ્યા કરે અહંકાર;
નિશ્ચે પડવા માટેરે, હાથે તું ખણે ખાડ મ્હોટો, ભાવે હરી. ૩
સંસારે બહુ સરસો રહેવા, કરે અનેક ઉપાએ,
જે કોઇ જગમાં લાભ બતાવે, તેહ તણા ગુણ ગાએ;
જાએ મુલકથી આઘોરે, પૈસાને સારૂ કાઢે દોટો, ભાવે હરી. ૪
એમ કરી જનમારો ગાળ્યો, કષ્ટ કરીને અપાર,
સ્ત્રીસુત કેરી આશા ઓચાકી, ભરાને ધન ભંડાર;
સોને નાણા આપેરે, જાણે કે ધુવે લંગોટો, ભાવે હરી. ૫
અતી વખાણી અળગાં રહેશે, પૈસા લઇ પરીવાર,
અંતે જાસો ખાલી મુઠીએ, નહી આપે તલભાર;
જાસો જાચ્યા તેવારે, બંધાવે નહી દામ ખોટો, ભાવે હરી. ૬
પાછળથી પસ્તાવો થાશે, જીવ જશે જમ પાસ,

બહાર નથી કોઈ ત્યાં કરવાનું, છેક તું થઇસ નિરાશ;
દાસ હરીનો નારણ રે, આપે છે શીર પ્રભુ મોટાં, ભાવે હરી. ૭.

'સાધુ—આ પ્રમાણે છે, માટે જાણી જોઇને કેમ ભમાય છે, ને ખોટી વસ્તુને સાચી માની તેમાં આયુશ ખોતાં નહીં.

વાણીઓ— માહારાજ મારે શું કરવું ?

સાધુ—તારે એક ટેક રાંખીને ઇશ્વર ભજન કરવું.

વાણીઆ—માહારાજ મારે કેવો ટેક રાખવો ?

સાધુ—તે હું તને બતાવું જે પ્રાણ જતા સુધી છોડવો નહીં તે સાંભળ.

ઇંદ્રવીજય અથવા સવૈયો ૧

ચંદ્રકું ચ્હાંવત ચીત ચકોરજ, લોટત નેનથુંકેનહીં વાંકો,
હંશ ઢુંઢત મોતે અનોપમ, મીનસુ ધ્યાન રહો બગલાકો;
પ્રાનકું છાંડત પ્રીત પતંગવો, દેખ અનંત ઉજાસ દીવાકો.
ધ્યાન લગેયું હરીપદ પંકજ, નારંન સીજત કારજ તાકો. ૧

સવૈયો. ૨

ખ્યાલ રચી નટ ખેલત દોરસુ, દેખત ખેલ ખડી સબ સૃષ્ટી,
સાજ અંબાજ બડી કીલકાર શુ વાંકિ નિસાન કરે નહિ ભ્રષ્ટી,
જો કામુ ચુકત નેનન ચોંટજ લોટત માઝુ ગિરી સહે કષ્ટી
નારન પ્રભુપદ ધ્યાન ધરો, પ્રભુ દુઃખ વિદાર કરેં અમી દ્રષ્ટી. ૨

સાધુ—આં સવૈયામાં પેહેલા ચોક્રમાં કહ્યું કે, ચંદ્રમાનું તેજ જોવું એ ચકોર પક્ષીને ઘણુંજ વાહાલું છે, તેથી તે ચંદ્રની સામું તેની પાસે જવાની ઉમેદ મનમાં રાંખીને ઊંચું ઉડે છે. પણ પોતાની ચંદ્રમાં પાસે જવાની શકિત નહી હોવાથી થાકી જવાથી તે પાછુ જમીન તરફ ઉતરે છે, પણ પોતાની દ્રષ્ટી ઊંધી ગરદન કરીને ચંદ્રમાં સાથે રાંખે છે તે છેક નીચે ભોંયપર તેની ગરદન અફળાય

છે ત્યારે ભોંયપર ફરી બેસીને ચંદ્રમા સામું જોયા કરે છે. તેમ અને હંસને જેમ મોતીનો ચારો વાહાલો છે. અને બગલાને જેમ માછલું વાહાલું છે. અને પતંગીઆને દીવાનું અજવાલું ઘણું વાહાલું છે, તે તે પકડવા જતાં માંહે બળી જાય છે, તોપણ મરવાની બીક ન રાખતાં તેની જોડે સ્નેહની આવેશમાં ઝંપલાવી પોતાનો નિયમ સાચો કરે છે. તેમ પરમેશ્વરના ચરણારવિંદમાં વ્રત્તિ લાગેલી રહે તેનું કામ થાય. બીજા સવૈઆમાં કહ્યું કે નટ લોકે વાંસડાના તરપાયા કરી તેના ઉપર દોરડાં બાંધી તેના ઉપર ઊભા થઈને ચાલે છે, રમે છે, તે જોવા દુનિઆમાંના તરેહવાર લુગડાં પોસાક પેહેરી નાના પ્રકારના સ્વરૂપવાન સ્ત્રી પુરૂસાદિ તે ખેલ જોવા સારૂં ત્યા આવીને ઊભા રહેલાં હોય છે, તેમજ તે નટના સોબતીએ ઢોલ થાલી વીગરે વગાડી મોટી મોટી કીકીઆરીઓ કરે છે, તોપણ પેલો દોરપર ચઢેલો આદમી નીચે કોઇની સામું જોતો નથી. તે ફકત પોતાનું નીસાન ધારેલું હોએ તેની સામુજ સુરતા લગાવીને બોલે છે, ચાલે છે, હીંચકા ખાય છે, જવાબ દેવા લાગે છે, તોપણ પોતાનું નીસાન ચુકતો નથી. કેમકે નીસાન ચુકે તો દોર ઉપરથી હેઠો પડી પ્રાણ જાય. તેજ પરમાણે આ દુનિઆના તમાસામાં રહી સરવેને મળતા ચાલી પરમાત્માની સાથે સુરતા દ્રઢ નિશ્ચયથી રાખી, વ્યવહારાદિ કર્મ કરીને વર્તવું. આવી રીતે જે આદમી ચાલે છે તેના ઉપર પરમેશ્વરની અમીદ્રષ્ટી થાય છે. નીકર સુરતા ચુકથી જેમ પેલા નટના હાડકા ભાંગી જઇ પ્રાણ જાએ છે તેજ પ્રમાણે મનુષ્ય લક્ષ ચોર્યાસીમાં પડે છે.

વાણિઓ—મહારાજ તમે સવૈયામાં કહ્યું તે પ્રમાણે હું મારી સુરતા શ્રીહરીના ભજનમાંજ રાખી, સંસારી કામ કરીશ. પણ મારે ટેક શાનો રાખવો, તે મને કૃપા કરીને બતાવો, કે તે ટેક મારો પ્રાણ જાએ ત્યાં સુધી મુકું નહી.

સાધુ—પેહેલા વાત તને કહું તે સાંભળ જે તને ગમે તે

ટેક તારે ખરા પ્રેમ તથા ઊત્સાહથી રાખી, પ્રેમ સહીત પરમેશ્વરનુ ધ્યાન, સ્તવન, ભજન કરવું કારણ કે પ્રેમની વાત મોટી છે, પ્રેમ વિના હરેક કામ ચોકસ થતું નથી, તેમજ ખરા પ્રેમ વિનાનું ભજન કર્યાથી ઈશ્વર રાજી થતા નથી. આગલ ભક્તોએ ખરા પ્રેમથી ભક્તિ કરી હતી તો તેને ઇશ્વર મળ્યા છે, પણ તેઓને પોતાનો ટેક છોડાવવાને સારૂ અત્યંત વિઘ્ન આવી પડયાં કે તેનો પ્રાણ જવાનો સમય આવી પહોંચ્યો, તોપણ તેમણે પોતાનો ટેક છોડયો નહીં ને પ્રેમ સહીત ઇશ્વર ભજનમાં મચ્યા રહ્યા તો તેના વિઘ્ન દુર થયા ને આખરે દરશણ થયાં ને મોક્ષ પદ મળ્યાં તેમાંના કેટલાક પ્રેમી ભક્તોના નામ તા. તેથી તેઓને થતા લાભની વાત આ નીચેના પદ માં કહુ છું તે સાંભળ.

પદ.

ગરબી. (ચાલ વેહેલી અલબેલી પ્યારી રાધે એ રાગ.)

તમે પ્રેમથી ભજો પ્રભુને ભાઇ. ટેક
જપો જાપ જાયપાપ. ખો સંતાપ લ્યો અમાપ.
કિર્તિ ધાઇ ધાઇ તમે પ્રેમથી ભજો પ્રભુને ભાઇ. ટેક.
એવું ધાયા તેતો ઘણુંજ કમાયા. જેણે મન થકી ત્યાગ કરી માયા.
રાખી નેમ; પ્રભુ પ્રેમ; તજી વ્હેમ, થયા ક્ષેમ હરી ગાઇ ગાઇ..
તમે. ૧
ખરા પ્રેમથી રીઝે છે અવિનાશી, ઘણા જન્મ તણા બંધ જાય નાસી;
બને ભક્ત ભજે જન્તુ રહી વિરક્ત, થાએ મુક્ત; ભલક માંઈ માંઇ.
તમે. ૨
સોપ્યું ચિત્ત પ્રભુ ચરણ પ્રહલાદે, ભજે નામ નિત્ય થતા વિખ્ખવાદે;
પીડ રાએ; સાપ્રજાએ; દુખદાએ, કરી સાંએ પ્રભુ ત્યાંહી ત્યાંહીં.
તમે. ૩
સુધનવાએ ધરી પ્રેમ હરી ગાયા, કીધો ક્રોધ નિજ તાતે તજીમાય;

તાતુ થાએ તેલ જ્યાંથ કઢાભાંય, નાખ્યો ત્યાંય બચ્યો નાહી નાહી.
તમે. ૪

જુઓ પ્રેમ તણી વાત ઘણી ભારી, ખરા પ્રેમથી આધીન ગિરિધારી;
રહ્યા સાથ, જદુનાથ છોડી સાથ, ઝાલી હાથ મીરાંબાઈ બાઈ.
તમે. ૫

હરી પ્રેમ મગ્ન મહેતા નરસાંઇ, કરી ભક્તિ ખરી જુનાગઢ માંઇ;
વિશ્વાંધાર આવી સાર ઘણીવાર, કરી વ્હાર ઝાલ્યા બાહી બાહી.
તમે. ૬

પીરો પીપો ધનો કબીર ભક્ત સાચા, સેનો રોહીદાશ આદે ભજી ગચ્યા;
થયાં કામ લેતા નામ મળ્યા ધામ; સુંદર સ્યામ ભેટ્યા ધાઇ ધાઇ.
તમે. ૭

એમ કામ અતિ ભક્ત કેરાં કીધાં, જેણે સુદ્ધ મને ભજી નામ લીધાં;
ધરી પ્રિત ભજે નિત્ય જે ખચિત, એજ રીત પ્રભુ સાહીં સાહી.
તમે. ૮

માટે હરી ભજને કહેણુ મારૂં માની, છોડી કામ ક્રોધ જુઠને ગુમાની;
પુરે આશ અવિનાશ રાખે પાશ, નારણદાશ રીઝે ગાઇ ગાઈ.
તમે. ૯

સાધુ—આ પદમાં કહેલા ભકતોની માફક તું ખરા પ્રેમથી એક ટેક રાખી ઇશ્વર ભજન કરસે તો તું પાર પડીશ.

વાણિઓ—માહારાજ આપ જેજે વાત કહોછો, તેમાં મને કંઇ પણ શક રેહેતો નથી. ને આપ જે કહોછો ને કહેસો તે પ્રમાણે હું ચાલીશ. પણ માહારાજ આજ સુધી ઘણા સાધુ સંતના મને દરશણ થઆં તેમાં કોઈએ આવી કૃપા મારા પર કરી નથી, ને આપ કૃપાળુ થયાછો તો મને ઇશ્વર ભજન કરવાનો રસ્તો બાતાવી મને ઉપદેશ કરીને કંઠી બાંધી મારૂં કલ્યાણ કરો.

સાધુ—આ નીચે તને લાવણી સમ્ભળાવું છું તેમાં કહ્યા પ્ર-

માણેનું એક ટેક રાખવાનું આકીન રખી ઈશ્વર ભજન કર.

લાવણી.

સંતન કહેતે સુનો બણીક સુત, યેહી ટેક મનમાં ધારો,
જીસસેં ભવજળ પાર તરોગે, કરે માયાશેં હરી ન્યારો,
મીટે જનમ ફેરા ચોર્યાસી સ્વર્ગવાશ સહજ આઈ મીલે,
એક ટેક રખ ભજો હરીકું, ફાંશી જમકી દુર ટળે. ૧
ભોર ભયો જબ ન્હાય ધોયકે હરી દરશણ કરને જાના,
પીછે અર્ઘ પુજન કર હરીકો રાજ્ય ભોગ પીછુવાના;
દીઓ દાન શંતન બ્રાહ્મનકું, સહેજદ્વાર કોઇ આઇ મીલે, એક. ૨
દીલ ચ્હાવે તો ફિરો રટન કરં નાહો તિર્થ જ્યાં ધામ બને,
તીર્થ દેવકા દરશન પાહાતે પાપ દુઃખ નહી આવે કને;
ભાગ્ય જીનોકે હોયગે દુર્લભ,સત્ય બરત મંન માંહી કળે, એક. ૩
નેમ રખો માળા જપનેકો; કરોં સાધન દિલ સાંચે,
અજાચક ખોવે પ્રાણ પરંતુ; કો આગળ વો ના જાચે;
હરનિશ હરીરશ પીવે હેતે કાયા પંજર હાડ ગળે, એક. ૪
લાઓ દયા દીલમાં અતી હાંશે દુર કરો પરદુઃખ પ્રીતે,
સત્ય બાદિ ભઈ જગમાં કહેના સત્યબાત વદો સુભરીતે;
જુઠ બચ્ચા કે પેઠા પાતિક ધર્મ પુન્ય સબ દુર પળે, એક. ૫
દિલ ચ્હાવે વો કરલે પ્રીતે દ્રઢ નિશ્ચય મનમાં લાકે,
મતછોડો જબ પ્રાનત્રાયું, કબુકાળ ખડાં સાનિધ્ય આકે;
માન હમેરા ધર એકીન કછુ જળે પાપ સુભ ધામ મળે, એક. ૬
માર્ગ હરીકો ભક્તિવોહે કઠિન ધાર ખાંડે જેસી,
શુરાકું ભય નહીં ઉનોકા રહે કબજે મ્યાને પેસી;
કહી ઉસમેસે બન સાવધકર નારણ એક ઉતાર ગળે, એક. ૭

સાધુ—આ કહયુ તેમાંથી એક ટેક રાખ ને ઈશ્વર ભજન કર.

વાણિઓ—શું કરૂ માહારાજ ?

સાધુ—સવારના પોહોરમાં વહેલા ઉઠી તુલસીનું દરશણ કરી નાહી લેવુ. ને ઘરમાં સેવા હોય તેનું પુજન કરા પછી ખાવું;

વાણિઓ—માહારાજ એ ટેક તો મારાથી નહીં રહે. કેમકે મારો રોજગાર જુદો પડયો હું ઉઘરાણી વિગરેના કારણસર બાહાર જાઊં ને તે મ્લેચ્છનુંજ ગામ હોય તો ત્યાં માહારો રાખેલાં ટેક જાએ માટે એ ટેક તો મારાથી નહીં રહે બીજો હોએ તો કહો.

સાધુ—દરરોજ બ્રાહ્મણ અથવા સાધુને કંઈ પણ દાન કરા પછી ખાવું.

વાણિઓ—એ પણ મારાથી નહીં થાય. કારણ કે કોઈ દીવસ પણ એ ટેક જાય. કેમકે ઉપલા કારણને લીધે તેઓ મળે નહીં.

સાધુ—આ સંસાર છોડી દે ને તિર્થો રટણ કર.

વાણિઓ—માહારાજ હું કુટો ગ્રહસ્થછું મારા ઘરમાં આઠ દશ માણુશનો કાફલો છે. હું તિર્થયાત્રા કરવા જાઊં તો મારો વેપાર ભાગી પડે, ઉઘરાણી રાણી થાય. મારૂં કુટુંબ ભુખે મરે ઈઆ દુઃખી થાય તેઓનો મને નિસાસો લાગે. તેમ છતાં હું તિર્થયાત્રા કરવા જાઊં, ને મારૂં સરીર માદુ પડયું તો મારો ટેક જે રોજ નવાં તિર્થમાં નાહાવાનો તે જાય માટે એ તો મારાથી નહી થાય બીજો ઉપાય કહો તે કરૂં.

સાધુ—દરરોજ ઘીનોદીવો કરી માળા ફેરવવાનો ટેક રાખ.

વાણિઓ—પરદેશ ગઓ હોઈએ ત્યાં લુખું અનાજ ખાવું પડે તો ઘીનો દીવો કયાંથી કરૂં, માટે એ ટેક મારાથી નહી રહે.

સાધુ—સાચુ બોલવું, પારકુ દુઃખ ભાગવું, દયા રાખવી,

વાણિઓ—માહારાજ હમે વેપાર કરીએ તેથી હમારાથી સાચું હમેસાં બોલાય નહીં કોઈ પ્રશગે પણ જુઠું બોલવું પડે. પારકું દુઃખ ભાગવાની મારામાં શક્તિ નથી. દયા રાખીએ તો રોજગાર

ભાગી પડું માટે એ વાતનો પણ ટેક મારાથી રેહેવાનો નથી. માટે હું નીચે તેમાણે આપને અરજ કરૂં છું તે કૃપા કરીને શ્રવણ કરો.

ત્રણે રાગમાં ગવાય પદ ઠુમરીઃ કાલેરો. પ્રભાત.

ટેક બતાદો જેમે ધારૂં પ્રાણું તે ના ત્યાગુ રે. ટેક બતાદો.
એસી બતાદો જેબની રેહેવે, જીવન જબ જીંદગાનીરે:
આપ બતાદો એહી કૃપાકર હોવે માગારાનીરે. ટેક બતાદો. ૧
આપે બતાયા કે કરો સાધન, વિધીવિઘ્ન બાહીઓપચારારે;
એ સબ છુટે એક પલકમાં, સંકટે બહુ લાચારીરે. ટેક બતાદો. ૨
નાહાના ધોના છાપ તિલક દિપ, દરશણ તુતશા જુદેરે:
એહી નિયમ નહીં રેહેવે મુજરશે માહા ગાયા બિચફંદરે. ટેક બતાદો. ૩
વણિક જાતમેં બનઉ વણજકું, નહીં કુચ સાધન વાહીરે;
ઓર બહુ મુજ કાયા રોગી તોપણ હોવંત નાહીંરે. ટેક બતાદો. ૪
તિર્થાટન કર આપ કહેશો, છીટતં સબ વ્યાપારરે;
ખુટ પડે સબ ધન દોલતવાં, કૈસી ચલે વ્યવહારરે. ટેક બતાદો. ૫
સ્ત્રી સુત માત પિતા અરૂબંધુ, હેય આશ્રમ સબમેરેરે;
કોન ઊનોકુ પોશે ક્યુંકર, એ અંદેસા દિલમેરે. ટેક બતાદો. ૬
એ સબમે દિલ ટેક રખુવો, ટુટે પલબીચ માંહીરે;
ટેક ન જાવે મીલે નારણકો સ્વામી, બતાદો આહીરે. ટેક બતાદો. ૭

વાણિઓ—મહારાજ તમને મેં મારી સર્વે વાત નિવેદન કરી તે મારાથી આપના કહ્યાં પરમાણે એકુ નિયમ રહે એમ મને લાગતું નથી. માટે એવો ટેક બતાવો કે, તે હું માંદો હોઊં કે સાજો પ્રદેશ હોઊં કે ઘરઆગલ પૈસો હોએ કે ગરીબી હોએ, તોપણ મારો રાખેલો ટેક જાય નહીં. એવું બતાવો કે મારો જીવ જાએ તોપણ હું તે ટેક છોડું નહીં. ને તેજ હું પાળું.

સાધુ —ભલા આદમી આટલી બાબતો તને કહી બતાવી તોપણ તને આમાની એકે પસંદ પડતી નથી તો હવે તને શું વધારે બતાવું ? જે તને કહ્યું છું તે તું કહે છે કે મારાથી એનો ટેક નહી રહે પછી મારે તને વધારે કહેવું શું ?.

વાણિઓ—માહારાજ તમારો ઉપદેશ મને એવો મનમા લાગ્યો છે કે કંઇ કહેવાની વાત નથી રહી. અને મારૂં મન ઈશ્વરની ભક્તિ કરવામાં ઘણુજ આતુર થઇ રહ્યું છે ને મેં એવો દ્રઢ નિશ્ચય કાધેલો છે કે એક ટેક રાખી ઈશ્વરનું ભજન ખરા પ્રેમથી આ દેહ રેહે ત્યા સુધી કરૂ. પણ તમોએ એક ટેક રાખવાનું કહીને જે ટેક મને બતાવ્યા તે તમામ કોઇ કાલે પણ લાચારીથી જાય એવાં કહ્યાને મારો નિશ્ચયતો એવો છે કે પ્રાણ જાય તો ખર પણ ટેક જવા દેવો નહી; માટે જે ટેક હું હાથે કરીને ખોઉં તોજ જાય નીકર જીવ જતા સુધી જાય નહી. ને તેમા કંઈ મેહેનત કે બીજું સાધન ન જોઈએ એવો ટેક બતાવી મને ઉપદેશ કરી કૃતાર્થ કરો ? તમો તો પરમ દયાળુ છો તો આ ઉપકાર કરવો તમારે કંઇ ભારે નથી ને મારૂં કલ્યાણ થશે.

સાધુ વિચાર કરી થોડીકવાર સુધી મુંગા રહી વાણિઆને કહે-છે—શેઠ તારી વાત સાંભળી હું ઘણો ખુશી થયો કે તું ભક્તિ કરીશ. પણ ભાઇ હું જે ટેક બતાવું તેતું ખરાદીલથી પાળશે ?

વાણિઓ—હા બાપજી હું ખરા પ્રેમથી પાળીશ.

સાધુ—મારા કહ્યા પ્રમાણેજ કરશે ? તારી ફાવતી તો નહી કરે ? કારણ કે ભક્તિ કરવામ. પણ લોકો ફાવતી શોધે છે.

વાણીઓ—ના માહારાજ હુ મારી ફાવતી કરવાનો નથી. તમો કેહેસો તે રસ્તે આ દેહ હશે ત્યાં સુધી ચાલીશ.

સાધુ—ઘણી ખુશીની વાત ત્યારે તને બતાવું છઊં તે ખર પ્રેમથી સાંભળી ગ્રહણ કરી તે પ્રમાણે આજથી ચાલજે.

ઊપદેશ કરે છે—તારાથી બને ત્યાં સુધી સવારમાં ઊઠી તુલ-

શીનાં દરશણ કરતાં બને ત્યાં સુધી સવારમાં નાહી દેવાર્ચન કરવું. બને ત્યાં સુધી જુઠું બોલવું નહી. બને ત્યાં સુધી અન્યાર્થીને આપવું બને ત્યાં સુધી માળા ફેરવવી બેને ત્યાં સુધી ધર્મદાન દયા લાવવી બને ત્યાં સુધી પરમાર્થ કરવું. બને ત્યાં લગી સાધુ સંતની સેવા ચાકરી કરવી. એટલા વાનાંના તારે ટેક સમજવો નહીં. પણ તારે ફાવતી જાણી છોડી દેવાં નહીં એ પણ ભક્તિનાં અંગ છે. માટે તને કહું છું તે તું હમેશાં એટલાંવાના જારી રાખજે.

વાણિઓ—વારૂ, માહારાજ આજથી મારે કરવા પણ માહારાજ મારે ટેક શાનો રાખવો તે તો આપે કંઈ કહ્યું નહી.

સાધુ—તારે ટેક એટલો પાલવો કે રોકડું. નાણું પૈસા રૂપિઓ કે પૈમરજાદ પણ કોઇને તારે આપવી નહી.

વાણિઓ—માહારાજ એ ટેક મારાથી રેહશે એ. જીવ જતાં સુધી હું છોડવાનો નથી. કારણ કે હું કોઇને આપીશ ત્યારે અપાશે હું કોઇને રોકડું આપવાનો નથી. ને મારો ટેક જવાનો નથી.

સાધુ—જો શેઠ તારો ટેક રેહવા તથા ઈશ્વરનું ભજન કરવા સારૂ આ ટેક બતાવું છું ને એ ટેક જોતું પોતાનો જીવ જાણીને તારે તારા જીવ સાથે સાચવવો ને આગળ તારાથી બનીશકે તો કરવાના જેટલાં વાંના કહયાં તેપણ તારે જારી રાખવાં. આવારીતે હમેશાં ચાલવાથી. તને શાક્ષાત નારાયણનાં દરશણ થશે- એ મારો આશિરવાદ છે. પણ આટલાં વાનાં તારો જીવ જાય પણ છોડતો નહીં એટેક તારો મુકાવવા શારૂ ઇશ્વર તને આફતમ. નાંખશે તોપણ તારે છોડવો નહીં.

પદ રેખતાવૃત.

રખનાજો એકીન; લીન ઉંસમેહી રેહેના;
પ્રાણ દેહ છુટજાય, કબુ જાને નહીં દેના. ૧
જોહી રખેગો ટેક, એક પલ બુરી હોવે;
સબ સુખ વાંમિટ જાય, પાયગો દુખ તન ખોવે. ૨
નીમ ધરાને કાજ- લાજ ખોઈ જન ઝાઝે

રિધ સિધ બ્હાં ભહાદુર, દીળદરે નોબત બાજે. ૩
ઓગે ભક્તો અનેક, જાન એસો હિ મચેથે;
બીત દૂખ અનેક, ટેક રખકે હી બચેથે; ૪
સુધન્વા પ્રહેલાદે, શુદામાં અમરીખ આદે;
ટેક છોડને કાજ, લાજ જાતીથી જાદે; ૫
નરસૈએકી પત્ય, સત્ય રખી કરૂણા કાંતે;
બાઈ મીરાંકે પાશ, પ્રભુ મીલગયે એકાંતે, ૬
હરીશ્ચંદ્ર હરસિધ, ભગત વિક્રમ નૃપ ભારે;
આખર રખીઓ માન, જાન જાતેથે જ્યારે; ૭
ટેક સત્યકે કાજ, યુધીષ્ટીર બનમે ભટકે:
પંચાળી • સબ ભ્રાત, પુરીવૈરાટે અટકે: ૮
પસુ પક્ષીકી• ટેક, પ્રભુ પાળતહે પ્રીતે;
જંબ લગવાકો પ્રાણુ, આચરે ત્રાસુભ રીતે; ૯
ચાતક પીતાબુંદ, શ્વાતીકો જોવે ચ્હાવે;
ઉશકું નીર અનેક, ટેકસેં કામ ન આવે; ૧૦
બાર માશકી પ્યાશ, નાશ કરતે હરી પ્રીતે;
માનુષ જાત ગુમાર, એકી રખતે નહી રીતે. ૧૧
માટે દીલ રખ એક, ટેક તો પ્યારા કરના;
પ્રાણુંગત પરી ત્યાગ, કભી ઉસકા નહીં કરના. ૧૨
સફળ શાસ્ત્રકો તત્વ ટેક રખતે મીલ આવે;
હોવે પુરી આશ, ત્રાશ દુઃખ પાસ ન આવે. ૧૩
નારન રખ એકદીન, છીનભર નહી બીસારો;
મીલે પ્રભુ ત્રતખેવ. એહી તરનેકો આરો. ૧૪

સાધુ—આ પ્રમાણે જેણે જેણે ટેક રાખ્યા છે. તેને આગમચ દુઃખનો વરસાદ વરસી રહયો હતો તોપણ તેઓએ આપત્તીમાં ધીરજ રાખી પોતાનો ટેક તેમણે ન જવા દીધો તો તેમને પ્રભુ મળ્યા.

સ્વર્ગમાં ગયા અને તેની કીર્તિ જગતમાં હજુ સુધી ગવાયા કરે છે માટે તારે પણ તેઓની માફક વર્તવું. ને સાધુના લક્ષણો પાળવાં.

વાણિઓ—માહારાજ હું તો વાણીઆની જાતછું ને સંસારી છું તે મારાથી સાધુના લક્ષણો કેમ પળાય હું કંઇ સાધુ થવાનો છું. એટલે કે ભગવા લુગડાં પેહેરી સંસાર છોડવાનો છું ? કે હુ સાધુનાં લક્ષણ પાળું ?

સાધુ—સાધુ સંત કોને કહેવા તે વાત મે તને આગળ કહીછે. એટલે વેશ બદલે ને ભગવાં પેહેરે તેને સાધુ સંત કહેવાય નહીં, એ તો જે માણસ સાધુના લક્ષણો પાળે તેનેજ સાધુ કહેવા. બાકીના બીજા બધાને લોભી દંભી પ્રપંચી કહેવા.

વાણિઓ—માહારાજ તે સાધુઓની વર્તણુંક કેવી હશે તે મને કૃપા કરીને કહો.

સાધુ—તે પ્રપંચી સાધુઓની રીત નીચેના પદમાં કહું છું તે સાંભળ અને એવા તારી નજરમાં આવે તેની સંગત ન કરતો.

પદ રાગ કાફી.

ધીરાના પદનો.

વધ્યા ઘણા પ્રપંચીરે; સાચાની શોધ લાગે નહીં.
કુટીલ દુર્મતિ વાળારે; ગુરૂ બહુ ગોથાં મારે અહીં. ટેક.
મનમાં જાણે કે મુજ સરીખો; છે નહીં જગમાં જન,
વાત કરે બહુ મુખથી મોટી, કહી ફસાવે મન;
ધન આપે થઈ ચેલારે થાપે છે તેને ગુરૂ કહી. વધ્યા. ૧
ગાય વગાડે શુરૂ ચઢાવે ધુણે શરીરને શીશ,
સત માર્ગ સ્વપને નહીં ચાલે કેમ મળે જગદીશ.
પોતે બુડે ભવમાંરે તરેસું ચેલા સંગે રહી. વધ્યા. ૨
પૈસા ઉપર પ્રીત વધારે નારી શું બાંધે નેહ,
જ્ઞાનનું પુછે થકી ખાય ગળચવું, પારસું પાડે એહ;
માને નહીં સામાનુંરે ઝુડે પોતાની મત ગ્રહી. વધ્યા. ૩

ડોળ કરવે ઉદ્યમ વરજે ધુતે સકળ સંસાર,
જે તે વાતે પૈસો હરવા, કરે આવો રોજગાર;
લગાર ડર નવ રાખે રે વલેશી પ્રભુ પાસે તહીં. વધ્યા. ૪
સંગત કરવી નહી સ્વપનામાં, એવા ગુરૂ સું પ્રીત,
નિર્લય થાતાં ભગમાં પડસો, કામ થશે વીપરીત;
વિત્ત ગમાસો હાથે રે આશાનુ પાણી જશે .વહી વધ્યા. ૫
માટે મન ચેતીને ચાલો છોડીને ગર્ત કુસંગ,
મન ગમતો ગુરૂ પાસે વસે છે, તેનો કરોની નિત્યસંગ;
અનંત દુખ સહુ જાશેરે ગુરૂ કહે તે કરો સહીં. વધ્યા ૬
નારણ કહે એથી ભવ તરશો કરશો આવું કામ,
શીર જતાં સતને નવ છોડો તો મળશે સુંદર સ્યામ;
ધામ થશે હરી પાંને ભજો પ્રભુને એવું લહી. વધ્યા. ૭

સાધુ—આ નજ્યું ભાઇ આવી રીતના વેશ ધારી. તા. લાલચુ સાધુઓ થાય છે. તેની સંગત કરવી નહીં ને પોતાના મનને ગુરૂ કરવો ને પોતાનો ગુરૂ મન જેમ કહે તેમ સારે રસ્તે ચાલવું ને આપણો રાખેલો ટેક જાન જાય તો પણ છોડવો નહી. આ મારૂં કહેવું તું સમજ્યો હોય તો તે મુજબ તું જીવે ત્યાં સુધી એક ટેક રાખીને રેહેજે.

વાણિઓ—માહારાજ ત્યારે મને ચાલવાનો રસ્તો બતાવી ટેક પાળવાનો કહ્યો તે પ્રમાણે હું જીવીશ ત્યાં સુધી ચાલીશ પણ મને તમે કહ્યું કે સાધુનાં લક્ષણો જે સંસારી માણુસ પાળે તેનેજ સાધુ જાણવા. એ સાધુનાં લક્ષણુ તે કેહેવાં હોય. ને તે પ્રમાણે ચાલવામાં કેમ વર્તવું તે મને કૃપા કરીને કહો કે હું તે પ્રમાણે ચાલું.

સાધુ—એ સાધુનાં લક્ષણો હું તને કહું છું તે સાભળ. જુઓ કે એક ઇંદ્રીના જ્ઞાન વાળાં પ્રાણી તે ઇંદ્રીના જોરે કરીને વિનાશ પામે છે, તો મનુષ્યને તો દશ ઇંદ્રીઓ છે. ને જો માણુસ એ દશે

ઈંદ્રીઓનેજ માત્ર આધીન થઈને વર્તે તો તેમાં વિનાશ કેમ ના નીપજે ? તે વિશે તને એક પદ કહું છું તે સાંભળ.

પદ રાગ ચોપાઇ ત્રણ તાલી.

ગુરૂને પદ નામું શીશ, કરૂણા કરો શ્રી જુગદીશ;
વદું સંતના લક્ષણઆજ, પરમેશ્વર રાખોનીલાજ. ૧
શત્ય પુરૂશની એવી રીત, જેને છે પ્રભુ ઉપર પ્રીત;
કામ ક્રોધને માયાત્યાગ, લહે પ્રભુ પદ સ્નેહ અથાગ. ૨
એક ઢીમર જાળ ભરે છે, મીનભક્ષણ માંહી ધરે છે;
મચ્છ પ્રીતથી વળગે ત્યાંહી, લોહકંટક લે મુખ માંહીં. ૩
થાય પરવશ જાય છે પ્રાણ, એવી માયાછે નિરવાણ;
એક મૃગલી તે વન ફરે છે, વનસ્પતિ ભક્ષણ કરેછે. ૪
સુણતામાં તે સુંદર ગ્નાન, વીસરે છે દેહનું ભાન;
મારે પારધી બંદુક ચાપી, પ્રાણ છાંડતાં કાયા કાપી. ૫
એક પારેવું ચારોરેવ્હાએ, અંનદેખીને ચરવા જાય;
કરે પારધી પાસ પિંજર, અન્નરાખે ઘણું અંદર. ૬
આવતામા તે આરૂ ભીડયું, જડતું નથી જાવાનેછીડું;
પછી મંન ઘણું પસ્તાય, જ્યારે માનવી આવીને રહાય, ૭
કરે કાગળ હસ્તની એક, મોટો ફંદ રૂચે જન છેક;
ગજ ફરતો ત્યાં આવી ચઢેછે, દેખીમાદાને ખાડે પડેછે. ૮
જન મારેછે ઝાઝો માર, ગતીભંગ કરી કાઢે બાહાર;
માટે સુણજો સરવે ગ્નાની, માયા પાસે પડે થઈ હાની. ૯
માટે તે થકી રેહેવું દુર, જાણી માયાનુ બળ ભરપુર;
જેમ અજગર લોભન વ્હાએ તેમ સંતોષરાખીકાય;
પરમેશ્વર આપે તે ખાવું, રાખીલોભઅતીશે નધાવું. ૧૧
એક મધુહાતે લોભ ધરેછે, મીણ ભક્ષણ રોજ કરે છે;
તે થકી તે પામેછે ત્રાશ, ખુવે ભક્ષને પામે નાશ. ૧૨

એમ સંચકવું દુઃખદેછે, અહોનીશ તેમાં મન રેહેછે;
માટે સાધુને સંચીન ભરવું કામ જેટલું એગું કરવું. ૧૩
કદી સરપ ન બાધે ધામ, કરે સુખક રહે વિશ્રામ;
તેમ સાધુને રાખવી રીત, ધામરચવું નહી શુભરીત. ૧૪
જેમ સુરજનીરને સોશે, પાછુ વરસાવે અતી હોંશે;
એવી રીતથી સંતને રેહેવું, લેવુ ને વળી પાછું દેવું. ૧૫
બો રાખેથી ખાશે માર, ભય માંથાનો નિરધાર;
માટે તે થકી રહીને દુર, જાણો ઈશ્વર છે ભરપુર. ૧૬
જેમ કુંવારી કાંકણ ફોડે, કોઈ શબ્દ સુણે નહી કોડે;
એમ ગુપ્ત રીતે જનસંત, ધરો ધ્યાન દઈ એકચંત. ૧૭
જેમ ચંદ્રમાં કેરી કળાય શુદવદમાંતે વધઘટ થાય;
પણ જાતે તેછેજ અભંગ, એમ અમર આત્માઅંગ. ૧૮
તાર કાઢે કરોળીઓ મુખથી, બાંધીજાળુવરોમાંહેસુખથી;
પાછોસરવેને ગ્રાસ કરેછે, જ્યાથી પેદા કર્યો ત્યાંધરેછે. ૧૯
એમલક્ષ ચૈંયાસી ખાણ, જાળ પેઠે રચી નિરવાણ;
અંતે સૈના આત્મા એક, સંત જાણો, એ મન વિવેક. ૨૦
એમજાણુવાનીગતિન્યારી, જાણેજતુંબનેજેભીંગારી;
મારે ડંખજેજંતુનેભમરી, છાંડેકાયાતેખાઈને તમરી. ૨૧
ધરે તેના તે સરખું સ્વરૂપ, છાંડે પુરવ રૂપ કુરૂપ;
એમ ભક્તિનો ડંશજ વાગે, ત્યારે મોહમાયાસૌત્યાગે. ૨૨
માયા તજતાં પ્રભુને જાણે, તેનું ભાગ્ય વેદ વખાણે;
થાય પ્રભુ સરખોતેપ્રાણી, જેણે સંતની રીતી જાણી. ૨૩
માટેસૌકોઈશ્રવણેધરજો, પ્રભુધ્યાનઅહનીશધરજો;
દાશ નારણ કહેછે એવું હરીભજી અચળ પદ લેવું. ૨૪

સાધુ—શેઠ આ પદમાં કહયા પ્રમાણે જે સમજીને થાય તેને કશી વાતની ન્યુન્ય રહેતી નથી. માટે આ પ્રમાણે તારે આજથી સંભાળીને ચાલવું, તેથી તારૂં ધાર્યું થયા વગર નહીં રહે.

વાણિયો—માહારાજ આપે જે કહ્યું તે હું મારા મનમાં સમજ્યો. ને આજથી તે પ્રમાણે ચાલીશ. પણ માહારાજ આ પદમાં કહેલા તમામ પશુઓ જે એક ઈંદ્રિવાળાને આટલું દુઃખ પડયું ને વિનાશ નિપજ્યો તો મારી તો દશ ઈંદ્રીઓ. તથા મનના અંકુશથી મારૂં શરીર પણ મારા કેહ્યામા રહેતું નથી. તો મારે કેમ કરવું? હવે સમજ્યા પછી મને ઘણો સંતાપ થાય છે. ને મારા મનમાં આ વખત એમ આવે છે કે દુનિઆમાં જીવવું સારૂં નથી કેમકે શરીર તથા ઈંદ્રીઓ કહ્યામાં રેહેવાની નથી ને રેહેતી પણ નથી. તે માટે હું આપને વીનંતી કરૂં છું કે કાયા થી તથા ઈંદ્રીઓથી હું આ પ્રમાણે દુઃખીયું તે નીચેના પદમાં આપને નિવેદન કરૂં છું.

પદ.

મેરી જાત બરન કુલ હીણ કહે જી કેસે તારેગે.

ગુરૂ દેવ કરૂં પરણામ, ઉપાય કહો તરવાના;
મારો જીવ ચઢયો વરભાંડ જેથી હું નકી મરવાનો. ટેક.
જેની જો હું પરણીયો તે બહુ ચાલે અડી;
દશ બાળક તેનાં ને મુજને ઘણું સંતાપે દહાડા રે. ઉપાય ૧
સૌ કુંટુંબ મારૂં નહીં માને, ચાલે આડી રાહ;
પંચ થયાછે મારા શત્રુ તેની સેવાને તે ચહાએ રે. ઉપાય ૨
જ્યાં દેખે ત્યાં મુજને મારે થઇને મારાં કાળ:
હું સંતાતો તેથી ચાલુ આવી મળે ત્રત કાળ રે. ઉપાય ૩
લઢી વઢી હું હાંકી મેલું તોય નમુકે કેડો;
નીત્યે મારાં મુળ કાપે એ દુઃખનો નથી છેડો રે. ઉપાય ૪
સું આદરવું કેવો ચાલું પુજુ કોના પાય;
જેથી માહારૂં કારજ સુધરે આવો જુલમ સહુ જાયરે. ઉપાય ૫
એનાથી હારીને બેઠો મરો રાંડ પરિવાર:
કહે નારણ દુખથી હું છુટું સત ગુરૂ જો કરો વ્હારરે. ઉપાય ૬

વાણિઓ—મહારાજ, આ પ્રમાણે મારૂં સરીર તથા ઇંદ્રીઓ મારા કબજામાં રેહેતી નથી. ને રેહેવાની પણ નથી એમને મોટો બય લાગે છે. માટે તમે મારી સાહેકરીને આ જુલમથી તમે છોડાવો ત્યારે ? નીકર. હવે તો હું તમારા પાશે તથા ઈશ્વરની પાશે એટલું જ માગુ છું કે હવે મારૂં મોત આવે તો સારૂ નીકર આ કાયા તથા ઇંદ્રીઓ મળીને, મને પાછો ચોર્યાસીના ફેરામાં ઘણાક પાપનો ગાસડો બંધાવીને નાખ્યા વગર નહી રહે. એમ મને ખાત્રી થાએ છે. કારણ કે સીરૂથીજ તેઓ બે કેદ થઇ ગએલા છે તેથી મારો ધાર્યો ધંધો કરવા દેવાનાં નથી.

સાધુ—શેઠ તું ધૈર્ય રાખ ગભરાવાનું કામ નથી. આવો આકળો બની સાહસ કામ કરવાથી તારૂ ધાર્યું થવાનું નથી. ને ઊલટો નિરાશ થઈ જઈશ. કેમકે મોક્ષપદ પામવા સારૂ તો લક્ષચોર્યાસી ચોનીના અવતારોમાં ઇશ્વરનું ભજન કરી પરમાત્માની કૃપા મેળવીને આ મનુષ્ય દેહ લીધો છે. કે જેથી મનસા વાચા ને કર્મણાએ ઇશ્વર ભજન કરી. ઇશ્વર પદને પ્રાપ્તથવું. તેમાં આવો ઘભરાટ. ઉતપનકરી. દેહછોડી દીધાથીતો પાછો જીતીબાજી હારીજશે, અને અત્યાર સુધી જે કર્મો કરેલાછે, તેનો બદલો ભોગવવા સારૂ પાછું તહારે ચોર્યાશીમા પડવું પડશે તેથી. આગલા કર્મોતો કરેલાછે, અને અત્યાર પછી સતકર્મો કરીશ, તો કઇ સારૂજ થશે. માટે ઇદ્રીઓને વસમાં રાખી, કાયાનું રક્ષણ કરીને જેમ બને તેમ તારો રહેલો આવરદા પુરો થાએ ત્યાંસુધી. સતકર્મોકર કે તેમાં નફોથાય.

વાણિઓ—ઇદ્રીઓને કેવીરીતે વશમાંરાખું?

સાધુ—શતકર્મોમાં ઇદ્રીઓ વાપર. ને કુકર્મ કરવાની વૃતીથઈ ઈદ્રીઓ ત્યાંદોડે તેવખતે મનમાં વીચાર કરી પાછી હઠાવવી. જેમકે આંખ. થી ઘણાપાપ થાય છે, પણ પાપ કર્મ કરવા પર દ્રષ્ટી બેસે તે ઘડી જાણે આંધળા છીએ, એમ મનવાળી નજર ખશેડવી. તો તેથી થતા પાપથી તુ બચીશ. તેમજ જે જે ઇદ્રીઓ કુકર્મ કરવા

જાએ તેને વાસ્તે મનમાં વીચાર કરવો કે જાણે તે ઇંદ્રીઓ મારે સી-રૂથી છેજ નહી, એમ રાખી કુકર્મથી દુર રહેવું એ વાશે તન એક પદ કહ્યું તે સાંભળ.

પદ.

જાતવરન કુલ હીણ કહોજી કેશેનો રાગે.

ગુરૂદેવ કહે ૯૨ પેર જેથીએ સહુ દુર નાશે;
તારો થાશે મનોરથ સીધ જુલમ સરવે જાશે. ટેક.
નારીને તમે સાથે રાખો બાળકને નવ લ્હાઓ;
તેનું સાંભળસો નહી કાને તનુજ કહે ત્યાં ન જાઓ જેથી. ૧
જાણે બાળક છે નહીમારે એવુ મનમાં ધારો:
છે પણ નહી તે વાતે જાણો ત્યારે આવે દુખઆરો. જેથી. ૨
જો બાળકની હાની કીજે નારી પામે દુ:ખ;
ઘર ધણીઆણી હારી બેશે તોકેમ પામીએ સુખ. જેથી. ૩
ઘર સંસાર ન ભાવો હોંશે સત્ય મારગને ઝાલો;
અશત્યને અળગું મુકી દઈ આડે માર્ગે નચાલો. જેથી. ૪
પાચ શત્રુ તારી પુંઠે છે તેનું જોર ન ચાલે;
જીવતા મરશે પાચે જણને સુખસાગરમાંતુમાહાલે. જેથી. ૫
દ્રઢ વિશ્વાશે મનમાં રહીને સંત ગુરૂને સેવો;
કહે નારણ હરીની ભકતીનો અમૃતરશ પીલેવો. જેથી. ૬

સાધુ—કે આ પદમાં જેમ કહ્યું તે પ્રમાણે કાયાનું રક્ષણ કરવું ને ઇંદ્રીઓના વશમાં રેહેવું નહી. એટલે પછી તારા પાચ શત્રુનું કંઈજ જોર ચાલવાનું નથી. એટલે તે મુઆ જેવા તારામાં રહેશે. ને તને ખરાબ કરવાના નથી.

વાણિઓ—વારૂ બાપજી તમારા કહેવા પ્રમાણે શતકર્મો કરતી વખત મારી ઇંદ્રીઓ છે એમ સમજીશ. ને કુકર્મો કરતી વખત જાણે હું ઇંદ્રીઓ વિનાનો છું એ પ્રમાણે સમજીશ. તથા ઉપર કહ્યા પ્ર-

માણે ભક્તીના અંગ જારી રાગી જીવ જતા સુધી મને બતાવેલો ટેક હું રાખીશ.

સાધુ—આ પ્રમાણે ચાલજે ને પ્રભુનું ભજન હમેસાં તુ કર્યા કરજે હવે તાહારે મને કંઇ પુછવું છે ?

વાણિઓ—માહારાજ મનસા વાચા ને કર્મણાએ ત્રણ પ્રકારના પાપો થાએ છે. તેમાં કયુ પાપ સહુથી કનીષ્ટ છે. તે મને કહો તથા તેથી બચવાના ઉપાઓ કહો કે મારાથી પાપ કમો જેમ ઓછા થાએ એવો ઉદ્યોગ કરૂ.

ગુરૂ—મેં તને હમણા દશે ઇંદ્રીઓને વશ કરવાનું પદ કહ્યું તેથી ચાલતા સુધી કંઈ પાપ નહી થાય પણ ત્રીજો પ્રકાર જે કર્મણા પાપનો પ્રધાન્ય વિશય ઈંદ્રી છે તેથી તારે વધારે સાવધાન રહેવું.

વાણિઓ—કેમ માહારાજ તમારૂં એમ બોલવું થકી શું તમોએ ઇંદ્રીઓનો નીગ્રહનું પદ કહી સભળાવ્યું તે પ્રમાણે વર્તાથી પણ તે વશ નહી થાએ. કેમ બીજી ઈંદ્રીઓ કરતા એ વધારે પ્રબળ છે.

ગુરૂ—હા એ ઇંદ્રીમાં કામદેવનો વાસો છે એ કામદેવ એવો તો જોરાવર છે કે મોટા મોટાં દેવોને એને જરા વારમાં ભ્રષ્ટ કરી નાખ્યા ને મોટા મોટા રૂશીઓની ઈજ્જત લઇ નાખી ને મોટા મોટા સુરવીરોને મારી નંખાવ્યા તો તું તો એક અલ્પ જીવ છે માટે તાહરે તો વધારે સાવધાન રેહેવુંજ જોઇએ તેથી મે તને એ ઇંદ્રીથી સાવધાન રહેવાનું કહ્યું.

વાણિઓ—માહારાજ એ કામદેવે કોને કોને કેવી રીતે સતાવ્યા તે મને કૃપા કરીને કહો.

ગુરૂ—આ પદમાં હું તને થોડાક જણના નામ સંક્ષેપથી કહુ છું તે સાંભળ એટલે તારી ખાત્રી થશે કે કામદેવનાં જોરથી પીડાઈ પરપત્નીશંગ કરતા કેવા ખરાબ થયા.

પદ.

રાગ ગરબી ચાલ વેહેલી અલબેલી પ્યારી રાધે.

નર જાણુ નર્કખાંણ પરનારી,
હાલી બ્હાએ ફોલીખાએ વીત્ત ગમાય; દેહ દમાએ,
જસો હારી હારી. નર જાણુ. ૯૪.

એતો જગર ડસે ઝેરથી પીલાવે,
નામ નારી હાથ સીંહ શું મીલાવે;
દેખી દોરી બીએ સર્પને નચાવે
વીના દીપક રેન વંનમાં ગમાવે
કરે કામ ધરી હામ તજી ધામ. નાખી વામ.
તરે વારી વારી રે. નર. ૧

એણે મોટા મોટા જન વશ્ય કીધા.
માહા સુરવીર સહુ જીતી લીધા.
રાખ્યા પાશ કરીદાશ સહુ બીધા
કર્યા પાયમાલ પીછી છેહ દીધાં
પામ્યા હાર મોહી નાર થઇ ખુવાર કરીજાર.
વીત હારી હારી. નર. ૨

જુઓ ઈંદ્ર ચંદ્રે અહલ્યાને માણી
કીધા પ્રગટ એકી રૂસી છાટી પાણી
પછી દુષ્ટ વૃતી રૂસીએ સૌ જાણી.
દીધો શ્રાપ ગૌતમે તે ક્રોધ આંણી
થઓ ક્ષીણુ ચંદ્ર હીણુ સૌ પ્રવીણુ ઇદ્રલીન
ભગ ધારી ધારી રે. નર. ૩

જુઓ શીવને ભમાવ્યા ભીલરાણી
કીધું કપટ સતી પતીએ ના પીછાણી
ધર્યા શ્વાંગ અધીક આવ્યાં પટરાણી

દેખી રૂપને મોહ્યાતા શુળ પાણી
આપ્યુ માન તજી ધ્યાન ગઇસાન ખોયું ભાન
જટા ધારી ધારી રે. નર. ૪
સીતા નારીને તે રાવણે ઉઠાવી
મુકી બાગ મધ્ય લંકે માહી લાવી
વટી સીંધુ રામ સેન્ય ત્યાંહી આવી
કરી યુધ અતી ભોમીને કંપાવી
ખોયુ રાજ સૌ સમાજ ઘટીલાજ રઘુરાજે
નાખ્યા મારી મારી રે. નર. ૫
કેઅન્યાય ઘણો નીચ માહા પાપી
લેવા લાજ સતી દ્રુપતી સંતાપી
જવા સયન અહે રંજ ભીમે આપી
સુતો ભીમ દ્વારે પાય એક ચાંપી
પોતે ધાઇ મંદીર માંહી ખોસ્યો ત્યાંહી માલ જ્યાંહી
દાબ્યો ભારી ભારી રે. નર. ૬
વાળી વાનરાએ ભ્રાત નારી રાખી
કીધા મોજ ભોગ રંગ રસ ચાખી
રઘુવીરને સુગ્રીવે વાત ભાખી
લડ્યા ભ્રાત બેઊ અસ્ત્ર શસ્ત્ર નાખી
વજ્યો ધાણ થઈ હાણ વાગ્યું બાણ ગઓ પ્રાણ
આપી નારી નારી નર. ૭
પારાશરે તે પટાવી મછગંધા
હતી માછીની સુતા તે દુરગંધા
દેખી રૂપ રસી થયા કામ અંધા
તપો બળે કાઢ્યા દોશ તેના સંધા
રમ્યા રંગ તેનીસંગ થઇ અનંગ શોપ્યું અંગ
તપ હારી હારી નર. ૮
બહુ તપમાં વધ્યાતા એકલ શ્રંગી

તજ્યા સર્વ ગીજ ભક્ષજે અનંગી
થઇ ધ્યાન યોગ થઈ હરી શંગી
એવું આદરતું તપ માહા અભંગી
રંભા નાર આવી સાર આંપ્યો અહાર જેડી પ્યાર
વર્યા નારી નારી રે નર. ૯
એમ સરવને ખરાબ કર્યાં ખાંતે
કહે નારણુ વહયાના કોઇ નીરાંતે
થઆ ભ્રષ્ટ સર્વે નારી સંગ જાતે
પામ્યા દુખ અતી સહયાનીજ જાતે
માટે ભાઈ હરીગાઈ હયોની સાહી જદુરાઈ
ચર્ણુ વારી વારી રે નર. ૧૦

ગુરૂ—ભાઇ આ પદમાં કહેલા આવા સમર્થ તથા નિતિવાન તથા તપશ્વિ લોકોની એ કામદેવે આબરૂ લઇ નાખી છે તો તે તને કેમ છોડશે માટે એ વિશે તને વધારે સાંવચેત રહેવાનું કહું છું. માટે ચેતીને ચાલજે.

વાણિઆ—સારૂ થઉ કૃપાનાથ મને ખબર કરી તો એ બધાઆ તો પોતાના પ્રબળમાં તથાં સામર્થમાં, અહકારના આવેશમાં આવ્યાથી તેઓ ખરાબ થઆ પણ માહારાજ હું તો હુંપદને વેગળું જ મુકીને ધંધો કરવાનો છું, એટલે કામદેવ મને પીડા નહી કરે. કારણ કે હું નમ્રતાઈથી ચાલીશ. એટલે મને જવા દેશે. અહંકારથા સર્વે વિનાશ નીપજે છે.

ગુરૂ—ભાઈ તું સાચું કહે છે. કારણ કે અહંકાર રિપુ એવો પ્રબળ રેહે છે કે જેનામાં અહંકાર આવ્યો તેનામાં બધી ઈંદ્રીઓ સુન્ય થઈ જાઈ ફકત અહંકાર જ્યાં ઘેરે છે ત્યાં ઇદ્રીઓ જાએછે તેથી તથા આંખોમાં માયાની છારી આવી જાએ છે તેથી તેને કંઈ સુઝતું નથી. હું ને મારૂં એજ તેનામાં લાગી રહે છે. માટે તું અહંકાર

લાવતો નહી. ને માયાની અંધારીમાં પડી તારી આંખે માયાના પડ ,
" જા લાવતો નહીં. એટલે તારૂં ધારેલું પાર પડશે ને તને ઈશ્વર મળ
શે કારણ કે આખુ વીશ્વ માયાના ફાંસામાં પડી, માહા દુખ પામેછે.
તે વાશે તને એક પદ કહુ છઊ તે સાંભળ.

પદ.

મેરી જાત બરન કુલહીણ કહોઈ કેસે નીરેગે.

માયા પાસે પડયા, બહુ જન જગત દુખમાં ઝુઝે;
આંખે વળી માયાની છારી, તેથીતો હરી નંવ સુઝે. ટેક.
હું તું સહુ જુદા જાતી, કરે અતી વીખવાદ;
એક એકના મત ખેંચે છે, કરી વાદ વીવાદ. જગત. ૧
એક બીજાની નીંદા બોલે, મન આણી અહંકાર;
સામાને સબળો સંતાપી, હરખ પામે છે અપાર. જગત. ૨
ખોટાને સાચું જાણે છે, સાચું જાણે ફોક;
કરવાનું તે છોડી દેને, ના કરવાનું કરે લોક. જગત. ૩
સત મારગ જે હરીનો મુકી, ચાલે મારગ આડે;
આંખેદે માયા અંધારી, પડે ચોર્યાસીને ખાડે. જગત. ૪
સ્વપનાવત આ સુખ સંસારી, નીદ્રામા સૌ જોણ;
પ્રાત:કાળે ઝબકી જાગ્યો, થયો નીરાશ ને ખોણ. જગત. ૫
દુખ દરીઓ આવીને પડીઓ, ચારે ખાણે ભમીઓ;
પેહેલાંથી આ મનખ્યા દેહે, ભાવે હરીને ના નમીઓ. જગત. ૬
દુખ દાયક થોડું સુખ મેલી, સુખ સાગરમાં ઝીલો;
ઝેરી માયા ઢોળી નાખી, હરીરસ અમૃત પીલો. જગત. ૭
કહ્યું સાભળો માંરૂ કાને, તો તમને સમજાવું;
હરી ભજો આ મનખા દેહી, ટાણું મળે નહી આવું. જગત. ૮
સરવે ઘટમાં એક અવીનાશી, સમજી નમતા રહેવું;
કહે નારણ એથી સુખ મળશે, સ્વર્ગ ભોવનના જેવું. જગત. ૯

ગુરૂ—ભાઈ આ પદમાં કહયા પરમાણે ચર્મ ચક્ષુ એટલે માયાની ખુમારી આખમાં આવવા દેવી નહી. તેમાં હરીરશ રૂપી દરરોજ અંજન કરી અહંકારની છારી કાપ્યા કરવી. એ છારી તારી આંખમાંથી ગઈ ને ગ્નાન ચક્ષુ થશે કે તને ઇશ્વર સચરાચર જણાશે માટે ગ્નાન ચક્ષું થવા વાંસ્તે પેહેલા તારે ઝીણા પણું રાખી સૌની જોડે નમ્રતાઇથી તથા વિનયથી વર્તવું ને સૌને નમીને ચાલવું એ ઉપરથી તુલસીદાસે એક દોહોરો કહ્યો છે.

લઘુતા પ્રભુતા સેંબડી, લગુતા પ્રભુતા સમાન;
લઘુતાસેં પ્રભુનહીં મીલે, તો તુલશીદાસ જમાન.

એમ આગળના ભક્તોનું પણ કહેવું છે, માટે નમ્રતાઇ રાખી સોની સાથે નમ્રતા પુર્વક વરતવું તે વીશે હું તને એક પદ સંભળાવુ છઊ.

પદ.

મેરી જાત બરન કુલ હીણુ કહોજી કેસે તારેગે.
વશે શ્રી હરી સૌ ઘટમાહી, બુજીને એવું શીરનામો;
પામો પ્રેમ પ્રભુનો ભાઈ, પેહેરીને હરી યશ જામો. ટેક.
માલીક તે આ ઘટમાં રહે છે જેણે દુનીઆ બાંધી;
સાચવવા સાથે બેઠો છે અનેક યુકતી સાધી. બુજીને. ૧
પીતા સરવનો એ છે જાતે બાળક સૌ જગ પ્રાણી;
રાત દીવશ હેતે સંભાળે પ્રીત પોતાની જાણી. બુજીને. ૨
તેને વ્હાલો વેરી કો નથી સૌ પરસરખીં માયા;
ચાર ખાણુના સઘળા જીવને એની ઘણી છે સાહયા. બુજીને. ૩
માટે સજ્જન તમને કહુ છઊ સૌને મમતા દીડો;
કરૂણા સીંધુ સૌ પાસે છે માનવ પશુ ખગ કીડો. બુજીને. ૪
પાશેછે ને નહીં ઓળખસો તો તે કહો ક્યમ જડશે;
કસ્તુરી કારણુ મૃગ જાતે અઘોર વન આથડશે. બુજીને. ૫

નારણ કહે હું જેવું જાણું તેવું તમને કહુછું;
સરવે મે હરી સરખા જાણી ભાવે નમીને સુખ લહુછું. ગુરૂને. ૯

ગુરૂ—શેઠ અત્યાર સુધી જે મે તને આ વીવેચન કરીને સમજાવ્યુ તે હવે તું ભુલતો નહી. ને મારા હીતોપદેષ કર્યા પરમાણે ટેકથી ચાલી. ઇશ્વર ભજન ખરા પ્રેમથી કરજે કે તારૂ તથા મારૂ કલ્યાણ થાએ.

વાણિઓ—માહારાજ મારૂ કલ્યાણ થાએ એવું તમે બતાવ્યા પ્રમાણે હું ચાલીશ તો મારૂ કલ્યાણ થશે. પણ તમો કહોછો કે મારૂ કલ્યાણ થાય એનુ કારણ મારાથી સમજાતું નથી કેમકે તમો આવા પવીત્ર શાંત છો, ને તમારૂ કલ્યાણ થવાનું બાકી છે ?

ગુરૂ—ભાઇ સાસ્ત્રનો નીયમ છે કે નાના છોકરાં પાપ કરે તેનું ફળ માબાપ ભોગવે ને શીશ્ય પાપ કરે તો તેમાં મારે ભાગીદાર થવું પડે. ને તેથી મારા સુક્રિત ઓછા થઇ પાપ જમા થાએ તો મારા શતકર્મો ડુબી જવાથી મારે કુકર્મનો બદલો ભોગવવો પડે તો મારો હેતુ ધૂળ થઇ જાએ. વાસ્તે તારા કલ્યાણ જોડે મારૂ કલ્યાણ કહી બતાવ્યુ. માટે સારે રસ્તે ચાલજે, સુક્રિત કરી, હરી ભજન કરી પરમેશ્વરનું દરશન પામી તું સ્વર્ગે જજે એ મારો આસરવાદ છે. ને ઉપલાજ કારણથી ગુરૂ પોતાનાં ચેલાનું હીત વાચ્ચે છે.

વાણિઓ—તથાસ્તું માહારાજ તમારો આશરવાદ હું માથે ચઢાવું છું.

સાધુ—શેઠ હવે અમને રજા આપ કે હમો યાત્રા કરવા સારૂ જઇએ.

વાણિઓ—માહારાજ પાચ રાત્રી અહીઆજ રહી જાઓ તો ઘણી ખુસી ઉપજે જુઓની ચાતુર્માશ છે ?

સાધુ—તિર્થવાસી સાધુને જ્યાહાં સુધી ક્રુચ થાએ તેમાં તેને રોકાણ કહવું નહીં એથી પાપ લાગે ખુસીથી રહે તે વાત જુદી છે.

વાણિઓ—જેવી માહારાજની ઇછા એમ કહી ઘણી ઘણીઆ

ણી બને જણુ પેલા પાંચે સાધુઓને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી માહારાજના બીસ્તરાલઈ ગામ બાહાર ગળા સુધી વીદાય કરી આવ્યાં. વાણિઓ સાધુઓને વીદાય કરીને ઘેર આવ્યા પછી પોતાની બાયડીને કહે છે કે આ સાધુએ આપણને જે રસ્તે ચાલવાનું કહી ગયા તે તો તને તમામ વાત યાદ છે જ એ પ્રમાણે આપણે બને જણાએ ચાલવું. ન ચાલીએ તો અપરાધી કહેવાઈએ આપણે બને જણાએ એક પાઈ પણ રોકડી કોઇને આપવી નહી નીકર આપણો ટેક જશે તેથી એ ટેક આપણા જીવના કરતાં પણ વધારે સાચવવાનો છે. તેથી તે સચવાતવો તો ઇશ્વરના હાથમાં છે આ પ્રમાણે બને જણા ઇશ્વર પર આધાર રાખી સાધુએ બતાવેલાં ભકતીનાં અંગના સદાચરણ પાળવાં લાગ્યા.

એકવાર કંઇ મોહોદય સરખુ પર્વ આવ્યુ તેથી આશપાશના ગામના લોક પાશે મોટુ તિર્થ હશે ત્યાં નાહાવા જતાં હતા. ત પેલા વાણીઆની સ્ત્રીએ જોયાં એ પોતાના ધણીને કહે છે—સ્વામીનાથ તમો કહો તો આપણે પણ નાહાવા જઇએ ?

વાણિઓ—આપણે ન આપવાનો ટેક પાળીએ છીએ વાસ્તે આપણાથી નાહાવા ન જવાએ જઇએ તો ટેક ખોઇ આવીએ.

સ્ત્રી—સ્વામીનાથ ટેક ખોઇએ તો જાએ નીકર કંઈ જાએ નહી

વાણિઓ—કેમ ભુલી પડે છે આપણે નાહાવા જઇએ ત્યાં તિર્થ ગોર પાશે પુજન અર્ચન કરાવી તેને દક્ષણા આપવી પડે. એટલે ટેક જાએ. આપણે રોકડું કોઇને આપીએ છીએ ?

સ્ત્રી—આપણે કોઈને કંઈ નહી આપીએ.

વાણિઓ—ચાલે નહી તો નીકર પુન્ય કરતાં પાપ લાગે.

સ્ત્રી—જે ફળ તીર્થમાં નાહીને અતિદાન કર્યાથી રાજાને મળે છે. તેટલુંજ ફળ પ્રજાને સ્નાન કર્યાથી મળે છે. એવું શાસ્ત્રનું વચન છે. માટે તિર્થનો મહીમાં ઘણો મોટો છે.

સ્ત્રી— પદ રાગ વેરાડી.

કંથને કહે છે કામની, પીઊ ન્હાવા જાઓ;
પર્વ મહોદય આવીયું, સ્નાને પાવન થાઓ. કંથને. ૧
જુઓ લોકના થોક સીધાંવતા, જાય કરવા સ્નાન;
પાપ ખુવે એક પલકમાં; કહ્યું સાભળો કાન. કંથને. ૨
તીર્થ પ્રતાપ અતી ઘણો, વદે વેદ પુરાણ;
ઊતમ પદ મળે સ્નાનથી, કેમ થાઓ અજાણ. કંથને. ૩
પાપ નીવારણ કારણે, કર્યા પ્રભુએ તીર્થ;
સેવો તેને તમે ટેકથી, કેમ બીયોછો વ્યર્થ. કંથને. ૪
ગંગા રેવા અને ગોમતી, સીંધુ સાગર નીર;
જમના સરસ્વતી ગંલ્લંકી, તેના પવીત્ર તીર. કંથને. ૫
કેટલાં તીર્થ સમર્થ છે, કહેતા આવે ન પાર;
મન વાંછીત ફળ ભોગવે, કરી પાપ નીવાર. કંથને ૬
નીત્ય નીયમ તમે આચરો, છોડી વૈષ્ણવ પુર;
સ્નાનેથી શ્રીહરી રીઝશે, થાશે દુઃખ સૈ દુર. કંથને. ૭
ટેક તમારો ન છોડસો, નહી દેતાજી દામ;
પનઘટથી જઇ વેગળા, નહાજો નહીલે નામ. કંથને. ૮
દીજ કોઇ ત્યાં નહી આવશે, મહી જાએજી ટેક;
સ્નાનેથી સુકીત વાધશે, મારી સાભળો એક. કંથને ૯
પર્વ ગઉ નહી આવશે, કહ્યું મનમાં આણો;
ઓડે નારાયણ રણ થકી, સ્નાનથી સુખમાણો. કંથને. ૧૦

માટે સ્વામીનાથ. તમો મારૂ માનીને નહાવા જાઓ.

વાણિઓ—તને મેં આગળ કહ્યું તે પ્રમાણે ટેક જાએ માટે મારાથી નહી જવાએ તારે એ વીસેની તાંણ કરવી નહીં, નાહાએથી શું વધારે છે ! જળચર પ્રાણી નાહવાજ કરે છે તો.

સ્ત્રી—તેનો તો તેમાં જન્મ છે ને તે પ્રાણી પાપ પુન્ય સમજ-

તાં નથી. ને આપણને તો પરમેશ્વરે તર્ક શક્તિ આપી છે તેથી પાપ પુન્યના રસ્તા જાણીએ છીએ. માટે પુન્યનું કામ જાણીને હું તુમને આ નાહાવા જવાનો આગ્રહ કરૂ છું. માટે જાઓ. ને મને પણ નાહાવા જવાની રજા આપો.

વાણિઓ—તારા કહેવા પ્રમાણે મારા મનથી હું જાણું છું કે પુન્યનું કામ છે. ને નાહીને સાર્થક કરવું એ આપણો ધર્મ છે પણ શું કરૂં ત્યાં બ્રાહ્મણ આવીને મને ચાલ્લો કરે ને મારે તેને દક્ષણા આપવી પડે. જો ન આપુ તો બ્રાહ્મણ નીમુંખ જાએ તેનું પાપ લાગે. ને દક્ષણા આપુ તો મારો ટેક જાએ. એ વીચારમાં હું ગીરફ્તાર થઇ જઈ, તારા આગ્રહ કર્યા પરમાણે હું નાહાવા જતો નથી. તો તને કેમ મોકલું ?

સ્ત્રી—સ્વામીનાથ તમને જો એમ બીક રહેતી હોએ કે બ્રાહ્મણ ચાંલ્લો કરસે તો તમને આ રીત બતાવું છું. તે સાંભળો. જ્યા ઓવારો હશે. ત્યાં બ્રાહ્મણો હશે માટે તમારે તે જગ્યાએ ન નહાવું. બીજે ઠેકાણે આઘે જઈને જ્યાં કોઇ ન હોએ ત્યાં જઈ નાહાવું કે તમારો ટેક રહેશે.

વાણિઓ—કદાશ કોઇ આવી મને સપડાવે ત્યારે ?

સ્ત્રી—ઈશ્વરી કૃતિથી કોઈ માહીતગાર છે ? ભાવિકાળને કોઈ ટાળ્યું છે ? લખીત વાત મિથ્યા થઇ શકવાની છે ? માટે ખોટો સંકલ્પ વિકલ્પ કરીને આપવે શું કરવા જવાદો છો. ઇશ્વર પર આધાર રાખી. ખરી શ્રધાથી જાઓ તમો નાહી આવો ? અને આ પદ સાંભળીને મન દ્રઢ કરો ?

પદ.

પ્રભાતની દેશી.

ભાવી તો ભુલેજ નહીં કરો કોટી કાળજી. ભાવી તો. ટેક.
મળી દેવ દાનવોએ, વલોવ્યો તો વારધી;

રહ્યા દૈત વીસે મુખ, રહ્યા દેવ સારજી. ભાવી તો. ૧
નથી કોઈ બીજુ અન્ય, ઈંદ્રની સમ નજી;
થયા રૂંવે રૂંવે ભગ, નાઠો તજી માંનજી. ભાવી તો. ૨
કરી ક્રીડા ઉમાસીવે, ધરી મન આશજી;
તોએ પગુ ભિમાવંઝા, થયા છે નીરાશજી. ભાવી તો. ૩
ભગીરાય મોહા બળી, દઆળુ ભુપાળજી;
ખાધું ધુળ મજ્યુ તેનું, દબાવ્યો પાંતાળજી. ભાવી તો. ૪
મોટા મોટા રાવરાણા, વડા જોર દારજી;
ઘણા ધીર વીર તેઓ, થયા છે ખુવારજી. ભાવી તો. ૫
માટે મન બીક તજી કરો તીર્થ સ્નાનજી;
નારણનો શ્વામી રીઝી, આપશે વીમાનજી. ભાવી તો. ૬

સ્ત્રી—માટે થનાર વસ્તુ થયા કરશે તે તમારાથી મિથ્યા થવાનુ છે ! એ વાતનો હરખ સોક છોડી દઈ, હાલ જેમાં દેખીતી હાંસલ છે, એવું પુન્યનું કામ કરવું ને પાછળથી તેમાં વિનાશ નીપજે તો ભવિષ્ય સમજવું. માટે વેળાસર ઊઠો બપોર થશે. આવું સ્ત્રીનું ભાશણ સાંભળી વાણિઓ ઈશ્વર પર આધાર રાખી નાહાવા જવા સારૂ તૈયાર થઓ. ને પોતાંની સ્ત્રીને કહે છે કે તુમારી સાથે નાહાવા આવીશ નહી. હુ એકલો જાઊશું. તું ઘર આગળ રસોઇ તૈયાર કર. એમ કહી તે વાણીઓ જે ઠેકાણે તિર્થ હતું તે નદી ઉપર ગઓ. અને જ્યાંહાં લોક નાહાતા હતા, તથા બ્રાહ્માણો બેઠેલા હતા તે જગ્યાએથી ઘણે છેટે તે નદીના કીનારાં ઉપર મોટી મોટી ઝાડી હતી ત્યાં ગઓ, ને ઘણીવાર આશ પાશ જોયાં કર્યું તો પણ કોઇ મનુષ્ય ત્યાંહાં જતાં આવતાં દીઠું નહી. તેથી તે ઠેકાણે નાહાવાનો ઠરાવ મનમાં કરી. લુગડા ઉતારતો કે ઘુંટણ સમાં પાણીમાં ગળા સુધી બેસીને નાહો ને પાણીમાં બેસીને પોતાનો નીત્ય નીયમ આંખ્યો મીચીને પ્રભુનું સ્તવન કરે છે, એટલામાં સાક્ષાત ના

રાયણુ એક બ્રાહ્મણનું સ્વરૂપ લંઇ બ્રાહ્મણુના આચણું, તથા વસ્તુ સહીત. હાથમાં કંકા વટી, માંહે કંકુ નાખી નદીમાંથી વાંકા વળી પાણી રેડે છે. ને અંગુઠાવતી કંકુ ઘોળતા ઘોળતા ઉભા છે, એટલામાં પેલા વાણીઆનો નીત્ય નીયમ પુરો થવાથી વેહેલો વેહેલો પોતાના લુગડા પેહેરવા કીનારા તરફ આવવાની નજર કરી તો કાંઠે એક બ્રાહ્મણને હાથમાં કકાવટી લઇ કાંઠે ઉભેલો જોઓ. ને પેટમાં ફાળ પડી. ને ધ્રુરકીને બોલ્યો. "વાણિયો કહે છે અલ્યા ભલા આદમી તું કોણ છે.

બ્રાહ્મણ—હું આ તિર્થનો તિથ ગોર છું.

વાણિઓ—માહારાજ અહી કેમ પધાર્યાછો

બ્રાહ્મણ—શેઠ તમે મારા તિર્થમાં સ્નાન કર્યું તેથી તમને તિલક કરી આસરવાદ દેવા.

વાણિઓ—માહારાજ તિર્થ તો અહીથી ઘણું આઘું છે માટે જ્યાં લોકો નાહાય છે ત્યાંજાઓ અહીઆ તિર્થ નથી. મારે તિલક કરાવવુ નથી કારણ કે તમને દક્ષણા આપવાનું કઇ લાવ્યો નથી. માટે અહીથી જાઓ ખોટીજ થશો.

બ્રાહ્મણ—આ સંસાર મુકત તિર્થ છે તેમા તમે સ્નાન કર્યું છે. હું આ તિર્થનો ગોર છું. માટે તમને તિલક કર્યા વગર તથા આસરવાદ દીધા વગર મારે ચાલે નહી, માટે બાહાર આવી આસરવાદ લ્યો. દક્ષણા તમો જે આપસો તે લઇશ.

વાણિઓ—માહારાજ મારાં વસ્ત્ર આ પડયા છે લ્યો પેહેરો ને આસરવાદ દઇ ચાલ્યા જાઓ.

બ્રાહ્મણ—મારાથી તમારા વસ્ત્ર પેહેરાય નહી. બગલમાં મારીને લઇ જાઊં તો દુનીઆં મને ચોર ગણે. ને હાકેમ શિક્ષા કરે, માટે મારે વસ્ત્ર કે અળંકારનું કામ નથી. તમને જે મળે તે રોકડું નાણું આપો કે તે લઇ આસરવાદ દઇ ચાલ્યો જાઊં.

વાણિઓ—માહારાજ હુ કોઇને રોકડું નાણું આપતો નથી.

ને હું એ બાબતનો ટેક પાળુ છું તેથી મારી પાશે નાણું રાખતો નથી. ને લાવ્યો પણ નથી કે તમને આપું માટે જાઓ. અમથા ખોટી થસો તેમાં તમારૂ કઈ વળવાનું નથી. હું મરનાં સુધી કોઈને આપવાનો નથી તો તમને આપું ? એ શી વાત.

બ્રાહ્મણ—મે આ તિર્થ ઉપર ભલા ભલા પાશે લીધુ છે તો તમે નહી આપો શી વાત. મારી પાશે તિલક કરાવી મને દક્ષણા આપ્યા વગર તમારા દેવનો પણ છુટકો નથી? ટેક જાય તેમાં મારે શું !

વાણિઓ—તમો મારો ટેક છોડાવીને દક્ષણા લેશો ?

બ્રાહ્મણ—હા.

વાણિઓ—ટેક ખોઈને પૈસો આપવો મારા હાથમાં છે. એમાં તમારૂ કંઈ ચાલવાનું નથી.

બ્રાહ્મણ—શ્રી કૃષ્ણ ભગવાન સરખાને હમે હંફાવી હમે હમારૂ ધાર્યું કર્યું તો તુ માનવ સા હીસાબમાં તિલક કરી દક્ષણા લેવી એમાં શુ ભારે કામ છે.

વાણિઓ—આ પ્રમાણે તમે મને ખરાબ કરવના ઈરાદાથી આવ્યાછો. ને મને દુઃખદે તમે તમારો સ્વાર્થ કરવા ધારો છો. આ ઉપરથી તમે બ્રાહ્મણ નથી એમ મને લાગે છે.

બ્રાહ્મણ—હું બ્રાહ્મણ છઉ કે નહી તે તો મને આખું વિશ્વ જાણે છે હવે તારો સો વિચાર છે. બાહાર આવ. વાણિએ મનમાં વિચાર કર્યો કે આ બ્રાહ્મણ મારો ટેક છોડાવશે માટે મારે આ નદીમાં ડુબી જઈ મારો પ્રાણ ખોવો એવો મન સાથે વિચાર કરી ઊંડા પાણીમાં ચાલ્યો ને ડુબવામાં નિશ્ચે કરીને પરમાત્માને અરજ કરે છે.

પદ.

વ્હાર કરોને પ્રભુ મારી રે ઓ નાથ હવે વ્હાર કરોને પ્રભુમારી.
અજામેળને મોક્ષજ આપ્યો, અને પાપી ગુણીકા તારી;
અબળાનો આધાર કર્યોરે તમે, હલ્યા ગૌતમની નારીરે. ઓનાથ. ૧

કુંઅમરીખ પ્રેહેલાદ તે આદેં, બીજા ભકત થઆ બહુ ભારી;
સુધનવાનેજ્યારેતેલમાંનાખ્યો,ત્યારેસાહેકરીતીગીરિધારીરે. ઓનાથ. ૨
ગજેંદ્રને ગ્રહથી મુકાવ્યો, તેને મુક્ત આપી બહુ સારી;
ભમ મામેરૂ કર્યું નરસી મેહેતાનુ, શ્રાધ પિતાનુ સારીરે. ઓનાથ. ૩
મીરાંબાઈની સંગત કરી તમે, સંસારથી કરી ન્યારી;
રાણાનુંરે અભિમાન મુકાવ્યુંરે, તમે ઝેરસા નાખ્યુંઉતારીરે. ઓનાથ. ૪
વીરો પીપો અને સેનો કબીર એવા, ભક્ત ઊપર જાઊંવારી;
ભક્તનું કામ નિજ હાથેજ કરવારે, નાથ બન્યાતા મોરારીરે. ઓનાથ. ૫
એમ અનેકના કારજ કીધાં જેણે, મોહને મમતા મારી;
નીશ્ચિંત થઇનેજેણે,તમનેભજ્યાછેરે, તેજખરાંછેનરનારીરે. ઓનાથ. ૬
માટે તમે મુજ સામું જોજો ,પ્રભુ વીઠલ કુંજવિહારી;
નારણુને તો અપરાધી જાણીરે, બાંહેન મુકસો મ્હારીરે. ઓનાથ. ૭

વાણીઓ પરમેશ્વરની ખરા પ્રેમથી સ્તુતિ કરી, વિચાર કરીને મનમાં ધાર્યું કે, ઈશ્વરની માયા એવી છે કે, હરકોઈ આદમી સુક્રિત કરતો હોએ, તેમાં મોટાં મોટાં વિઘ્ન લાવીને મુકે છે. તે પ્રમાણે સાધુએ મને ઉપદેશ કર્યા મુજબ હું મારાથી સારે રસ્તે ચલાએ એવી રીતે ટેક સાચવીને ચાલુછું, તેથી મને ભ્રષ્ટ કરવા સારૂ માયાએ આ ફાંદો માડયો છે. ને આ માયા મારી પત ખોવાડવા સારૂ પાછળ લાગી છે. માટે ઓ અંતર યામી પ્રભુ મારાપર કૃપા કરી, આ તમારી જોરાવર માયાના પાશમાંથી છોડવવા સારૂ માયાને તમે વારી રાખો. એમ વાણીઓ પરમેશ્વરની સ્તુતી કરે છે તે વીશેનું પદ.

પદ.

રાગ ધીરાના પદનો છે.

આ માયાને વારોરે, પ્રભુજી કહુ કરજોડી;
શું વંદુ બહુ નામીરે, મારામાં મતિ અતિ થોડી. ટેક.

કરગરી કેસવ માંગુ હ્યારે, આપોં ચરણુનીસેવ,
આ બળ વાળી માયા ખશેડા, મેહેર કરી જગદેવ;
ટેવ જેની માઠીરે, સરવેને આવી બાઝે દોડી. આમાયા. ૧
કેડો મુકે નહી તે કોઈનોં, સૌને લપેટે સેહેજ,
જ્ઞાની ધ્યાની તપસીને જોગી, ફંદમાં નાખે એજ;
તેજમાં ઝંખાવી રે, ઇજ્જત કરે એક કોડી. આમાયા. ૨
એ વિખ છે તે અમૃત જાણી, પીએ સકળ સંસાર;
સૌ એના ધાર્યામાં ચાલે, ચેંચું ન થાએ લગાર,
સવાર સૌ પર થઈનેરે, મારી કલેજુ લે તોડી. આમાયા. ૩
ધાર્યો ધંધો ના કરવા દે, કરાવે એની વેઠ,
મરતાં લગી મુકે નહી કેડો, પુઠે ફરે લગી ઠેઠ;
શેઠ સવારી ચાબુક રે, આલમ સૌ એની ઘોડી. આમાયા. ૪
એવી રીતે એ બળ વાળીનો, નથી માતો તોર;
એનાથકી પ્રભુ મુજને છોડાવો, માયાને રાખી ઠોર,
જોર ન ચાલે એનુ રે, ભાગીને પગ કરે ખોડી. આમાયા. ૫
નારણુ કહે મુજ આશા પોચે, જોએ ન આવે પાશ;
શફળ કરૂ હું આ જનમારો, પામી તમ નિકટવાશ;
દાશ તમારો જાણીરે, હાવે ન બાહે દેસો છોડી. આમાયા. ૬

માટે એ અંતર યાંમી પ્રભુ, તમે સર્વની વારતા જાણો છો. હુ મારો લીધેલો ટેક મારો જીવજતા સુધી મુકવાનો નથી, માટે આ માયાવે બ્રાહ્મણુ હોએ એમ મને લાગે છે. ને એ બ્રાહ્મણુ નહી જાએ તો હું આ નદીમાં બુડી મરીશ. ને મારો ટેક રાખીશ. એમ અંતરમાં પ્રાર્થના કરીને કાઠા સામુ જુએ છે તો બ્રાહ્મણુ કંકાવટી લેઇને ઊભોજ રહેલો છે તે જોઇ ફરીથી પોતાના આગળ કરેલાં કૃત્યો વિચારીને પ્રાર્થના કરવા લાગ્યો. ને નીચે પરમાણે પરમાત્માને અરજ કરે છે કે પ્રભુ લાજ રાખો.

પદ હોરી.

હરી સુણો અરજ હમારી ઓ પ્રભુરે. હરી.
અરજ સુણી અમસામું રે જોજો, સરવ ગતિના ધારી;
પાપ હરો સહુ માફ હમારાં, કર્મ કર્યાં હોય ભારી;
તમે પ્રભુ સૌ દુઃખ હારી. હરી. ૧
દયા કરી આપ્યો જનમારો, લક્ષ ચોરાસી નિવારી;
તરવા નાવ મળ્યો મનુષ્યા દેહ, સંસાર રૂપી વારી;
બુડયો મતિ હાર્વી નઠારી. હરી. ૨
માયાને મોહ પાશે પડાઓ, જાણી મઝા માહી સારી;
ચાહ્યું અતિશય બાળકને ધન, નારી સુબનીને વિહારી;
નડે સહુ દુખ દેનારી. હરી. ૩
મોહ મમતા બહુ વાધીરે મુજમાં, ક્રોધે થયો દુખદારી;
કામ અહંકારને લોભ વધ્યો બહુ, મેલી દયાને વિસારી;
શેવા પ્રભુની નાં સંભારી. હરી. ૪
કાયો વીહી મુજ પાછળ લાગી, માયા તે દુખ દેનારી;
બેળે ચઢાવીદે આડે મારગ, થાય ન ધારણા ધારી;
રાખો બહુ નામીએ વારી. હરી. ૫
નારણ કહેછે ચહો કર મારો, સરવે આ કષ્ટ નિવારી;
તમ પદ કેરી છાંયાએ રાખો, રીઝીને દેવ મોરારી;
કરૂ નિત્ય સેવ તમારી. હરી. ૬

આ પ્રમાણે સ્તવન કરી રહ્યા બાદ પેલા બ્રાહ્મણને વાણિઓ—માહારાજ તમે કયાં સુધી ઉભા રેહેસો ?

બ્રાહ્મણ—તુ નાહીને બાહાર આવે ને હું તને ચાલો કરી દક્ષણા લઊં ત્યાં સુધી હું આશા બંધી ઊભો છું.

વાણિઓ—માહારાજ કદાશને આ પાણીમાંથી મને કઇ કરડે અથવા હું ડુબીને મરી જાઊં. ત્યારે તમારી આશા કયા રેહેવાના છે. માટે જાઓ. મને મુઓ ધારો.

બ્રાંહ્મણ—તને પરમાત્મા રક્ષા કરે બાઇ તું એવું સું કરવા બોલે છે. તને જ્યાં શુધી પાણીમાં ઊભેલો જોઊં છું ત્યાં સુધી કંઇ આસા છુટે છે. એ ઘડી તું વાર લગાડશે કંઇ પાણીમાંને પાણીમાં તો થોડોજ રહીશ ? મે પણ આજે તારા બોલવા ઉપરથી નિયમ લીધો છે કે તારી પાસેથી હું દક્ષણા લઊં તોજ ખરો કાં આખો દીવસ ન જાય.

વાણિઓ—માહારાજ તમારો નિયમ જશે. ને હું મારો નિયમ રાખીશ. જુઓ હું હવે પ્રાણ છોડીને બુડી મરૂં છું. તેથી મારો ટેક રેહેશે ને તમારો જશે. એમ કહીને સપાટા બંધ પાણીમાં આઘો ચાલતો જાય છે ને હવે પ્રાણ કાઢવો એવો નીશ્ચય કરીને છેલી વેલી પ્રભુને સ્તુતી નીચે પરમાણે. કરેછે.

પદ.

તમો અરજ સાંભળજો આ મારી; હો દીનાનાથ.
લેજો આ દુખથી ઉગારીરે. ઝાલોને હાથ. ૧
મારે નથી અવર કોની આશ; હો દીનાનાથ.
માટે તેડી લ્યો મને પાશરે. ઝાલોને હાથ. ૨
મેતો કર્મ કર્યાં તાં બહુ માઠાં; હો દીનાનાથ.
તેથી સુક્રિત મારાં નાઠાંરે. ઝાલોને હાથ. ૩
હું તો તેથી પડયો છું ભવ દરીએ; હો દીનાનાથ.
તારો તો અહીંથી ઉગરીએ રે. ઝાલોને હાથ. ૪
મારી કરણી સામુ જોસા આવાર; હો દીનાનાથ.
અવગુણ તેમાં છે અપાર રે. ઝાલોને હાથ. ૫
હું તો સાધન સરવે ત્યાં ભુલ્યો. હો દીનાનાથ.
માયાનાં મદે ફરૂં ફુલ્યો રે; ઝાલોને હાથ. ૬
મારૂં કામ સર્વે છે અહીઆં કાચું; હો દીનાનાથ.
સી રીતે થાશે સરવે સાચું રે. ઝાલોને હાથ. ૭

છોજી સત્ય તણા તો સમે શંગી; હો દીનાનાથ.
હું તો અધર્મીને કુશંગી રે. ઝાલોને હાથ. ૮
મને ભય જમનો છે અપાર; હો દીનાનાથ.
તે સમે કરજો મારી વ્હારરે. ઝાલોને હાથ. ૯
જેવો તેવો હું દાશ તમારો; હો દીનાનાથ.
માટે ચોર્યાંસીથી ઉગારો રે. ઝાલોને હાથ. ૧૦
હું તો હરીજન કેરો ગુલામ; હો દીનાનાથ.
કરૂં નારણ તમને પ્રણામ રે. ઝાલોને હાથ. ૧૧

એ પ્રમાણે સ્તુતિ કરીને પરમાત્માને કહે છે કે મને સરણે તેડજે હું મારો આત્મા તને અર્પણ કરૂં છુ. એમ કહી બુડામણા પાણીમાં બુડી મરવાને જાએ છે. તે વખત પરમાત્માએ જાણ્યું કે આ વાણીઓ ડુબી મરશે. તો પછી એની પરીક્ષા થવાની નથી માટે એને બાહાર કાઢીને ફાંસામાં નાખું. એમ વિચારી પેલો બ્રાહ્મણ બુમ પાડીને કહે છે—ઓ બાઇ શેઠ પાછો આવ અગથો આતમઘાત કરી. મારે વાસ્તે બુડી મરી સુ કરવા મને હત્યા આપે છે? તું મારી પાશે તિલક નહી કરાવે તો મારે કરવું નથી ને તારી દક્ષણા પણ મારે જોઈતી નથી. બાઇ તું તારે ઘેર જા હું મારી મેળે ચાલ્યો જાઊં છુ. એમ કહી બ્રાહ્મણે કીનારેથી ચાલવા માડ્યું ને થોડે દુર જઈને પોતે અંતર ધ્યાન થઈ ગયા.

પેલા વાણિઆએ બ્રાહ્મણને ન દીઠો ત્યારે હળવે હળવે પાણી માંથી બાહાર આવી પોતાના લુગડાં પેહેરેછે. ધોતીઊ બદલીને અંગરખો પેહેરી નીચું જોઇને કેસો બાંધે છે એટલે પરમાત્મા પાછા બ્રાહ્મણ રૂપે, કંકાવટી હાથમાં લઈ, પેલો વાણિઓ ન જાણે એમ કપાળે તિલક કરીને આસરવાદ દઇ દક્ષણા લેવા સારૂ હાથ લાંબો કરીને પાશે ઉભા.

વાણિઓ—આ સું કર્યું માહારાજ?

બ્રાહ્મણ—સુ ખોટું કર્યું મારાં જેવા પવીત્ર બ્રાહ્મણને હાથે તને તિલક કર્યું. ને આશરવાદ લાખ રૂપિઆનો આપી તારી પાશે એક પાઈ માગુ છું તેમાં મેં સું તારૂં ખોટું કર્યું.

વાણિઓ—માહારાજ તમે આવા ગરજી છો પોતાની ગરજ પાર પાડવામાં સામાનું દુઃખ જોતા નથી. તમને હું આવા સ્વાર્થી જાણત તો હું કુવી મારો પ્રાણ નહી કાઢત ? એટલે પછી આ દુઃખમાં હુ આવી પડત નહીં.

બ્રાહ્મણ—આખુ વિસ્વ ગરજવાન છે. હું એકલો છું એમ નથી. ગરજને અકલ હોતી નથી, તો સામાનુ દુઃખ કયાંથી જણાએ ને મારો સ્વાર્થ સાધવા તને આવો પ્રપંચ કરીને હું ગઓ ન હોત તો તારો તથા મારો બંનેનો સ્વાર્થ બગડત. આમ કર્યાથી મારેતો સ્વાર્થ ને પરમાર્થ બને થઆં. ને તને પણ મારા આશરવાદથી અક્ષય સુખની પ્રામી થશે. એમા તારૂ કંઇ બગડું નથી.

વાણિઓ—ખરૂં કહ્યું માહારાજ પણ મારી પાશે આ મારાં તમાંમ લુગડાં જુઓ કંઇ પણ નાણું તમને આપવાનું છે ? મારા લુગડાં તમને આપવાનું કહું છું, તે તો તમે ના કહોછો. હવે તમને શું આપુ ? હવે તમારા રૂણમાંથી હું સીરીતે છુટું એ મને સુઝતું નથી.

બ્રાહ્મણ—અહીંઆ તારી પાશે ન હોએ તો ઘેરથી આપજે હમણા ઉધાર રાખ. તું કયાં રેહે છે, તે કહે, ત્યાથી હું લઈ જઇશ. વાણિઓ મનમાં વિચાર કરે છે કે હજુ સુધી આપણો ટેક તો છે. પૈસો કે પાઇ આપી ખોયો નથી. આપીસું ત્યારે હાલતો ચાલો, અણી ચુકયો સો વરશ જીવે આગળ વિશ્વંભર સરખો ધણી છે. પડશે એવા દઈશુ. અને આ માહારાજ મને જેમ પોતાનો સ્વાર્થ સાધી લેવા જુઠું કહી દગો કરી ગઓ. તેમ હુ પણ એને જુઠું કહી દગો રમી જાઊં. એમાં પાપ લાગવાનુ હશે તો લાગશે. પણ હાલ તો ચાલો એમ કહી પેલા બ્રાહ્મણને કહે છે—માહારાજ અહીઆંથી દોઢસો

ગાઊ ઉપર મારૂં ગામ છે. મારૂં નામ નઆપા શેઠ છે. જાઓ ઘેર આવજો ને તમારી દક્ષણા લઈ જજો.

બ્રાહ્મણ—સારૂં તારૂં કલ્યાણ થઇ વૈકુંઠ વાસી થજો.

વાણિઓ—તથાસ્તુ મહારાજ પધારો બને જણ જુદા પડીને જાએ છે.

પેલો વાણિઓ ત્યાંથી પોતાને ઘેર આવ્યો. ને પોતાની સ્ત્રીને ઘણો ઠપકો દેઇને કહેવા લાગ્યો કે—તારા કેહેવા પ્રમાણે હું ચાલ્યો ને તિર્થથી ઘણે વેગળે નાહાવા ગઓ તોપણ ત્યાં મારા જીવ ઉપર આવી પડી હતી.

સ્ત્રી—કેમ સુ નિપજ્યું સ્વામી નાથ કે જીવ પર આવી ?

વાણિઓ—અહીઆંથી હું તિર્થ ઉપર ગઓ, ને ત્યાંથી ઘણે છેટે ઝાડી હતી ત્યાં તે કાનારે ગઓ. ત્યાં કોઈ નહોતું તેથી હું નાહાવા પેઠો નાહીને બારણે નિકળવા જાઊં છું તો કાંઠે બ્રાહ્મણ દીઠો તેને મેં કહ્યું કે હું તારી પાશે ચાંલ્લો કરાવી દક્ષણા આપવાનો નથી, તો પણ તેણે ન માન્યું, ત્યારે હું બુડી મરવા સારૂ ઊંડા પાણીમાં ગઓ. ને જેવો બુડવાનો વિચાર કરૂંછું એટલામાં બ્રાહ્મણે મને કહ્યું કે. હું જાઊં છું. તું બુડી મરતો નહીં. ત્યારે તે બ્રાહ્મણ ગયા પછી હું બાહાર નિકળ્યો. ને નીચું જોઈને અંગરખો પેહેરતો હતો, એટલામાં તેજ બ્રાહ્મણે હું ન જાણું એમ ચાંલ્લો કરીને આસરવાદ દઇ પાઇ માગવા ઉભો રહયો. મે તેને મારાં પાચે લુગડાં આપવાનું કહ્યું તોપણ તેણે લીધાં નહીં. ને રોકડું માગ્યું.

સ્ત્રી—તમો તમારી પાશે રોકડું નાણું તો રાખતાં નથી તો તેને સું આપ્યું ?

વાણિઓ—મે તેને કઇ આપ્યું નથી દક્ષણા ઊધાર કહી નામ ઠામ જુદે જુદું બતાવી અહી આવતો રહયો છું.

સ્ત્રી—બહુ સારૂ થઊ. તમે ટેક રાખી પાછા સહી સલામત, બ્રાહ્મણનો આસરવાદ લઈ, તીર્થે નાહી આવ્યા તેથી હું લાખ રૂપી-

આ કમાઈ. ચાલો દેવ સેવા કરી લ્યો? રસોઇ ટાઢી થાય છે. વાણિ-ઓ દેવ સેવામાં બેસી સેવા કરી રહ્યા પછી સ્તુતી કરે છે.

પદ.

રાગ જીલ્લો એકો.

અબ હરી કર મેહેર બસો અંતર મોહી આકે. અબ હરી. ટેક.
મે હું અતિ મંદ મતિ, બંદગી છોડી મે છતી;
પતિત કરો સુદ્ધ મોકુ, પતિત મન લ્યા કે. અબ. ૧
ખેલ્યો જગમાં હોશ ધારી, કષ્ટ અતી પાયો ભારી;
ફોગટ વારીકે મથન કીઓ, નામકુ ભુલાકે. અબ. ૨
ઇંદ્રીએ અજ્ઞાન કીઓ, ઝેરકું મેં હાથે પીઓ;
નાથ હો ઉગારી લીઓ, બશ ભયો અબલાકે. અબ. ૩
માયાકો હે તોર ભારી, કો થકી શકે ન હારી;
મારી બાથ પકડ ડાલે, ખાણ્યમાહી લ્યાકે. અબ. ૪
એસીજમાં મંદ કહાવે, નાથ વિના કોણ છોડાવે;
હરી હવે હાથ ગ્રહો, પાઊ મેરે થાકે. અબ. ૫
દીઓ મોકુ મતી સુધ, છોડાવોજી રાહા વીરૂધ;
નારણ કહે સુધારો બુધ, ગ્રહે ચરણ આકે. અબ. ૬

આ પ્રમાણે વાણિઓ દેવની સ્તુતી કરી રહ્યો વાણિએણે થાળ લાવી માહારાજને રાજભોગ ધરાવી થાળ લઇ જઈ સ્ત્રી પોતાના ધણીને કહે છે ચાલો ભોજનનો સમય થઓ છે.

વાણિઓ—હુ જરા માળા ફેરવી લઊ પછી એમ કહી માળા ફેરવે છે. એટલામા પરમાત્મા બ્રાહ્મણને રૂપે બારણા આગળ આવી બુમ પાડીને કહે છે—શેઠ છે કે ?

વાણિએણુ—કોણ એ કોનું સું કામ છે ?

બ્રાહ્મણુ—એ તો હુ સંસાર મુક્ત તિર્થનો ગોર શેઠ મારી પા-

શી તિલક કરાવી એક પાઇ દક્ષણા ઉધાર કહી આવ્યા છે. ને મને ઘેરથી લઈ જજો એમ કહ્યું છે. માટે હું દક્ષણા લેવા આવ્યો છું. શેઠ કયાં છે ?

વાણિઐણ—શેઠ તો કોઇને રોકડું નાણું આપતા નથી. માટે એ તો તમને જુઠું કહ્યું હશે માટે જાઓ. તેતો હજુ નાહીને આવી ખાધું પણ નથી.

બ્રાહ્મણ—કયાં ગઆ છે. કયારે આવશે ?

વાણિઐણ પોતાના સ્વામીને હળવે રહીને કહે છે કે પેલો બ્રાહ્મણ ઊધાર કરી આવેલી દક્ષણાની પાઈ લેવા આવ્યો છે, તેને શું ઉતર આપુ. વાણિઓ કહે છે એમ કહે કે તે તો બારોબાર પરગામ ગઆ છે.

વાણિઐણ—એ તો ગામડે ઊઘરાણી ગઆ છે તે કયારે આવશે તે હું જાણુતી નથી. માટે તે આવે ત્યારે આવજો.

બ્રાહ્મણ—જ્યારે આવશે ત્યારે ઘર વીના કઈ છુટકો છે. આવસે ત્યારે લઇને જઇશ આ બેઠો (બેશે છે.)

પેલો બ્રાહ્મણ ઓટલે અડંગા નાખીને બેઠેલો જોઇ પેલી વાણિઐણ પોતાના ધણીને કહે છે. પેલો બ્રાહ્મણ તો બારણે બેઠો ઊઠો ખાઇ લ્યો પછી થવાનું હશે તેમ થશે મને ભુખ લાગી છે તમો જમ્યા વિના મારાથી કેમ જમાએ.

વાણિઓ—ટેકની સાથે જીવ જવાનો વખત આવ્યો, ને બ્રાહ્મણ પોતાનું માગતું લેવા બારણે બેઠો છે ને ખવાએ કેમ ? પરમાત્મા લાજ રાખશે તો ખાઇશું નીકર માલે પેટ ફરી જન્મ લઈશુ ત્યાં ખાઇશું. ટેક રાખવા સારૂ અન્ન પાણીની બાધા છે, તારે ખાવુ હોએ તો ખા હું તો મરી જઈશ પણ એને પાઇ આપવાનો નથી. તો ખાવાની વાત શી હવે આ દુનીઆમાં આપણે જીવવું નથી. પેલા સાધુએ કહયા પ્રમાણે, પરમેશ્વરે આફ્ત નાખી માયાના સાણસામાં પકડયો છે. હવે જોઇએ સુ થાએ છે તે હારે છે. કે હું ?

આવું પોતાના ધણીનું વચન સાંભળી વાણિએણે વિચાર કર્યો કે આમા કઇ વિનાશ નિપજવાનો છે. માટે હવે તો પરમેશ્વર લાજ રાખી મારૂ હેવાતણુ રાખે ત્યારે એમ કહી પરમેશ્વરની સ્તુતી કરેછે. ને વિનંતી કરે છે કે મારૂ મોત આપી મને તમારી પાસે રાખો.

પદ લાવણી.

નીત્ય રટુ મુખ નામ તમારૂ સુણો અરજ મારી;
મેહેર કરી રાખો નિજ પાસે, દિલ્લ દયા ધારી. ટેક.
આસા મુજને એક આપની સૌ મિથ્યા જાણું,
તક નવ ચુકસો નાથ મને આ મળશે નહી ટાણું;
મુજ દુ:ખના જાણુ તમે છો હું સું મુખ પરઆણું,
આજ આણંદી મન ગમતું વાયું છે સુભ વહાણું,
વિલંબ કરેથી દીન વહી જાશે પડસે અંધારી. મહેર. ૧
હુંફ તમારી એક માહરે બાકી મરૂં ટાઢે,
જોસ વધ્યું મદ મચ્છરતું કહો તમ પણુ કોણુ કાઢે;
ભુલી ભમુ છું આ જગમાહી જાણી જોઈ દહાડે,
પરમ કૃપાલુ નાથ વિના આ દુ:ખને કોણુ વાઢે,
કરગરૂં કરજોડી બને મને લેજો સંભારી. મહેર. ૨
મોટા મુજ સત્રુ નિત્ય વાંશે મંડયા છે લાખો;
હરનીશ પજવી ભ્રમીત કરે મને મારૂ દીન આખો,
સજા કરો તેને હાથે મુજને નિર્ભય રાખો;
કરી તમારી ચારી માટે દુ:ખ કાપી નાખો,
સહુ કરતાં મુજ મન તમારી આશા છે ભારી. મહેર. ૩
તમો સુણો નહી દાદ હમારી તો કોણુ સાંભળશે,
નથી તમો વીણુ સીદ્ધિ મારી કારજ સૌ વણુશે.
સાહયો કરી મુજ વારે ચઢો તો સુખ ઝાઝુ મળશે.
કરૂણાથી કર પકડો મારી આફ્ત સૌ ટળશે.
એક તમારા સામી પણાની છે બહુ બલિહારી. મહેર. ૪

સું અપરાધો મારા કંનણી ત્યાગ કરો માહારો;
કદેવ સામુનાથ ન ઝાંખી દુઃખ દરીઓ તારો,
તમ સેવાનો આ જગમાહી લાભ ગણું સારો;
ઠપકો દેવા લાયક તમને આવ્યો મુજ વારો.
રીશ ન કરસો રકગણી મને લેજો ઉગારી. મહેર. ૫
સહુ તમોને ગુણ તો મારા ઝાહેર છે નાથ;
રીશ કરી મેહેલી દેસો તો કોણ ગ્રેહેશે હાથ,
રેહેમ ભરી અમીદ્રષ્ટિ રાખો ચરણે ભરૂ બાથ;
અંતર મુજ માલેશ ગણો નહી રાખો તમ સાથ,
નારણ કહે પ્રભુ મુજને તારો તમ ગતિ બહુ ન્યારી. મહેર. ૬

વાણિઆણુ પરમેશ્વરની આ પ્રમાણે સ્તુતી કરીને કહે છે કે માહારાજ આ જગતના તમે માત પીતા, પાળનાર, પેદા કરનાર સંહાર કરનાર સર્વ શક્તિમાન છો. અમે બને જણુ તો અપરાધી પ્રાણી છીએ. આ જકતમાં હમારાથી તમને ગમે એવાં કઇપણુ કામ આજ સુધી થઆં નથી. મારે બધો આધાર તમેછો માટે મારી આ વિનંતી સ્વિકારી આ આફતમાંથી અમને બને જણને છોડવો ને દુખમાં સાહે થાઓ માહારાજ મારા શ્વામીને સંત લોકોએ તમારી ભક્તિ કરી તમારા દરશણનો લાભ થવાની જુક્તિ બતાવી એક ટેક પાળવાનો ઉપદેશ કરી ગઆ છે. તે ઉપરથી હમે કોઈને રોકડું નાણું નહી આપવાનો ટેક પાળીએ છીએ તેમાં આ મોટું વિઘ્ન આવી પડયુ છે મારો ધણી જીવ જતાં ટેક મુકવાનો નથી. બ્રાહ્મણ હઠીલો થઇને બેઠો છે. એથી મારો ધણી જીવ ખોવાનો નિશ્ચય કરી બેઠો છે. ને જો એનો દેહ પડશે તો મારે આ જગતમાં કોઇનો આશ્રો નથી. મારો બધો આશ્રો તમારો છે. માટેઆ આફતમાંથી અમને મુકત કરનાર તમે છો. એમ કહી વળી સ્તુતી કરે છે. કે મેતો આજ સુધી કઈ પણ પુન્યનું કામ કર્યું નથી.

પદ રાગ કલ્યાણ.

નોધારાંનો આધાર, પ્રભુ છો. ટેક.
કેસવ કીરતન મુખે કર્યું ના; ધ્યાન ધર્યું ના લગાર. પ્રભુ છો. ૧
શંતની સેવા કે હરીની ભક્તિ; કે ન કર્યાં ઉપગાર. પ્રભુ છો. ૨
દાન તિર્થ તપ યજ્ઞ કર્યાં નથી વૃતનો નહી ઉપચાર. પ્રભુ છો. ૩
પામર જીવ હું હીણુ અભાગી, મન દયા નહી સાર. પ્રભુ છો. ૪
એ રીતે ખોયો જન્મારો, કેમ થશે ઓદ્ધાર. પ્રભુ છો. ૫
અનાથ બંધુ કરણું સીધું, છો તમો વિશ્વાધાર. પ્રભુ છો. ૬
જાચું તમારી કને સીરનામી, કરો આ કષ્ટ વિદાર. પ્રભુ છો. ૭
નારણ શંકર કહે કર જોડી, દયા કરો દેવ મોરાર. પ્રભુ છો. ૮

એમ વાણિએણ પરમેશ્વરની પ્રાર્થના કરી રહીને પોતાના ધણીને કહે છે—કેમ પેલા બ્રાહ્મણને સો ઊતર આપું એતો અડંગા નાખીને બેઠો છે. જતો નથી.

વાણિઓ—હવે તું મારા જીવ્યાની આસા મુકી દે ને ઈશ્વર ભજન ઉપર નજર રાખજે. જ્યારથી પૈદા થયા છીએ ત્યારથી મરવાનું તો છેજ પછી બે દીવસ વેહેલું કે બે દીવસ મોડું અમર કોઈ નથી. માટે ટેક ન જાએ ને જીવ જાએ તો ખેર તેથી ઘર સંભાળી ધરમદાન કરજે. હું પાછલે બારણેથી પડોસીને ઘેર જઇને બેસું છું. એમ કરતાં એ બ્રાહ્મણ જાએ છે તો ઠીક છે. નીકર મરવાની તૈયારી. પણ ખબડદાર ઘરમાંથી એને પાઇ પૈસો આપતી નહીં. અથવા આપણા ધુતીનું કોઈ પાશે અપાવતી નહીં.

વાણિએણ—તમારા કહેવા પ્રમાણે હું ચાલીશ. તમારે કસી વાતની ફીકર ચીંતાં રાખવીનહીં. તેમજ કદાશને પ્રાણ જવાનો વખત આવે તો તમારો કોઈ પ્રકારે કશામાં જીવ રાખસો નહીં. આ પણ ટેક ન જાએ. એમ પરમાત્મામાં ધ્યાન રાખજો. ઇશ્વરે ધાર્યું હશે તેમ થશે. (એમ કહી વાણિએણ ઘરમા રહી વાણીઓ પાછલે

બારણે પડોસીને ઘેર બીજે ફળીએ જઇને બેઠે..)

વાણિઓ બીજે ફળીએ ગઓ ત્યાં તે ગામના કાશદને બોલા' વી કાગળ લખીને તેને આપી પોતાના સગાને પરગામથી બોલાવવાને તેને ભલામણ કરી. તે સાંભળી તેના મીત્રો પુછે છે.

લોકો—કેમ શેઠ ઘરમાં કોઇ માદુ સાજુ છે કે કેમ ?

વાણિઓ—કાંઈ માદું સાજું નથી મારા જીવ પર આવી બની છે.

લોક—એટલી બધી સી આફત આવી પડી છે કે તું તારા જીવ પર આદરીને બેઠો છું.

વાણિઓ—તમે બધાએ જાણોછો કે હું રોકડું નાણું કોઇને આપતો નથી. એ વાતનો હું ટેક પાળું છું નેદૈવયોગે એકપાઇ ઉ-ધાર દક્ષણા કરી આવેલો. તે બ્રાહ્મણ પૈની ઉઘરાણી આવ્યો છે. તેને ઘણુ કહીએ છીએ પણ કહે છે કે પાઇ લીધા વિના નહી જાઊં. માટે મેં મરવાનો નિશ્ચે કર્યો છે. (આગલી નાહાવા ગઆ વીશેની વાત માંડીને સૌને કહી.)

લોકો—ઉભો રહે અમે સૌએ મલી એ બ્રાહ્મણને ઊઠાડી મુકી એ છીએ. જો ન ઉઠે તો પછી કાસદ મોકલ. એમ કહી સૌ લોક વાણિઆને ઘેર પેલા બ્રાહ્મણ પાસે આવ્યા. ને પુછે છે, કેમ માહારા-જ અહી બેઠા છો ?

બ્રાહ્મણ—દક્ષણા લેવા.

લોકો—આ વાણિઓ કોઇને રોકડું આપતો નથી તમે શું ક રવા ખોટી થાઓ છો, લ્યો હમે દક્ષણા આપીએ.

બ્રાહ્મણ—તમારી દક્ષણા લીધાથી કંઇ વાણિઓ બ્રહ્મરણમાં થી છુટે ? એ શેઠ મને દક્ષણા આપે અથવા તો એમ કહે કે હું નાહીને તમારી પાશે તિલક કરાવી. એક પાઈ ઊધાર દક્ષણા આ-પી નથી, એમ મારે મોઢે આવીને જુઠું બોલી એ ટેક પાળે છે.

તેના સોગન ખાય. તો હું મારી મેળે ચાલ્યો જાઊં. નીકર પાઈ લીધા વગર જવાનો નથી.

લોકો મનમાં લાચાર થઈ પેલા વાણિયા પાશે આવીને બધી વાત કહીને કહ્યુ કે ભાઇ બ્રાહ્મણ માનતો નથી.

વાણિઓ—આ કાશદને મારાંસગાંને તેડવા મોકલો ને તમે પાચ સાત જણા થઈ મને ઝોળીમાં ઘાલી મારે ઘેર નાંખી આવો. ને કહેજો કે શેઠને તો રસ્તામાંથી સાપ કરડયો છે, ને ઝેર ચડી ગયું છે, આ સાંભળીને બ્રાહ્મણ જશે.

લોકો—અલ્યા ભલા આદમી આતિ સું કહે છે.

વાણિઓ—મારા મિત્ર હો. તો મારા કહ્યા પ્રમાણે કરો નીકર મારે પાળીએ પેટમારીને અહી મરવું પડશે.

લોકો—લે ભાઈ હમારે બારણે સું કરવા મરે છે તને તાહારે ઘેર લઈ જઈએ. લે આ ચાદરમાં બેશ. પેલો વાણિઓ ચાદરમાં બેઠો તેને લોકો ઊચકીને ઘેર લાવ્યા ને પેલા બ્રાહ્મણને કહે છે કે ભાઈ આ શેઠને તો રસ્તામાંથી સાપ કરડયો છે, ને ઝેહેર ચઢી ગયું છે, તેથી એતો મરી જશે, માટે તું અહીથી જા. તને કોણ દક્ષણા આપશે ?

બ્રાહ્મણ—એને વિશ્વંભર નાથ સારૂ કરશે, ફીકર નહી, હમણા એને ઝેર ઊતરી જશે, ને મંને દક્ષણા આપશે, તે લઇને હુ જઇશ. આવરદા છે. તો હમણાં ઝેર ઉતરશે. (એમ કહીને બેઠો)

લોકો પેલા વાણિઆને—અલ્યા શેઠ પેલો બ્રાહ્મણ તો આમ કહે છે તારે હવે કેમ કરવુ છે ? આપની પૈ કે ઊઠીને જાય. નીકર સોગન ખાઇને તેને ના કહે, એમા તારૂં સું જાય છે ? અમથો મરવા ઉભો થઇ કમોતે જીવ ખુવે છે ?

વાણિઓ—ભાઇ તમો સમજો નહી ને અમથા સું કરવા મને ઠપકો દોછો. જ્યારે ત્યારે મરવુ તો છેજ—ત્યારે ટેક ખોઇને જીવવું એ આકામનું મરવુછે એકવાર જુઓ મારા ન્યાતના સગા વાંહાલાં આવ્યા ?

લોકો—આવ્યાં છે ને તે લોકો ખરૂ સમજીને જીવ બાળે છે. બાહાર બેઠાં છે.

વાણિઓ—હવે તમે ખસી જાઓ ને તેઓને મારી પાસે બોલાવો. (લોકો ખસી જાએ છે. ને સગાં પૈકી સ્ત્રી પુરૂષો તેની પાસે આવીને બેસી રહે છે.)

સગાં—કેમ છે ભાઇ ક્યાંથી સાપ કરડ્યો. ને તે ઊતર્યો કે નહી. તારા જીવને કેમ છે. તું બોલતો ખરો.

વાણિઓ—મારા મુઆનો કોઈ શોક કરશો નહી. હું જીવતો મરી જઇશ. જાણે મરી ગઓ, એમજ તમે ગણજો. હું એ બ્રાહ્મણને, મરવા સારૂ ચેહેમાં સુઇશ. ત્યાં સુધી વાણી જોઈશ. તેમ છતાં એ બ્રાહ્મણ નહી જાએ તો પછી મસાણ ગએલાં મડદાં કંઇ પાછાં આવતાં નથી. એટલે જીવતો બળી જઈશ. માટે તમે દુઃખ લાવી રડસો નહી મારે આમ કરવાનું કારણ આ બ્રાહ્મણને પાઇ આપવી નથી. (આગળ બનેળી તમામ વાત માંડાને કહી) માટે હુ કહું તેમ કરો.

સગાં—ભાઇ તેં જ્યારે આવો નિશ્ચે કર્યો છે તો હવે તને સું વધારે કહીએ. તારૂં એ બાહાને મોત માટે તુ કહે તે કરીએ.

વાણિઓ—મને પુન્ય કરાવો પણ રખે પૈસા કે પાઇ અપાવતાં ભોય સૈઆ કરો. નવરાવીને ભોંય નાંખો મને નામ સ્મરણ કરાવો. આણીરાત નામ સ્મરણ કરાવી મળસ્કે પ્રાણ પોક પાડી પછી જે ક્રિઆ માણસ મુઆ પછી થાએ છે તે પ્રમાણે કરી મને મસાણે ઠાઢડી બાંધી લઈ જાઓ. જુઓ મને મરી ગઓ જાણીને બ્રાહ્મણ જાએ છે તો ઠીક છે.

સગાં—સારૂં ભાઈ. એમ કહી વાણિએણ કહેલાં કામ કરવા માંડે છે ને વાણિઓ પોતાને અધરી વખત આવીને મોત માથાપર ડોકીઆં કરે છે એમ જાણી. પરમેશ્વરને અરજ કરે છે.

રાગ સામેરી. ૫૦.

કહણુ વેળાએરે, પ્રભુના વિસારસો રે. ટેક.
જાણી પાપી અધર્મી રે અનાથ,
અવગુણ સામુ રે પ્રભુજી જોનસો નહી રે;
મેહેર કરો ગાગુ હું જોડી બે હાથ. કહણુ વેળાએરે. ૧
સગાંને સમંધી રે, કોઇ નથી માહેરાં રે,
એ તો સરવે માયાની જંજાળ;
સ્વારથીઆંસાવળગ્યાંરે,લેવાખાવાવીતનેરે;
અળગાં રહેશે જ્યારે પકડશે કાળ. કહણુ વેળાએરે ૨
શ્રમથી લેણું કીધું રે, ધણી ઝાઝુ ધનમેં રે,
પરોણાડો બહુ સ્ત્રી-સુત કેરીરે આશ;
પુન્યને પરમારથરે, મુજથી થયું નથીરે,
માટે મુજને ના કરસો રે નિરાશ. કહણુ વેળાએરે. ૩
ભવદરીઆનો આરોરે, મુને નથી લાધતોરે,
તારો થઇ તારો ત્રિભોવન તાત;
જન્મ મરણનું રે, મોટુ દુઃખ માહેરે રે,
ભમ્યો ચારે ખાંણુ વળી નહી સાંત. કહણુ વેળાએરે. ૪
સાતા વળવા માટેરે, મનુષ્યા દેહઆપીયોરે,
જેથી ગાંઉ તમ કેરાં રે ગાંન;
અવર ન જાણું રે, બીજુ કાંઇ સાધનારે,
ભજુ તારૂં નામ હું શ્રીભગવાન. કહણુ વેળાએરે. ૫
આસામનમાંમોટીરે, સેવાચાહુ તમતણીરે;
આપો નિજ ચરણુ કમળની સેવ,
સેવક જાણી કરજોરે, પ્રભુમારી સાહેતારે,
છોજી મુજ તાત ત્રીભોવન દેવ. કહણુ વેળાએરે. ૬
શ્રીહરીદાશ તમારોરે, નારણુકહેછેએટલુંરે,
કરજો માહારી મરણુ સમય પ્રભુ સહાએ;

જોર ન ચાલે જમનુરે ભયથકી ઉગરૂ રે,
પ્રિતે પાસે તેડજો જાદવરાય. કઠણ વેળાએરે. ૭

વાણિઓ—હલે સૌ કેમ બેસી રહયા છો ? આવું સાભળી પુન્યદાન પેલા વાણીઆને કરાવ્યું. નવડાળી તિલક કરી તુળસી મોમાં આપી. ધીનો દીવો કરી અબોટ ચોકો કરી તલ જવ દર્ભ પાથરી પેલા વાણીઆને ખવી કંઠી કછોટો મરાવી ભોય નાખ્યો ને બધા સગાં મળી નામ સ્મરણ કરે છે. સીતારાંમ સીતારાંમ રઘુપતીરાઘવ રાજારામ પતીતપાવન સીતારામ સીતારામ ॥ રામકૃષ્ણગોવીંદ માધવ ગીરીધારી ।. રામા રામા રામા રામા રાચા રાધુબાએ ॥ નારાયણ નારાયણ નારાયણ શ્રીમનનારાયણ નારાયણ નારાયણ ॥ રામાકૃષ્ણ ગોવીંદા નારાયણ હરે, કેસવ માધવ વિઠલ મુકુંદ મોરારે ॥

વીગરે નામોચ્ચાર આખી રાત કર્યાં ને મળસકાના સુમારે પ્રાણ પોક પાડી, તમામ સગાં તથા વાણિઆની સ્ત્રી સાથે લૌકીક કરવા લાગ્યાં.

સવાર થતાં તમામ ગ્રામલોક ભેગા થઈ ગઆ ને પેલા બ્રાહ્મણને કે' છે માહારાજ એ વાણિઓ તો મરી ગઓ હવે તો જાઓ. ઊઠો નહીંતો આથી અબડાઇ જસો તો નાહાવું પડશે.

બ્રાહ્મણ—ભાઇ એ વાણિઓ મને બોળવા બેઠો છ. ને હું અહી બેઠો છું ત્યારથી મારે લુગડા બોળવાના થઆ છેજ.

લોક—માહારાજ ઊઠજા તાહારે ઘેર મુઆ મડદા પાશે શું લેવાનો છે તારી ડાગળી ખસી ગઇ છે કે શું ?

બ્રાહ્મણ—એ વાણિઆને મારે સારૂ મરવુ પડયું માટે મારે એને મશાણે લઇ જાએ ત્યાંસુધી તો સાથે રહેવું પડશે. એ વાણિઆને ને મારે તો ઘણી દોસ્તી છે મારે ઉચકવો જોઈએ પણ હમારી ન્યાત જુદી તેથી ઊચકાય નહી પેલા વાણિઆના સગા..સાભળતાં હતા તેણે પેલા વાણિઆને કહ્યું કે આટલું.કરતાં ,પણ બ્રાહ્મણ જતો નથી.

વાણિઓ—હાવે મને લઈ જાઓ ઠાઠડી લાવો ને ત્યાં અધુરો સંસ્કાર પુરો કરો આખો દીવશ સુ પુછ્યા કરો છો. સગાં સાગવાં ખાટલી બાંધી માહી સુવાડી મસાણે લાવ્યા. પેલા બ્રાહ્મણ પણ પાછળ પાછળ આવીને આઘો બેઠો છે.

ડાધુ—અલા ભાઈ પેલો તો બેઠો છે હવે કેમ કરીએ અત્યાર સુધી તો તેં જેમ કહ્યુ તેમ કર્યું પણ હવે.

વાણિઓ—લાકડા લાવી ચીતા કરી મને સુવાડો ને સળગાવી મુકો. તમે ખાલી સુ કરવા ડરો છો. મારો આવરદા પુરો થઓ હશે. તો આ વાત થઇ માટે હવે બીવાનુ કામ નથી-

ડાધુ—આવું સાંભળી સૌ નીરાશ થઇ ગયા. ને લાકડાં લાવી ચિના ખડકીને પેલા વાણિઆને કહે છે હવે તને કેમ કરીએ.

વાણિઓ—સાત થર લાકડા સીચીને નીચેથી સળગાવીને મને ઉપર સુવાડો.

પેલા લોકોએ કહ્યા પ્રમાણે મોટી ચેહ ખડકીને ઉપર પેલા વાણિઆને સુવાડી નીચેથી સળગાવી સૌ આઘા નીરાશ થઇને બેઠા બેઠા રડે છે-વાણિઓ પોતાનો કાળ આવ્યો છે ને અંતકાળ વખત પરમેશ્વરને પ્રાર્થના કરે છે કે માહારાજ મારા અપરાધ ક્ષુના ક્ષમા કરજો. મારી કરણી સામું જોસો નહી વિગરે નીચેના પદોથી ચિતા પર સુતો સુતો ભજન કરે છે.

રાગ લલીતની છાયા.

પરમ હો પ્રભુ વિનવું તુને, કષ્ટપાપથી બચાવતું મ્હને;
સહાય આપજો આસમે તમે, ત્રિવિધ તાપનો માહારાસમે. ૧
ગરીબ જાતછું, પાપી પ્રાણીરે; સાહેતા કરો દાશ જાણીરે;
પ્રભુ મનેતોછે તારો આશરો, ક્ષુના માહેરા માફ સૌ કરો. ૨
કરગરી કહું આપ આગેરે, જેથી માહેર દુખ ભાગેરે;
તમો સમાન કો નથી ઉદારરે, માટે પાપથી મને ઉગારરે. ૩
કર્યુંના કદી સ્મર્ણ ધ્યાનરે, નિયમ ધર્મ કે દયા દાનરે;
પરોપકાર તે. નથીરે કર્યાં, પ્રપંચના થકી પેટ મેં ભર્યાં. ૪

વદુ મુખથી જુઠ વણુરે, કરૂ કર્મ હું દુખ દેણુરે;
સદૈજ જીવની કરૂ ઘાતરે, દુષ્ટ કલ્પના દીન રાતરે. ૫
જગત જીવનો પાળનારરે, પાપી પ્રાણીને તારનારરે;
સુભ મતિનો તું આપનારરે નિતિ ધર્મને સ્થાપનારરે. ૬
ગતિ તાહેરી ઘણી ભારીરે, વસ્તુઓ રચી સુખ કારીરે;
પ્રાણી માત્રના હીત કારણે, રચ્યાં સર્વ તેં સુખ કારણે. ૭
પસુ પંખીને અલ્પ પ્રાણીરે, અવયવો રચ્યાં રેહેમ આણીરે;
ખગોળે ખડયા રવીને શશી, ગ્રહો તારામાં ખામીના કશી. ૮
પર્વતોને ભું કર્યાં સેહેજરે, વાયુ પાણીને અગ્ની તેજ રે;
કૃત તાહેરી જોતાં ભારીરે, પ્રાણી માત્રને લાભકારી રે. ૯
ધરૂ હું પ્રભુ તહારી આશરે, દિન જાણીને તેડો પાશરે;
સ્તુતી માહેરી અંતરે ધરો, માગ્યુ નારણે સાહેત. કરો ૧૦

સ્તુતી પદ.

રાગ નાથ કેશ ગજકા ફંદ છોડાયા

કરણી સામુના જોસો પ્રભુ મારી કરણી સામુના જોસો. ટેક.
તમને જાચું અવર ન રાચુ, મેં પાલવ સાહ્યો તમારો;
ભવ સાગરમાં બુડી મરૂછું મુજને બતાવોની આરો. પ્રભુ. ૧
સંસારી સૌ સ્નેહી સગામાં, એક તમે છો સાચા;
માત પિતા ગુરૂ સ્નેહી સગાથી, અધિક વદુછું હું વાચા. પ્રભુ. ૨
ઘણો અપરાધી પામર પ્રાણી, પાપ કરૂ ઘણાં ભારી;
કૃપા કરો તમે કરૂણા સીંધુ, ભય દુઃખ નાખો વિદારી. પ્રભુ. ૩
જપ તપ યગ્ન કે સાધન વૃતમાં, છેકે હીણો છોં જાતે;
સેવા ધરમ કે દાન દયા મન, ધ્યાન ધર્યું ના એકાંતે. પ્રભુ. ૪
તિર્થી ટણુ પ્રભુ દરશણુ, યાત્રા હું ન ગઓ કંઈ ચાલી;
છંદ પ્રપંચ અધર્મ કરૂ ઘણું, મન કુસંગમાં ઘાલી. પ્રભુ. ૫
સાધુ અતીત અભ્યાગત હરીજન, તેને નમુ નહી લેશ;
કુશીલ કુભાંડી દુરી જનને મળી, નીત્ય વધારૂ હું કલેશ. પ્રભુ. ૬

પર ઉપકાર કે જીવની રક્ષા, સત્ય કહ્યું ના જરાએ;
અવળે માર્ગ ગયો અફળા તો, તમ પદ કેમ પમાએ. પ્રભુ. ૭
ઓછવ કરી ગુણ કિર્તન ગાવા, મનમાં આળશ થાએ;
ભજન કર્યા વણ હું પામરની, જીવદશા કેમ જાએ. પ્રભુ. ૮
જ્યારથી જનમ્યો ત્યારથી અવળો, ચાલ્યો હું આજસુધીમાં;
એ અપરાધો મારા પ્રભુ તમે, કૃપા કરી દીઓ ક્ષમાં. પ્રભુ. ૯
સરવ જગતનાછો દુખ હરતા, મુક્તિમાંદાતા દયાળું;
અજ્ઞાન તિમર છે મમઅંતર, ટાળો કરી અજવાળું. પ્રભુ. ૧૦
દાશ તમારો હુ જાણીને રાખો, મેહેર કરી પ્રભુ પાશે;
તમ પદ કેરી સેવા દીજું, આપી પુરો મુજ આશ. પ્રભુ. ૧
આપો સુબુદ્ધી જે હરીગુણ ગાઉં, સેવા કરૂ મન ભાવે;
ભવનું બંધન લક્ષ ચોરાસી, તે મુજ પાશે ન આવે. પ્રભુ. ૧૨
તમ શેવકનો દાશ હું નારણ, વદ હું જોડી બે હાથ;
જાણી અનાથને સરણે રાખો, સરવ જગતના નાથ. પ્રભુ. ૧૩

વાણીઓ—એ પરમેશ્વર મારૂ મત્યુ આવ્યું છે ને તેણે મને ઝાલ્યો છે. આ ચિતામાંથી ધુમાં રોળ થઈ ગોટે ગોટ નીકળતા હુ નજરે જોઉં છું અને પવનનો સુસવાટો નિકળ્યો છે, તેથી હમણા ભડકો થશે ને મને આચ લાગશે કે મારો જીવાત્મા ખોળીઆમાથી નિકળી જમરાજના દુતને આધિન થશે. માટે હજુ મારો જીવ છે, એટલી વાર તને અરજ કરૂ છું કે, આ ભવજળથી હવે મને મારા દોશ નિવારીને તારી લે.

પદ.

દોશ નિવારોરે પ્રભુ મુજ દોશ નિવારોરે,
ભવ જળ થકી તારોરે પ્રભુ મુજ દોશ નિવારોરે. ટેક.
આ તન માહારૂ સહેજમાં જાશે, નહીં રેહેસેરે:
પલમાં તે જીવ ઘટને તજીરે, છાંડી દેહ જાશેરે. પ્રભુ મુજ. ૧

સંબંધી સૌ ભેગાં મળી, ઓાધે જઇ રોશેરે;
સ્નાન કર્યું કે પાધરાં, મુજ માઆ જોશેરે. પ્રભુ મુજ. ૨
કોડી નહી આપે કોઇને, મુજ લેખે ન ખરચેરે;
ખાવાની કરશે પેરવી રે, તેની વાતો ચરચેરે. પ્રભુ મુજ. ૩
યમ કીંકર બહુ મારશે, વરશે જળ ધારારે;
રાય ધરમ લેખુ જુએરે, પુન્ય પાપ ઊધારા રે. પ્રભુ મુજ. ૪
પાપ જમે બહુ માહેરાં, મુકયો ધર્મનો આરારે;
પુન્ય કર્યું નહી મુળગું, ખોયો જનમારો રે. પ્રભુ મુજ. ૫
નર્ક વીશે મુને નાખશે, જ્યાંહાં છે દુઃખ ભારીરે;
દેવ મોરારીના વિનારે, નથી સાહેકો મારીરે. પ્રભુ મુજ. ૬
માટે નમુ હું. ભાવથી, ભવનું દુઃખ જાએરે;
લક્ષ ચોર્યાશી ટળી જઇ, જીવ મુક્તિ થાએ રે. પ્રભુ મુજ. ૭
માગું તમારી પાશથી હુ તો, સાહ્યા તમારો રે;
નારણુની આ વિનતીરે, સુણી ભવથી ઉગારોરે. પ્રભુ મુજ. ૮

આ સ્તુતી કરી રહ્યા પછી વાણિઓ કહે છે ઓ અનાથ બંધુ દિનાનાથ ભક્ત વચ્છળ કરણા રી હુ દીન દયાળ મારી આ છેલી વિનંતી સ્વિકારી મને મોક્ષપદ આપવું તમારા હાથમાં છે. કારણુ કે મારી કાઆને આંચ લાગતાં વાર છે, એટલીજ વાર મારો પ્રાણુ જતાં છે. માટે થોડામાં એટલુંજ કહુ છું કે મારો ટેક મારા ધાર્યા પ્રમાણે રહો છે. માટે મારો આંત્માં તારા પવિત્ર ચરણુ કમળ વિશે રેહેવા સારૂ ખેચી લે અમથો સુ કરવા વાર લગાડી મારી કાયા તથા જીવને ધ્રુજાવે છે. એમ કહી વાંકી ડોકી કરી આંખ ઊધાડીને જુવે છે તો ચિતા સળગી છે ને જવાળા બાહાર નીકળે છે- તે જોઇ મનમાં વીચાર કરે છે કે આ સું, ચિતા ખરેખરી સળગી છે, ને મને હુની આંચ પણુ નથી આવતી એ શું.

વાણિઓ—આં સું પરમેશ્વર હવે મને લેસે, શું ? હું એટલે

બંધો અપરાધીછું કે મને અગ્નીદેવતા પણ સંઘરતો નથી. પણ પ્રભુ એ એક પાસાનો જોરથી પવન મુક્યો છે તેથી અગ્નીની જવાળા ભોય સાથે લોટાતી નીકળી જાએ છે પણ ઉપર ઝાળ નીકળતી નથી. એ પ્રમાણે પાચ થર બળી ગઆ ફકત બે થર બાકી રહેલા છે તે વાણિઆએ જોયાં ને મનમાં વિચાર કરે છે કે, આ બધા લાકડાં બળી ગયાં. ને મને તો આંચ લાગી નહી આથી મને બાળવા આવનાર ડાઘુ લોક તો એમજ જાણશે કે. એ તો બળી મુઓ હમણા ચેહે સંકોરવા આવશે, તે વખત મને જીવતો દેખીને અહીંઆથી મુઠીઓ વાળીને એવા નાશી જશે કે, પાછુ ફરીને જોવાના પણ નથી. ને કહેશે કે એ તો ભુત થઓ આ બે થર અધુરા છે તે બળશે ત્યારે મારો પ્રાણ મારી દેહ અગ્નીમાં પડવાથી જતો રેહેશે. પછી એ લોકો બાળવા આવશે નહી ને મારી મીટી રઝળી જશે. અરે પ્રભુ આના કરતાં તો હું પાણીમાં તે વખત ડુબી મુઓ હોત તો સારૂ કે મચ્છ કચ્છ વીગેરે ખાઇ પોતાનો આત્મા સંતોખત આતો બધી વાતે મારૂ પરમેશ્વર બગાડવા બેઠો છે, એમ કહી પરમેશ્વર ઉપર ચીડ કરીને કહેછે કે ? હવે મને સુ કરવા ધાર્યું છે તને કંઇ સાન અક્કલ કે ભાન નથી. અમથો રીબાવે છે જો તેં અંશે કરીને કૃષ્ણ અવતાર લીધો તે વખત તેં તારાં સગા માબાપ કુટુંબ મોસાળ સ્નેહીઓ સર્વેને તે દુઃખ દીધાં છે તો મને દુઃખ દે તેમાં સી આશ્ચર્યની વાત છે. તુ તો નીલજને અકલ હીણ છે તેં વીશે સુતો સુતો ઠપકો દે છે.

રાગ વેરાડી અથવા પ્રભાત પદમા ગવાએ છે.

સાન નથી તને સામળા, છે તુ નીરલજ ઝાઝો;
જાણ્યો દયાળું મે તને, તેથી નામને બાઝયો. સાન. ૧
જોની વિચારી તું મનમાં, કેવો નિર્દય કાએ;
માત પિતા મુકી કેદમા, પોતે ગોકુળ જાયે. સાન. ૨
ગોકુળમાં જઇ ઊછર્યો, દુખડા દુર રેલ્યાં;
નંદ જસોદા વૃજ સહુ, તેને રડતાં મેલ્યાં. સાન. ૩

રાધા આદે વ્રજ નારીઓ, સેવ્યો પ્રેમી જાણી;
ત્યાગ તેંતો તેનો કરી, કુબજા પટરાણી. સાન. ૪
ખાઇ હરામનું વ્રજ વિશે, અંગ બાહુ વધાર્યાં;
બીન અપરાધે પશુ હણી, મલ્લ બને ને માર્યાં. સાન. ૫
મારી મામો લીધી સાહેબી, જુઓ પ્રાક્રમ કીધું;
ગાળો ખાધી શીશુપાળની, મથુરાં ખોઈ દીધું. સાન. ૬
સાગર બેટ જ્યાંહાં દ્વારીકાં, ત્યાં ગાદી સ્થાપી;
દીઠા જોરાવર જદુપતી, બેંન જોગીને આપી. સાન. ૭
સરખા સગા હતા સ્નેહમાં, કુરૂ પાંડુ બે ભાઈ;
દાશ થઓ પાડવ તણો, કુરૂ સૈન્ય મરાઇ. સાન. ૮
દુઃખ દીધું નીજ ભક્તને, પ્રેહેલાદ પીડાવ્યો;
સુધનવાને સોસીઓ, તેલ માંહી તળાવ્યો. સાન. ૯
નરસૈંયાને નસાડીઓ, ધર બાર છોડાવી;
ત્યાગ કરાવ્યો સ્વામીનો મીરાબાઇ મરાવી સાન. ૧૦
કેટલી કહુ તારી ધુર્તતા, કહેતાં મોં લાજે છે;
નારણ નહી ડરે મોતથી, સીર હરી છાજે છે. સાન. ૧૧

વણિઓ—તારૂ ચાલ્યું એટલું તેં કરી લીધું, કશી બાકી રાખી નથી. તેમ મારી જાત ઉપર વિતાડવાનું બાકી હોએ એટલું કરી લે. અધુરૂ મુકતો નહીં. થોડીવાર પછી મારો પ્રાણ જશે. એટલે તારૂ ધાર્યું તારા મનમાં રેહેશે. ને તને ઓરતો રહી જશે. વળી કહેશે કે કહ્યુ નહી. માટેતને યાદ દેવરાવું છું કે ઓ લંપટ કપટી નીર્દય બીજી તરેહનું હજુ મને દુઃખ દૈને ખુશીથા. તારૂ જોર તો મેં જોઇ લીધું. ને તમે કેવા પાણીવાળા છો તેપણ મેં જોયું હમણા તારૂ પાણી ઊતારી નાખુ છું જોઈ લે. ટેક મારી પાશે છે ને પ્રભુતા તો ગઈ કેમ કંઇ સુઝતું નથી?

આવું વાણિઆનું કેહેવું સામળી તથા દ્રઢતા જોઈ પરમાત્મા

વિચાર કરે છે કે આના જેવો બીજો કોઇ દ્રઢતા વાળો નથી. એનો ટેક મુકાવવા સારૂ મેં એને દુનીઆમાથી તથા જાતમાંથી કાઢી નાખ્યો તોપણ જરા બીતો નથી ને મારા તરફનું ધ્યાન ચુકતો નથી. ને મેહેણા મારી ઊલટુ મારૂ પેટ બાળી મુક્યું. હવે તો એ જીત્યો ને હું હાર્યો. ચાલ એને દરશણ આપીને ઉહાડા ઉગારૂં. એવું મનમાં ધારી ઉતાવળા સંખ ચક્ર ગદા પદમ વનમાળા વાગરે દીવ્ય આભુશણ તથા આયુધ ધરી પગે ચાલતા પેલા વાણિઆની, ચેહ બળે છે તેની સામુ આવી ઉભા રહીને સંખનાદ કર્યો. વાણિઆએ સુતાં સુતાં આંખ ઉઘાડીને જોયું તો સાક્ષાત નારાયણના દર્શણ પેલા સાધુએ કહ્યા પ્રમાણે થઆ તે જોઇ વાણિઆ ખુશી થઈને કહે છે માહારાજ મારૂં જીવતર સફળ થયું કે મે ખરા પ્રેમથી ટેક પાળીને તમારૂં સ્મરણ કર્યું તો આપ દાસનું દુઃખ જાણી ઊગારવા પધાર્યા છો. અહો મારે વાસ્તે તમને અતી પરીશ્રમ પોહોચ્યો. ધન ભાગ્ય છે. હવે હું મરતાં મરતાં આપની સેવા પુજા કરી લઉ મારી પાશે પુજન કરવાનો કંઇ ઉપચાર નથી. માટે માનશીક પુજન કરૂં છું, તે કૃપા કરી સ્વીકારો.

માનસીક સેવા પદ.

રાગ જીલે હેકો.

માનસીક સેવ પ્રભુ માની લ્યો કૃપાળ. માન સીક સેવ. ટેક.
પ્રીતે પાઊ ધોઊ બેસો રહૃદયમાં દયાળ;
જ્ઞાન રૂપી સ્નાન અર્પું નિંત ગંધ ભાળ. માન. ૧
પ્રેમ પુષ્પ કેરી હુ ગુંથી પેહેરાવું માળ;
પવિત્રતાના પાકનો રોગાવું ભરી થાળ. માન. ૨
સ્વચ્છતાનું નીરભર્યું પાત્રમા વિશાળ;
હરખનું તંબોળ લઊ મુખલ્યો રસાળ. માન. ૩
આરત આરતી ઉતારી નિર્ખુ દીન દયાળ;
વિનય થકી વિનવું તુને ભકત પ્રતિપાળ. માન. ૪

ઝંખી તમારૂં નામ હું જપું ત્રિકાળ;
દો તમારી ભક્તિ રોજ એજ માગે બાળ. માન. ૫
ત્રિવેધી તાપ ટેરી મારીનો મુકતને આળ;
આમ કલ્પ વૃક્ષ તણી નારણે અહીં ડાળ. માન. ૬

વાણિઓએ આવી રીતે પ્રભુનું સુનાં સુનાં એક દ્રષ્ટે દરશણ નિહાલી જોઈને માનસીક પુજન કરી બે હાથ જોડી નમસ્કાર કર્યો. ને વિનંતી કરી કે માહારાજ હવે મને આપના ચર્ણારવિંદમાં રાખો. અને અંતકાળ સમય પ્રભુનાં સાનિધ્ય દેહ છોડવો એ સમાન બીજું સુખ મારે કંઇ જોઇતું નથી. માટે મારો મનોર્થ એટલો પુરણ કરો આવો સમય મને કોટી કલ્પે મળનાર નથી.

શ્રી હરી શ્રી મુખે બોલ્યા કે—ભાઈ તારો અવતાર સફળ થઓ ને તને મોક્ષપદ મળી ચુકયું..હવે તારે કંઈ વાતની તુન્યતા રહી નથી. માટે ઉઠ આપણે ભેટીએ મને તારાપર ઘણું હેત આવ્યું છે.

વાણિઓ—માહારાજ તમારી છબી મારા અંતઃકરણમાં બીરાજી છે. હવે ભેટયાથી સુ વધારે છે. માટે મારા માગ્યા સુજબ કૃપા કરી મારો જીવાત્માં તમારા ચરણ કમળમાં લેલ્યો.

પરબ્રહ્મ—તુ મારા રહદયમાં વસ્યો છે. માટે ઊઠ ઘેર ચાલ.

વાણિઓ—એ વાતનાં સોગાઉના છેટાં. એ બને નહી સંસારથી મુકત થઇ પ્રભુના દર્શણ પામી મોક્ષ પામવા સારૂ તો આગળ મોટા મોટા મુનીજન ભકતોએ દેહ દમન કરી છે તે વસ્તુ મને સેહેલથી પ્રાપ્ત થઈ, તે હુ છોડી દઈ, પાછો ક્ષણીક સુખ ભોગવવા સારૂ, સંસારના પ્રપંચમાં પડી, વળી પાપનો ગાસડો બાધું ? એવો મુર્ખ કોઈ હોએ કે હું થાઊં. માટે એ વિના જે કહો તે હું કરવા હાજર છું.

શ્રીહરી—ભાઈ તું આટલી વખત મારી પર મેહેરબાની કરી. ઊઠી મારી લાજ જાએ છે તે રાખ.

વાણિઓ—માહરાજ તમારી લાજ તે જાય. અમથા જુઠું સુ

કરવા બેઠો છો સંસારમાં મારી લાજ તો ગઇ તમારી તો કંઇએ ગઇ નથી.

શ્રીહરી—ભાઇ મારા ભકતની લાજ ગઇ એટલે મારી સાત પેહેડીની લાજ ગઇ. મારો બધો આધાર આબ્રો માન પ્રતિષ્ટ મહતા યા મારા ભકતનેહાથ છે માટે તું લાજ રાખે તો રેહે.

વાણિઓ—માહારાજ મારા હાથમાં તમારી લાજ રાખવાનું સુ છે કે આટલા દીનતાના વચન બોલવાં પડે છે.

શ્રીહરી—સો તારા હાથમાં છે.

વાણિઓ—શી રીતે અને સુ છે ?

શ્રીહરી—તારા હાથમા છે તે તને કહુ. તું આ ચિતામાથી ઉઠે તો લાજ રેહે નીકર જાએ. કારણ કે તેં મારૂ દરશણ પામવા સારૂ સદા ચરણ પાળી ટેક રાખ્યો તો તેમાં તને ઘણું દુઃખ પડયું એ આ બધી દુનીઆએ જોયું. હવે તું બળી મરે ત્યારે લોકો મને ઠપકો દે ને કહેશે કે અરે પરમેશ્વર તું આવો દુષ્ટ છે. તુ સારે રસ્તે ચાલે. ધર્મ પર નેષ્ટા રાખે ને તારૂ ભજન કરે તેને તું આવુ દુઃખ દઇ વગર મોતે જીવ લે છે. એવી મારી નાલાસી કરે ને તારૂ કષ્ટ જોઈ લોકો મારૂ ભજન કરવું બીલકુલ મુકી દે. એમાં મારી આબરૂ ગઇ કે રહી તુંજ કહે ? ને તુ જો જીવતો સહી સલામત ઊઠી તને મારાં દર્શણ થઆ એ વાત તું દુનીઆમાં કરે તો મારો પ્રતાપ વધે ને મારા ભજનનો મહીમાં વિસ્તાર પામી મારી ભક્તિ ફેલાય તેથી જ મારી આબરૂ રહે, નહી તો જાએ. માટે ઊઠ ભાઇ ઉઠ પ્રભુ તેના હાથ ઝાલી ઉઠાડે છે પણ ઉઠતો નથી.

વાણિઓ—માહારાજ આપના વચન માથે ચઢાવું છઊં. આપે મારો હાથ ઝાલ્યો એટલે મારે કંઇ બાકી રહી નથી માટે હું ઉઠું છું પણ ઉઠીને સું કરૂ માહારાજ ?

શ્રીહરી—ઉઠીને ઘેરજા તારી સ્ત્રી તરાશગાં સૌને મળ. ને તેનાં રહદયના શોક મુકાવી દે ને તુ સંસાર વ્હવહાર ભોગવ.

વાણિઓ—નારે માહારાજ હુ ઘેરતો નહી જાઉં કારણ કે મને બધા કહેશે કે ભુત થઓ પેહેલાં તો આ મને બાળવા આવનારજ

જીવ લઈને મને ચેહેમાથી બેઠો થએલો જોઈ નાસી જશે તો બીજા સગાં તથા સ્ત્રી તથા ગામ લોક હાકેમ વીગરેની વાત સી કહેવાની. તેઓ મને પીસાચ જાણી મંત્રની અંજલીઓ છાંટી તથા વિવિધં ત રેહના માર મારી મને ઘણું દુઃખ દે ને મારો નાશ કરે. માટે આવો સુખનો સમય મુકી દુઃખ સું કરવા માગી લઊ. ને વળી પેલો બ્રાહ્મણ પૈ લેવા ઉભો થાય મારે તેને ના કહેવી પડે એટલા વાના સુ કરવા કરવા જોઈએ ? એમ કરતાં તમારી આજ્ઞા પ્રમાણે હું ઉઠી આ પનો મહીમાં વધારવા વિસેતું ભાષણ કરૂ તો ખરો પણ મને ભુત સમજી મારી વાતજ કોઈ સાંભળે નહીં ત્યાં બીજી વાત શી કેહેવી.

શ્રીહરી—પૈ લેનાર બ્રાહ્મણ હુ હતો તારી પાશે પાઇ મારે જોઇતી નથી તું ઉઠ એટલે મને નવેનીધ મળી તને હવે કોઇ દુઃખ નહી દે માટે જા ઉઠ સૌને તને જે લાભ મળ્યો તે કહે ?

વાણિઓ—તમારા દરસણુથી મને જે લાભ મળ્યો તે સૌને તમેજ આપોની એટલે પછી કઈ પણ પ્રકારની સંકા કોઇના મનમાં નહી રેહે. અમસ્થા મારે માથે ભાર શું કરવા મુકો છો કરતા હરતાં તમે સમર્થ છો. હુ સું તમારો મહીમાં વધારવાને સમર્થ છું.

શ્રીહરી—એમ ના થાય કારણ કે મારૂં દર્શણ કરતાં તને કેટલું કષ્ટ પડયું તો અધર્મીઓને કેમ અપાશે ?

વાણિઓ—માહારાજ તુમો કહોછો કે હુ ભકતને આધીનછુ એવા ભક્ત પવિત્ર છે. ને તું મને ઘણો વાહાલો છે એમ જો હોએ તો હુ આપને વિનંતી કરીને કહુછું કે આ મારા સગા વાહાલા ગામ હાકેમ વીગરેને સરવેને મારી પેઠે દર્શણ આપો એટલે કંઇ કહેવા સાભળવાનું નહી રહે અને તમારી ભક્તિ એની મેળે વગર કહેકહાવે વિસ્તાર પામશે જે ગામમાં પ્રભુનો ભક્ત રેહે છે તે તમામ ગામની ભોમીજ પવિત્ર આપ કહો છો તો લોકો પાપી કેમ થાએ માટે ખોટા બાહાના જવા દે સૌને દરશણ આપો કે સૌ સાંત થઈ જાએ. પરમાતમાથી આ ખરી વાતની ના કહેવાઇ નહીં ને પોતે અધરે આવેલા તેથી કબુલ કર્યું કે ભાઇ ચાલ તારા કેહેવા પ્રમાણે સૌને દરશણ આપુ પણ તું ચેહેમાંથી બાહાર આવ.

આવું પરમાત્માનું આગ્રહ પુર્વક વચન સાંભળી વાણિઓ ચિતામાથી ઉઠયો. તે જોઇ બાળવા આવેલા લોક નાશવા માંડયા ને ગાભરા થઇ જઇ જીવ લઇ મુઠીઓ વાળી નાઠા.

વાણિઓ—ગભરાસો નહીં નાહાસો નહીં તમારા ભાગ્ય ઉઘડયાં છે. આ સાક્ષાત નારાયણના દર્શણ કરો કે મારી પેઠે તમારે જન્મ મરણનો ફેરો જાએ. આ સાંભળી લોકો ઉભા રહીને જુવે છે તો પ્રભુના દર્શણ થયાં ને સૌ પગે લાગ્યા. પછી પરમાત્માં પેલા વાણિઆનો હાથ ઝાલી ચાલતા ચાલતા ગાંમમાં આવ્યા ને રસ્તામાં મળેલા લોકોને સૌને દર્શણ આપ્યાં પછી વાણિઓ પરમાત્માને ઘેર તેડી લાવ્યો ત્યાં ગામનો રાજા પોતાની સેન્યા સાથે વાત સાંભળી પેલા વાણિઆને ઘેર આવ્યો. વાણિઆએ માહારાજને મોટે આશને બેસાડી પોતે દંપતીએ સોડશો પચારે પુજન અર્ચન કરી રહયા પછી. વાણિઓ પરમાત્માની નીચે પ્રમાણે સ્તુતી કરે છે.

સ્તુતી પ્રબંધ.

દીપચંદીગાંનો.

જય જય હે જગવંદ્ય જનાર્દન, જન પ્રતિપાલ દયાલ;
ભાવ થકી ભાંખું ભજનામૃત, જેથી મટે જંજાળ. ટેક.
મુજ કષ્ટ નીવાર્યું કારજ સાર્યું ભકતવચ્છળ નિજ નામજ,
ધાર્યું હું પામ્યો આજે મેં ધાર્યું, બુડતું નાવ મમ પારઉતાર્યું;
કૃપા કરી મુજ દિન પરઆજે કરૂણા દ્રષ્ટી વિસાળ. જય. ૧
આશ કરૂં છું તાહારી દેવા, નિત્ય નિરંતર કરતો સેવા,
અક્ષય શુખ મૃત્યુ પછી લેવા, પર ઉપકારી નહી તમજેવા;
કરસો મુજપર નીત્યે એવા.
નવ કદી ધારૂં આશ જગતની ચરણ સરણ રહુબાળ. જય. ૨
પ્રભુ આપ પ્રતાપ ટળશે તાપ એમ લહી મન જપતો જાપ,
જેથી નાઠા સૌ પરીતાપ અંતે મુક્તિ આપી આપ;
એ ઉપકાર અપાર નિરંતર સ્મરૂં હું દીન દયાળ. જય. ૩
મળીઆ સ્વામી વિશ્વવિરામી પ્રીતે પ્રણમું છું બહુ નામી,
જગ્ત વેદના મારી વામી; મુક્તિ આવી છે મુજ સામી;
માંગુ નીત્યે સેવ કમળ પદ દ્યો ભક્તિજ રસાળ. જય. ૪
છે મનહુલ્લાશ રાખીઆશ મટવા પાપ સાહેકરોમનેજાણીદાસ,
મરણ પછી દ્યો સુભવાશ એ આશા નવ કરો નીરાશ;
વિનવું વિનય થકી વિસ્વંભર કરૂણાં કાંત કૃપાળ. જય. ૫
વિનતી મ્હારી લ્યોજ સ્વિકારી માયામુજથી ગઈછે હારી,

કૃપા કરી તો થઈ તે ન્યારી ભવ દુખનાખ્યું આપે વિદારી;
હાવે મુજને ક્યોજ ઉધારી,
નારણના સ્વામીને જાચું છુટવા માયા જાળ. જય. ૬

આ પ્રમાણે વાણિએ પ્રભુની પ્રાર્થના કરી રહયા પછી રાજા રૈયત આદિ સરવે પુરવાસી જન સાભળતાં મોટો ઘાંટો પાડીને કહેવા લાગ્યો કે ભાઈઓ સદાચરણ પાળી ઈશ્વર ઉપર દ્રઢ નિશ્ચય રાખી ખરાપ્રેમથી ભક્તિ કરી એક ટેક પ્રાણ કરતાં પણ વધારે વાહાલો ગણી મેં ઈશ્વરનું એકાગ્રહ ચિતથી ભજન કર્યું તેનું ફળ તમો આ પોતે નજરે જુઓછો તેથી હુ વધારે કહેતો નથી. જુઓ મારા એકલાની ભક્તિથી. પ્રભુ સૌના પર કૃપાળ થઈ દેવને દુર્લભ એવાં દર્શણ આપ્યાં એવો એનો પ્રતાપ છે. અને જેનાપર એની એટલે પ્રભુની મેહેરબાની છે તો પછી સંસારી કઈપણ પ્રકારનું દુઃખ તેને નડતું નથી. માટે મારી પેઠે જીવને પણ વાહાલો ન ગણતાં ઈશ્વર ભજન એક ટેકથી કરવું સંસારીક દુખ કંઈ નડવાનું નથી. તે વીશે આ તમને મારી અનુભવની વાતની લાવણી સંભળાવુંછું તે સાંભળો.

લાવણી.

હરી મેહર કરેતો ભવ દુઃખ બંધન જાએ;
જો રૂઠે સૌ સંસાર તોય સું થાએ. ટેક.
ઘણો ગ્રહ પીડાનો" ભાવ નડે કો જનને,
વળી દેહ તણું જે દુઃખ થતું હોએ તનને;
કોઈ દુરીજન દેતો હોય કષ્ટ સજ્જનને,
કોઈ જુલમીને ભય થકી સેવે કો વનને;
સીર કૃપા હોય હરી તણી નડેન જરાએ. હરી. ૧
કદી સગાં સહોદર બધાં થયાં હોય વાંરી;
ઘણો હોય દીલનો શત્રુ પમાડે ત્રાશી,
કપુ ઇજ્જતને નુકશાન કરે હુલ્લારી;
લઈ કેડો સરવે જનજો અવગુણ ગારી,
સમરથ જેને સીર નાથ સૌથી સુ થાએ. હરી. ૨
કદી રાજા રાખે દ્વેશ મારવા ધારે;
કપુ ઝાઝો બુડતાં હોએ સમુદર ખારે,
કપુ ધન સુત દારા સરવે થાએ ખુવારે;
સપડાવે જુલમી પસુ કદી કોઈ વારે,
કોથી ના ટુટે વાળ હજાર ઉપાએ. હરી. ૩
જો સીંહ વાઘ કે વરૂ આંતરી ખાળે,

કંઈ વીશધરકોને અંગ ડસ્યો હોય કાળે;
કંઈ વેરી સાધી વેર અગનમાં બાળે,
કંઈ આવી સમીપે કાળ ક્રોધથી ભાળે;
પ્રભુ મરજી વણુ આ દેહ પતન ન થાએ. હરી. ૪
સૌ જીવ ગએ નવ ડરી હરી સંભારો;
એથી ભવ દરીઆ તણો લાધશે આરો,
પ્રભુ લક્ષ ચોર્યાંસી થકી કાઢશે ન્યારો;
પછી જરાએ તમને દુઃખ કોણુ દેનારો,
નારણ કહે શ્રી હરી ભજો એક જીવ્હાએ. હરી. ૫

ભાઇઓ આ લાવણીમાં કહ્યા • પ્રમાણે જો ઈશ્વરની આપણા ઉપર મેહેરબાની હોએ તો જગ્ત તથા વેરી ઝખમારે છે માટે સૌ સજ્જન ભાઇઓ તમો પરમેશ્વરનું ભજન સેવા સ્મરણ કરો એ વીશે તમને બીજી લાવણી કહુછું તે સાંભળો ને તે પ્રમાણે ચાલો કોઈનો ભય રાખવો નહીં.

લાવણી.

સહુ સજન ભજન આદરો પ્રભુની સેવ. ટેક.
અ. અ. અલોકીક છે નાથ જગતનો જેહ;
ક, ક. કર્મયોગથી દીધો મનુષ્યા દેહ,
ખ. ખ. ખોતો નહી તું વખત ભજ્યાનો તેહ;
ગ. ગ. ગતીને કરતુ શ્વચ્છ ભજનમાં રેહ,
ઘ. ઘ. ઘડી ઘડી કરો યાદ નીરંજન દેવ; સહુ. ૧
ચ. ચ. ચિતને રાખો ઠામ માઠું ના થાએ;
છ. છ. છતા ભજો સુખ ધામ જેથી દુઃખ જાએ,
જ. જ. જગત સર્વનો નાથ બાહે તુજ સ્હાએ;
ઝ. ઝ. ઝટપટ સમજી ઉઠ ફોગટ સું વ્હાએ,
ટ. ટ. ટપી આટપી ઉઠો સત્ય તતખેવ; સહુ. ૨
ઠ. ઠ. ઠોકર ખાસો ખુબ કુસંગે રહીને;
ડ. ડ. ડહાપણુ રાખો યાર સુશંગી થઈને,
ઢ. ઢ. ઢગલે કરો સુકિત હરી ગુણ ગાઇને;
ત. ત. તમામ મનનો મેલ જશે ધોવાઇને,
થ. થ થશે મનોરથ સીદ્ધ જરો અહંમેવ; શહુ. ૩
દ. દ. દર્શણુ કરતું નિત્ય હરીનું પ્રીતે;
ધ. ધ. ધનદારા કે પુત્ર ન મ્હાસો ચીતે,
ન. ન. નર્કનો તારણુ હાર ભજો સુભ રીતે;

પ. પ. પડશો નહી મોહ જાળ બની ભયભીતે,
ફ. ફ. ફરી નહી આવે દાવ જાએ છે જેવ; સહુ. ૪
બ. બ. બક્ષ આપશે ખુબ હરી ગુણ ગાસો;
ભ. ભ. ભય સૌ થાશે દુર દુર્મતિ વાસો,
મ. મ. મગત ભક્તિનો ધરી સમીપજો ધાસો;
ય. ય. યાદ કરી પરીબ્રહ્મ મર્મ જો પાસો,
ર. ર. રસ અમૃત એ લહી પીઓ સ્વમેવ; સહુ. ૫
લ. લ. લટકી પડશો લાજ માયને પાશે;
વ. વ. વલવલસો દરૂરોગ નહી છુટાશે,
શ. શ. શાસ્ત્ર તણું કંઇ જ્ઞાન જેવારે થાસે;
સ. સ. સમરે શ્રી અવીન દુખ સૌ જાશે,
હ. હ. હરખથી નારણ કહે ભજો જગદેવ; સહુ. ૬

વાણિઓ—સર્વે પુરવાસી ભાઈઓ આ મારૂં કહેલું તમે ખરા હેતથી સાભળેલું ગ્રહણ કરી તે પ્રમાણે ચાલજો. ને આ મનુષ્ય જન્મ પામ્યાનુ સાર્થક કરજો. ને આપણો ચાલતો આવેલો ગોણી ભક્તીનો રસ્તો પાળી આપણા ઘરમાં જે પ્રભુની સેવા જેવા પ્રકારની તા. નામની હોય. તેનેજ ઇશ્વર જાણી ખરા પ્રેમથી તેમાં પ્રભુનો વાસો સમજી સેવા પુજા અર્ચન દર્શણ વીગરે કરવાં કારણ કે સાકારથી નીરાકાર સમજાઈ છે. ને જગ્ત કર્તા પ્રભુની વીભુતીઓના ગુણ છે તેજ નામના આપણા દેવોની પ્રતીમાં છે જેમકે સીવ એટલે માહેદવનુ નામ શીવ એટલે કલ્યાણ શક્તી એ પણ પ્રભુની વિભુતીના ગુણનું નામ છે અને શક્તી એટલે માતાનુ નામ છે. આ પ્રમાણે તમામ દેવોના નામમાં સમજવું. અને એ સૌ પ્રભુનાજ રૂપ છે. માટે તેનો આદર પુર્વક ભાવ રાખી પુજન કરી વિશ્વંભર ઉપર શ્રદ્ધા રાખી ચાલી તેનું ભજન કરવું નાસ્તિક બુદ્ધિ મનમાં લાવવી નહીં એ વીશે તમને આ ઠુમરી કહુછું તે એક ચિ-તે સાંભળો.

ઠુમરી. પ્રભાત.

તા. કાલેરોમાં ગવાએ છે.

એક ભજો વિશ્વંભર ખાંતે, મુકી દો જગ ભ્રાંતરે ટેક.
જેવી રીતે મછલી ચાહે, જળનો કરવા સંગરે;
ચકોર પક્ષી ચંદ્રને મળવા, મન ધરે ઉમંગરે. એક. ૧
એવી રીતે ઈશ્વર ભજવા, મન વીશે બહુ ચાહોરે;
ફોગટ બીજા વલખાં જાણી, મેળવવા નવ ધાઓ રે. એક. ૨
કો શેવે છે પંચ વદનને, ગણેશ મારતી માતરે;

વીર વૈતાળને જોગણી ભૈરવ, પુંજે ધરીને ખ્યાતરે. એક. ૩
એ સઘળાં છે એક શ્વરૂપે, જેવા નદીના ઘાટરે;
પરમેશ્વર સઘળે છે જાણી, ટાળો મન ઉચાટરે. એક. ૪
સઘળે ઇશ્વર ઘટઘટ વ્યાપીક, જડ અને ચૈતંન્યરે;
જ્યાંહાં જોસો ત્યાં એ સચરાચર જાણે તેને ધન્યરે. એક. ૫
પુરણ બ્રહ્મનો પાર ન પામે, સીવ બ્રહ્મા સુક જોગીરે;
ગ્નાની ધ્યાની તપસી ભુલ્યા, ને સંસારી ભોગીરે. એક. ૬
પ્રભુ ગળવાની વાતો ન્યારી, જાણે કો વીરલો ભક્તરે;
કે એક જાણે વૃજની ગોપી, બીજુ ન જાણે જગતરે. એક. ૭
જેણે રટયા નીજ ભાવ ધરીને, તેના મનોરથ સીધારે;
દુર્જન ફેરી નીઘા થકી જે, લેશ નથી મન ખીધારે. એક. ૮
સર્વે છોડી ઈશ્વર સેવ્યા, તેને તે પદ મળીઉં રે;
જન્મ મરણનું મોટું દુઃખ તે, સરવે તેનું ટળીઉં રે. એક. ૯
તે માટે સૌ હોશે ગાજો, થાજો તે વૈષ્ણવ સર્વેરે;
નારણુ શેવક પ્રભુપદ સેવે, મુકી મનનો ગર્વરે. એક. ૧૦

વાણિઓ—ભાઇઓ આ જગતનો કરતા સત્ય છે. એમ જાણી તેનું હરનીશ ભજન કરવું ને આ જગત મીથ્યા છે. એમ જાણવું માટે મારૂં કહ્યું માનીને આ માયાને છોડી દઇ ઈશ્વરનું સ્મરણ કરવું તે વિશે બીજી ઠુમરી કહુછુ તે સાંભળો.

ઠુમરી કાલેરો તા. પ્રભાતમાં ગવાય છે.

સુણો સંસારી તમે શિક્ષા મારી, ભજો હરી માયા વિસારીરે;
ભાવથી લ્યો સુખ હરીરે ભજનથી, ભવ દુઃખ નાખો વિદારીરે.
સંસાર સુખ છે સ્વપ્નાજેવું, જાશે પલકની માંહીરે;
જેવું મૃગઆ ઝાંઝવું દેખે, નીરમળે નહી ત્યાંહીરે. સુણો. ૧
તે પ્રમાણે જુઠીરે માયા, હાલો છે જગનો ઠાઠ રે;
સમજી એવું હરીરે ભજનની મુડાની બાંધો ગાંઠરે. સુણો. ૨
સ્ત્રી સુત ધનદારા તે આદે, જાણજો કર્મનાં બંધરે;
એમાથી તારૂં કોઈ છે નહીં, રખે થતા મતી અંધરે. સુણો. ૩
પુર્વ જન્મની લેહેણા દેણી, તેથી મળ્યો સૌ સાથરે;
વૈતર્ણીમાં અકળાસો ત્યાં, કોઇ ન સાહે હાથરે. સુણો. ૪
એથી દુઃખ છે નર્ક પડયાનું જોન કર્યાં હોય પુન્યરે;
સેવા ધરમને દાન કરો સૌ, રખે થતા મતિ સુન્યરે. સુણો. ૫
એમ કર્યાથી ઈશ્વર રીઝે, સીજે તે આપણું કામરે;

નારણુ કહે સૌ ભાવ ધરી લ્યો, શ્રીહરી કેર નામરે. સુણો. ૬

વાણિઓ—આ સર્વ મંડળને આ, ઉપર કહેલી મારી પ્રાર્થના છે. માટે તમારે સારે રસ્તે ચાલી આ પોતે સાક્ષાત નારાયણની મુર્તી બીરાજેલા છે, તેની છબી નીહાળીને જુઓ, ને તે તમારા રહદયમાં કોતરી લ્યો. ને ભવો ભવ એમનું દર્શણ તમને આવીજ સ્થિતિ માં આવીજ કૃપા કરી આપી તમને આ સંસારમાંથી મુક્ત કરે એવું નમસ્કાર કરીમાગીલ્યો. આવો સમય કોટી કલ્પે પણ કોઇને મળવાનો નથી. એમ કહી વાણિઓ પ્રભુને સાષ્ટાંગ નમસ્કાર કરી બેસી જાએ છે.

સર્વ નગ્રની પ્રજા પરમાત્માનું મનસા વાચા ને કર્મણાએ કરીને પુજન કરી ભેટે છે. પ્રભુ સૌને અક્ષય સુખ આપે છે. એ રીતે આખા નગ્રને ઉદ્ધાર પમાડી અંતરધ્યાન થયા.

સર્વ સદગ્રહસ્થો તથા શ્રોતાજન તથા વાચનારા પુરૂષોને મારી વીનંતી છે કે આ ગ્રંથ મારી અલ્પમતીથી યથા શક્તિથી રચ્યો છે અને તેમાં તથા લખવામાં હસ્તદોશ વીગરે જે ભુલચુક માલમ પડે તે સુજ્ઞ પુરૂષોએ સુધારીને વાંચવાની તસ્દી લેવી. એવી મારી નમૃતા પૂર્વક પ્રાર્થના છે આ ગ્રંથનો મુળ હેતુ ઈશ્વરની ભક્તિ એકચીતે શ્રદ્ધા પૂર્વક કરવાનો નીયમ રાખવો ને તે પ્રાણવાયુ રહે ત્યાં સુધી પાળવો એવો છે. ને ગમે તેવી આફત દુનિઆદારીની આપણા પર ગુજરે તો પણ મનમાં નિશ્ચય કરેલો સારો રસ્તો તથા ભજન જે પુરૂષ છોડતા નથી તેનો મનસુબો આ ગ્રંથમાં લખેલા દ્રષ્ટાંતના વાણિઆની પેઠેપાર પડે છે. એવું મનમાં નક્કી થવા વાસ્તે આ દ્રષ્ટાંત મુક્યું છે. કારણ કે દ્રષ્ટાંત વિના સીધાંત થતુ નથી. એમ જાણી આ ગ્રંથ કર્યો છે.

આ ગ્રંથકર્તાનું ઇશ્વર પાસે માગવું.

કવીત.
મનહરછંદ.

હરનીશ ગુણગાવા ટમટમી રહ્યો છું
રીઝ કરો પ્રભુ જીતો, રાખુ મારો ટેક રે. ૧
જગતના અધીપતી, મજસામુ રાખો રેહેમ;
નકીતારો દાસછુ હું, ભજુતને એકરે. ૨
નામ તારૂં મુકુ નહી, ટપ્પો વાંગે જગતનો;
રસનાથી ગુણ ગાઊં, મેલી લાજ છે કરે. ૩
નગણું સંસારને આ વાસની મ્હારીને મારૂં;
સંધી વાને સાધ્યાહોતો, ડોલું નહી ને કરે. ૪
કરગરી માગેદાસ, આપ થઇ પુરો આશ;
રહું જેથી ચરણમે, મન પ્હોચે હામરે. ૫
મુકસો નમને નાથ, નથી સ્હાયો કોનો હાથ;
ગતી કરી તારો મને, છેજી સેહેલું કામરે. ૬

સમાપ્ત

સુદ્ધીપત્ર

પ્રષ્ઠ	લીટી	અસુદ્ધ	સુદ્ધ
૪	૧૯	તરા	તારા
॥	૨૬	અ	આ
૬	૬	અભયપટ	અભયપદ
॥	૨	આત્મ	આત્માં
૯	૨	મુરખતુ	મુરખતું સમજીલે
૧૧	૭	અમાયા	આમાયા
૧૧	૯	બતવી	બતાવી
૧૧	૧૩	પણુ	પણ
૧૧	૧૮	હે	હો
૧૨	૮	અતે	અંતે
૧૮	૨૨	ઈજર	ઈશ્વર
૨૭	૨	અકે	એકે
॥	૩	બતોવુ	બતાવું
૬૨	૬	પ્રધુ	પ્રભુ

પ્રસિધ્ધ કર્તાની વીનતિ

દુહો.

એશી દાનત હરામપે, એશી હરપે હોય;
ચલા જાય વંકુંઠમે પલા ન પકડે કોય,

દ્રષ્ટાંત પદ

રાગ બારમાશી.

ભજ મન તુલશી રામ ભજોરી, રામ ભજો ભગવાન ભજોરે.
શાંજ પડે દીન ગયોરે બોચનમે, તુલશી શોચ કીયોરે;
જોવન બાગન બેલ ખીરકનમે; લે સોટા સુસવાટ ગયોરે ભજ
આગે નદીઆં પરમ જલભારી, મુડદા જાત બહ્યોરે;
ઓ મુડદેકું પકડકે તુલશી, બહે બહે ઓતો પાર લહ્યોરે. ભજ
આસ પાશ મોહોલન ફીરઆવે, દરવાજો ન મીલોરે;
એક ખીડકીમે શરપજો લપના, વાશ પકડ તુલશી મેહેલ ચઢયોરે. ભજ
એશો હેત પીઆ હમશે કીનો, પ્રભુશે કયું નકીયોરે;
ચલે જાત વૈકુંઠ ધામમે, જહાં પ્રભુકો દરબાર લહ્યોરે. ભજ
તું જો ત્રીઆ મોરી ધરગકી માતા, તુને મોયે બોધ દીઓરે;
તુલશી દાશ ભજે ભગવાના, અબ ત્રીઆ તોરે સેજ નચ્યુરે. ભજ

ઉપરનું પદ શમજી ઊંડા ઉતરી વાચવાથી ખાત્રી થશે માટે મનુષ્ય માત્ર એપ્રમાણે વર્તનો કોઈક કાલે જરુ મોક્ષ પદ મલે'